
Friday, 14 November 2025
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦




કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૨ ● અંકઃ ૨૮૬ ● સંવત-૨૦૮૨ કારતક વદ દશમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

### ભારતના લોખંડી પુરૂષ અને અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણીના ઉપલક્ષમાં

# ‘મેરા યુવા ભારત’ સંસ્થાના સહયોગથી એન.એસ.એસ. દ્વારા દાનહમાં ‘સરદાર@૧૫૦ યુનિટી માર્ચ’નું આયોજન

**૧૮મી નવેમ્બર,૨૦૨૫ના મંગળવારે ખાનવેલમાં અને ૨૦મી નવેમ્બર, ૨૦૨૫ના ગુરૂવારે સેલવાસમાં ‘સરદાર@૧૫૦ યુનિટી માર્ચ’ યોજાશેઃ સાંસદ કલાબેન ડેલકર રાષ્ટ્રીય ધ્વજ ફરકાવશે અને ‘સરદાર@૧૫૦ યુનિટી માર્ચ’નું નેતૃત્વ કરશે**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૩**

‘મેરા યુવા ભારત’ સંસ્થાના સહયોગથી રાષ્ટ્રીય સેવા યોજના(એન.એસ.એસ.) દાદરા નગર હવેલી દ્વારા ભારતના લોખંડી પુરૂષ અને અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણીના ઉપલક્ષમાં આગામી તા.૧૮મી નવેમ્બર,૨૦૨૫ના મંગળવારના રોજ ખાનવેલમાં અને ૨૦મી નવેમ્બર, ૨૦૨૫ના ગુરૂવારે સેલવાસમાં ‘સરદાર@૧૫૦ યુનિટી માર્ચ’ આયોજન કરવામાં આવ્યું છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે યુવા કાર્યક્રમ અને રમત-ગમત મંત્રાલય ભારત સરકારની રાષ્ટ્રીય પહેલ હેઠળ યુવાઓમાં રાષ્ટ્રીય એક્તા, દેશભક્તિ અને જન ભાગીદારીની ભાવનાને મજબૂત કરવાના ઉદ્દેશ્યથી દાદરા નગર હવેલીના સેલવાસ અને ખાનવેલ ખાતે ‘મેરા યુવા ભારત’ના સહયોગથી એન.એસ.એસ. દ્વારા ‘સરદાર@૧૫૦ યુનિટી માર્ચ’નું ભવ્ય આયોજન કરવામાં આવશે. એન.એસ.એસ. દાનહના જિલ્લા યુવા અધિકારી સુશ્રી મનસાના જણાવ્યા પ્રમાણે કાર્યક્રમમાં દાનહના સાંસદ શ્રીમતી કલાબેન ડેલકર રાષ્ટ્રીય ધ્વજ ફરકાવશે અને ‘સરદાર@૧૫૦ યુનિટી માર્ચ’નું નેતૃત્વ કરશે. જેમાં યુવાઓ, એન.એસ.એસ.ના સ્વયંસેવકો, મેરા યુવા ભારતના વોલેન્ટીયર્સ, વિદ્યાર્થીઓ અને નાગરિકો મોટી સંખ્યામાં ભાગ લેશે. આ પહેલ લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતિને સમર્પિત છે, જેઓએ દેશને એકીકરણ અને એક ભારત, શ્રેષ્ઠ ભારતના નિર્માણના માર્ગને પ્રશસ્ત કર્યો છે. યુનિટી માર્ચનો ઉદ્દેશ્ય યુવાઓને રાષ્ટ્ર નિર્માણની દિશામાં પ્રેરિત કરવા અને સરદાર પટેલની એકતાની ભાવનાને આગળ વધારવાનો છે.

સુશ્રી મનસાએ વધુમાં જણાવ્યું હતું કે, આ અભિયાન અંતર્ગત સમગ્ર દેશમાં જિલ્લા સ્તરીય પદયાત્રાઓ ૩૧મી ઓક્ટોબરથી ૨૫મી નવેમ્બર સુધી યોજાઈ રહી છે. રાષ્ટ્રીય પદયાત્રા ૨૬મી નવેમ્બરથી ૦૬ ડીસેમ્બર સુધી કરમસદથી સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધી કાઢવામાં આવશે. જેમાં નોંધણી અને જાણકારી માટે ‘માય ભારત પોર્ટલ’ ઉપર ઉપલબ્ધ કરાવેલ છે. આ ઐતિહાસિક યુનિટી માર્ચમાં સામેલ થઈ એકતા અને જવાબદારીના સંદેશને આખા દેશમાં પહોંચાડવા માટે દાનહના દરેક યુવાઓને અપીલ કરવામાં આવે છે.

અત્રે યાદ રહે કે, ‘મેરા યુવા ભારત’ એ ભારત સરકારના યુવા બાબતો અને રમત-ગમત મંત્રાલય દ્વારા સ્થાપિત એક સ્વાયત્ત સંસ્થા છે, જે ભારતના યુવાનોને સેવા આપે છે અને યુવાનોના વિકાસ અને યુવાનોની આગેવાની હેઠળના વિકાસ માટે ટેક્નોલોજી દ્વારા સંચાલિત એક વ્યાપક સક્ષમ તંત્ર તરીકે સેવા આપે છે, જે તેમને તકોની સમાન પહોંચ પૂરી પાડે છે. આમ, યુવાનોને તેમની આકાંક્ષાઓને સાકાર કરવા અને ઈ.સ. ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના વિઝનમાં યોગદાન આપવા સક્ષમ બનાવે છે.

## દમણ જિલ્લા કોર્ટ દ્વારા કાનૂની સેવા સપ્તાહ દરમિયાન જાગૃતિ અભિયાન હાથ ધરાયું



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**દમણ, તા.૧૩ઃ** દમણ કોર્ટના કર્મચારીઓએ કાનૂની સેવા સપ્તાહના ભાગ રૂપે નાગરિકોને કાનૂની સેવાઓ વિશે શિક્ષિત કરવા માટે ઘરે ઘરે જઈને શિક્ષિત કર્યા હતા.

પ્રાપ્ત માહિતી પ્રમાણે, દમણ કોર્ટના કર્મચારીઓએ કાનૂની સેવા સપ્તાહ દરમિયાન નાગરિકોને તેમના અધિકારો અને ફરજો વિશે શિક્ષિત કરવા માટે પેમ્ફલેટનું વિતરણ કર્યું હતું. તેઓએ કાયદા અને સરકારી યોજનાઓનો લાભ કેવી રીતે મેળવવો તે વિશે પણ માહિતી આપી. જાગૃતિ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો હતો કે કોઈ પણ નાગરિક આર્થિક કે સામાજિક કારણોસર ન્યાયથી વંચિત ન રહે અને દરેકને ન્યાયની સમાન પહોંચ મળે.

### દમણના સાંઝપારડી ખાતે ચાલી રહેલ શિવશક્તિ વિશ્વ કલ્યાણ મહાયજ્ઞમાં

# ગુરૂવારે કથાકાર મહામંડલેશ્વર હેમલતા સખીએ શિવ-પાર્વતી વિવાહની કથાનું કરેલું વર્ણન






**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૧૩**

સંઘપ્રદેશના ઈતિહાસમાં પ્રથમ વખત વિશ્વના બીજા ટ્રાન્સજેન્ડર કથાકાર મહામંડલેશ્વર હેમલતા સખીના સાનિધ્યમાં નાની દમણના મરવડ સાંઝપારડી ખાતે યોજાઈ રહેલા આઠ દિવસીય શિવ શકિત વિશ્વ કલ્યાણ મહાયજ્ઞમાં, આજે ગુરુવારે શિવ અને પાર્વતીના વિવાહની કથા મહામંડલેશ્વર હેમલતા સખીએ વર્ણવી હતી.

- (વધુ પાના નં.૭ પર)






## સુવિચાર - સદ્વિચાર

તમારા જીવનમાં જે થઈ રહ્યું છે તે સ્વીકાર કરો.

## કવિતા-ભજન-પદ-ગરબા

### ઉપમા હું નહીં આપું

તિમિરમય રાતને કાજળની ઉપમા હું નહીં આપું,
જીવનના શૂળને બાવળની ઉપમા હું નહીં આપું.
હૃદય-જંગલ મહીં નિશ્ચય ભયંકર આગ લાગી છે,
છે ઠંડી આગ, દાવાનળની ઉપમા હું નહીં આપું.
છે મારાં અશ્રુમાં સૌરભ ભળી કોઈનાં સ્મરણોની,
શું કેશે લોક જો શતદલની ઉપમા હું નહીં આપું?
કોઈના રૂપનાં ઓજસ કોઈથી ક્યારે સમજાશે?
યદિ આ પુષ્પ ને ઝાકળની ઉપમા હું નહીં આપું!
રૂપક સુંદર છે કિન્તુ એમની ફોરમનું શું થાશે?
મારા કેશને વાદળની ઉપમા હું નહીં આપું.
યદિ સૌંદર્ય તારું સાંપડી જાયે મને, 'પ્રીતમ!
જીવનને ઝાંઝવાંનાં જળની ઉપમા હું નહીં આપું.

- તૌફિક 'પ્રિતમ'

## આજની જોક

પતિ(પત્નીને) : તું બધી વાતમાં મારૂ મારું શું કામ બોલે છે. આપણે જોડે છીએ. આ બધું આપણું જ છે. 'આપણું' બોલ
પતિઃ કબાટમાં શું શોધે છે?
પત્નિઃ આપણો ચણીયો.

## કબીર વાણી


**રામ નામકી લૂટ હય, લૂટ શકે તો લૂટ,**
**પિછેકો પસ્તાયગો, જબ તન જાયગો છુટ.**

**- અર્થાત-**

ઈશ્વરનાં નામની લૂટ લાગી છે, તારાથી લૂટાય એટલું લૂટ, નહિ તો પછી જ્યારે મરણ આવશે ત્યારે તને પસ્તાવો થશે, કે તારાથી કાંઈજ બન્યું નહિ.

## આજનો દિન વિશેષ

### જવાહરલાલ નેહરુ




જવાહરલાલ નેહરુ (૧૪ નવેમ્બર ૧૮૮૯ - ૨૭ મે ૧૯૬૪) સ્વતંત્ર ભારતના પ્રથમ વડા પ્રધાન હતા. તેઓ એક ભારતીય સંસ્થાનવાદ વિરોધી રાષ્ટ્રવાદી, ધર્મનિરપેક્ષ માનવતાવાદી, સામાજિક લોકશાહીવાદી, પ્રશંસનીય લેખક, ઈતિહાસકાર, વકીલ અને રાજકારણી હતા જે ૨૦મી સદીના મધ્યમાં ભારતમાં એક કેન્દ્રીય વ્યક્તિ હતા.

નેહરુ ૧૯૩૦ અને ૧૯૪૦ના દાયકામાં ભારતીય રાષ્ટ્રવાદી ચળવળના મુખ્ય નેતા હતા. ૧૯૪૭ માં ભારતની સ્વતંત્રતા પછી, તેમણે સોળ વર્ષ સુધી દેશના પ્રથમ વડાપ્રધાન તરીકે સેવા આપી. નેહરુએ ૧૯૫૦ના દાયકા દરમિયાન સંસદીય લોકશાહી, ધર્મનિરપેક્ષતા અને વિજ્ઞાન અને ટેક્નોલોજીને પ્રોત્સાહન આપ્યું, આધુનિક રાષ્ટ્ર તરીકે ભારતના ચાપને શક્તિશાળી રીતે પ્રભાવિત કર્યો. આંતરરાષ્ટ્રીય બાબતોમાં, તેમણે ભારતને શીત યુદ્ધના બે જૂથોથી દૂર રાખ્યું. એક પ્રતિષ્ઠિત લેખક, તેમણે લેટર્સ ફ્રોમ અ ફાધર ટુ હિઝ ડોટર (૧૯૨૯), એન ઓટોબાયોગ્રાફી (૧૯૩૬) અને ધ ડિસ્કવરી ઓફ ઈન્ડિયા (૧૯૪૬) જેવા પુસ્તકો લખ્યા, જે વિશ્વભરમાં વાંચવામાં આવ્યા છે.

એક પ્રખ્યાત વકીલ અને ભારતીય રાષ્ટ્રવાદી મોતીલાલ નેહરુના પુત્ર, જવાહરલાલ નેહરુએ ઈંગ્લેન્ડમાં શિક્ષણ મેળવ્યું હતું. હેરો સ્કૂલ અને ટ્રિનિટી કોલેજ, કેમ્બ્રિજમાં, અને ઈનર ટેમ્પલમાં કાયદાની તાલીમ લીધી હતી. તેઓ બેરિસ્ટર બન્યા, ભારત પાછા ફર્યા, અલ્હાબાદ હાઈકોર્ટમાં પ્રવેશ મેળવ્યો અને ધીમે ધીમે રાષ્ટ્રીય રાજકારણમાં રસ લેવા લાગ્યા, જે આખરે પૂર્ણ-સમયનો વ્યવસાય બની ગયો. તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસમાં જોડાયા, ૧૯૨૦ના દાયકા દરમિયાન પ્રગતિશીલ જૂથના નેતા બન્યા, અને અંતે કોંગ્રેસના, મહાત્મા ગાંધીનો ટેકો મેળવ્યો, જેમણે નેહરુને તેમના રાજકીય વારસદાર તરીકે નિયુક્ત કર્યા. ૧૯૨૯માં કોંગ્રેસના પ્રમુખ તરીકે, નેહરુએ બ્રિટિશ રાજથી સંપૂર્ણ સ્વતંત્રતા માટે હાકલ કરી.

૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ ભારતની સ્વતંત્રતા પછી, નેહરુએ ટ્રાયસ્ટ વિથ ડેસ્ટિની નામનું વિવેચકોનું વખાણ કરતું ભાષણ આપ્યું; તેમણે ભારતના વડા પ્રધાન તરીકે શપથ લીધા અને દિલ્હીના લાલ કિલ્લા પર ભારતીય ધ્વજ ફરકાવ્યો. ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ, જ્યારે ભારત રાષ્ટ્રમંડળમાં એક પ્રજાસત્તાક બન્યું, ત્યારે નેહરુ ભારતના પ્રજાસત્તાકના પ્રથમ વડા પ્રધાન બન્યા. તેમણે મહત્વાકાંક્ષી આર્થિક, સામાજિક અને રાજકીય સુધારા કાર્યક્રમ શરૂ કર્યો. નેહરુએ બહુલવાદી બહુપક્ષીય લોકશાહીને પ્રોત્સાહન આપ્યું. વિદેશી બાબતોમાં, તેમણે બિન-જોડાણવાદી ચળવળની સ્થાપનાનું નેતૃત્વ કર્યું, જે રાષ્ટ્રોનો એક જૂથ છે જે શીત યુદ્ધના બે મુખ્ય વૈચારિક જૂથોમાં સભ્યપદ મેળવવા માંગતા ન હતા. નેહરુના નેતૃત્વ હેઠળ, કોંગ્રેસે રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરના રાજકારણમાં પ્રભુત્વ મેળવ્યું અને ૧૯૫૧, ૧૯૫૭ અને ૧૯૬૨માં ચૂંટણીઓ જીતી. ૧૯૬૪માં હૃદયરોગના હુમલાથી તેમનું કાર્યકાળ દરમિયાન અવસાન થયું તેમના જન્મદિવસને ભારતમાં બાળ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

## પ્રવાસ : દ્વારકા



ભગવાન શ્રીકૃષ્ણની નગરી એટલે કે દ્વારકા પ્રવાસન સ્થળોમાં લોકો માટે પહેલી પસંદ છે. દ્વારકામાં જગત મંદિર, ગોમતી ઘાટ, નાગેશ્વર, શિવરાજપુર બીચ જોવા લાયક સ્થળો છે. અહીંનું જગત મંદિરમાં ભક્તો વિશેષ સંરચના પ્રમાણે સ્વર્ગદ્વારેથી પ્રવેશ કરે છે. અને મોક્ષ દ્વારેથી મંદિરની બહાર નીકળે છે. દ્વારકાથી ૩૦ કિલોમીટર નજીક બેટદ્વારકા આવેલું છે. વૈષ્ણવ સંપ્રદાય માટે દ્વારકા ખૂબ મહત્વનું સ્થાન ધરાવે છે. દ્વારકાથી ફેરીબોટમાં બેસીને જળમાર્ગે બેટ દ્વારકા જઈ શકાય. મહાપ્રભુજીની બેઠક તથા શ્રી કૃષ્ણ ભગવાનની પટરાણીઓના મંદિરો પણ આવેલા છે. દ્વારકામાં આદ્ય શંકરાચાર્યે શારદાપીઠની સ્થાપના કરી અને પોતાના શિષ્ય સુરેશ્વરાચાર્યને પીઠાધીશ્વર સ્વરૂપે અધિષ્ઠિત કર્યા છે.

## મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા ફૂડ ફેસ્ટિવલ ૨૦૨૫નું ઉદ્ઘાટન કરવામાં આવ્યુ

# અમદાવાદમાં ઈન્ટરનેશનલ ફૂડ ફેસ્ટિવલનો પ્રારંભ

### ગ્રાઉન્ડમાં નિઃશુલ્ક પાર્કિંગ સુવિધા પણ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવી છે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**અમદાવાદ, તા.૧૩**

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે આજથી ભવ્ય ઈન્ટરનેશનલ ફૂડ ફેસ્ટિવલ 'ફૂડ ફોર થોટ ફેસ્ટ ૨૦૨૫'ની શરૂઆત થઈ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને સંયૂક્ત રીતે ઉદ્ઘાટન કર્યું.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા ફૂડ ફેસ્ટિવલ ૨૦૨૫નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે, અને રિવરફ્રન્ટ ખાતે આંતર- રાષ્ટ્રીય બુક ફેસ્ટિવલનું આયોજન પણ કરવામાં આવ્યું છે, CM ભૂપેન્દ્ર પટેલના હસ્તે બુકફેર ખુલ્લો મૂકાયો છે અને કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન હાજર રહ્યાં છે, ૨૩ નવેમ્બર સુધી બુક ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે.

અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે ચાર દિવસ ફૂડ ફેસ્ટિવલ ચાલશે અને રૂપિયા ચૂકવીને તેમાં પ્રવેશ મેળવી શકાશે તેવી વાત સામે આવી છે, ખાવા-પીવાના અલગ-અલગ સ્ટોલ પણ મૂકવામાં આવ્યા છે જેમાં ક્યુઆર સ્કોડ મારફતે પેમેન્ટ કરીને જમી શકાશે તેમજ ઓનલાઈન વેબસાઈટ બુક માય શો ઉપર ટિકિટ બુકિંગ કરાવી શકાશે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ફૂડ ફેસ્ટિવલના મેનુ અને પ્રોગ્રામની માહિતી માટે ઊઇ કોર્ડ જાહેર કર્યો છે જે સ્કેન કરવાથી ફૂડનું મેનુ અને ભાવ મળી રહશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા પુરી જગન્નાથ મંદિરનો પ્રસાદ ગ્રહણ કર્યો હતો. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સાથે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્રપ્રધાન અને નિયરસહિતના મહાનુભાવો દ્વારા પણ પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શાળાઓ અને કોલેજોના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને પ્રિન્સિપાલને આ ૧૧-દિવસીય જ્ઞાનના મહાકુંભમાં જોડાવવા માટે ખાસ આહ્વાન કરવામાં આવ્યું છે. એક લાખથી વધુ સ્ક્વેર ફીટ વિસ્તારમાં' અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ-૨૦૨૫'નું આયોજન થયું છે. આ ૧૧ દિવસ સુધી ચાલનારા

અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ - ૨૦૨૫'મા ૩૦૦થી વધુ ઈવેન્ટ્સ અને દરેક યુવા માટે એક મુખ્ય સ્ટેજ તૈયાર છે. આ ઉપરાત પ્રવેશ સંપૂર્ણ નિઃશુલ્ક છે અને કાર્યક્રમ સ્થળની પાસે આવેલા ગ્રાઉન્ડમાં નિઃશુલ્ક પાર્કિંગ સુવિધા પણ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

પરંતુ ગુજરાતનો સૌથી મોટો ક્લાસરૂમ છે, જ્યાં કોઈ દીવાલો નથી. ધોરણ ૧ થી ૧૨ અને કોલેજના વિદ્યાર્થીઓ નિઃશુલ્ક નોંધણી કરાવીને આ ફેસ્ટિવલને તેમની વાર્ષિક શૈક્ષણિક યાત્રા





બનાવી શકે છે.આ બુક ફેસ્ટિવલમાં વિદ્યાર્થીઓ માટે ઝોન-વાઈઝ તકો ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ઝોન ૧ – ચિલ્ડ્રન્સ કોર્નર (NCCL પેવેલિયન), જેમાં સવારના સ્લોટ્સ (સવારે ૯ થી ૧૨.૩૦) શાળા જૂથો માટે ખાસ તૈયાર કરાયેલા છે, જેમાં સ્ટોરી ટેલિંગ, પપેટ થિયેટર, મંડલા આર્ટ, બેસ્ટ-આઉટ-ઓફ-વેસ્ટ અને ડાન્સ-ડ્રામા જેવા કાર્યક્રમોનો સમાવેશ થાય છે.

ઝોન ૨ – જ્ઞાન ગંગા, જેમા રોજિંદા લેખન અને ડિઝાઈન સ્ટુડિયો (સવારે ૧૦ થી સાંજે ૫) ગઝલ, કવિતા, ડ્રામા, ફિલ્મ-સ્ક્રિપ્ટ, નિબંધ, બાયોગ્રાફી વર્કશોપ્સ, હેન્ડ્સ - ઓન પ્રવૃત્તિઓ જેમ કે ફેબ્રિક પપેટ, ઝાઈન મેકિંગ, ટેરાકોટા હોર્સ, માતા-ની-પચ્છેડી, ઓઈલ પેઈન્ટિંગ, મેટલ એમ્બોસિંગનો સમાવેશ થાય છે. જ્યારે ઝોન ૩ સ્કૂલ બોર્ડ શતાબ્દી મહોત્સવ પેવેલિયનમાં ઈન્ટરસ્કૂલ મેગા કોન્ટેસ્ટના સિટી લેવલના ફાઈનલ રાઉન્ડ (રોજ સવારે ૧૦ થી સાંજે ૭:૩૦) યોજાશે.

મુખ્ય આકર્ષણો અને ઈન્ટર-સ્કૂલ મેગા કોન્ટેસ્ટ્સની વાત કરીએ તો, ૧૩ અને ૧૪ નવેમ્બર ક્વિઝ, ૧૫ નવેમ્બર વાર્તાકથન , ૧૬ નવેમ્બર ફેન્સી ડ્રેસ, ૧૭ નવેમ્બર કિડ્સ પેનલ ડિસ્કશન, ૧૮ નવેમ્બર ઈન્ટર-સ્કૂલ કોન્ટેસ્ટ, ૧૯ નવેમ્બર ઈમ્પ્રમ્પ્ટુ સ્પીચ, ૨૦ નવેમ્બર બુક રીડિંગ કોન્ટેસ્ટ તેમજ ૨૧ નવેમ્બર મસ્તી કી પાઠશાલા મુખ્ય આકર્ષણો રહેશે.આ ઉપરાંત વિજેતાઓને ઈનામો અને ટ્રોફી એનાયત કરવામાં આવશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને નેશનલ બુક ટ્રસ્ટ ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ ફેસ્ટિવલમાં નિઃશુલ્ક ચિલ્ડ્રન્સ ફિલ્મ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં રોજ સાંજે ૫.૩૦ થી ૭.૩૦ દરમિયાન અંદાજિત ૪ થી ૭ આંતરરાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા ફિલ્મોનું પ્રદર્શન થશે.

અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ ૨૦૨૫ દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેના દરરોજ સાંજે ૫.૩૦ વાગ્યાથી સાંસ્કૃતિક કાર્યક્રમોનો મહાકુંભનો પ્રારંભ થશે. કિર્તીદાન ગઢવીનું લોક ઓર્કેસ્ટ્રા, અંકિત ત્રિવેદી સાથે ગુજરાતી કાવ્ય-સંગીત, સંદીપ ક્રિશ્ચિયન ઓર્કેસ્ટ્રા સાથે હિન્દી ફિલ્મ ગીતો પર કાવ્યાત્મક સંગીત પ્રદર્શન, કવિઓ સાથે ગ્રાન્ડ મુશાયરો, તેમજ લેફ્ટનન્ટ જનરલ (નિવૃત્ત) કેજેએસ ઢીલોન અને આઈપીએસ (નિવૃત્ત) કે વિજયકુમાર સાથે શૌર્ય સંવાદ થશે. આ ઉપરાંત કોલેજના વિદ્યાર્થીઓને જાણીતા આચાર્ય પ્રશાંત, ગુરચરણ દાસ, નિતિન સેઠી, કુલપ્રીત યાદવ જેવા મહાનુભાવોને મળવાનો અવસર મળશે.એઆઈ, ક્રાઇમ જર્નાલિઝમ, ગાંધી-મંડેલા લેગસી પર લાઈવ સેશન યોજાશે. આ ઉપરાંત પ્રકાશકો સાથે સ્થળ પર જ ઈન્ટર્નશિપ અને કન્ટેન્ટ-રાઈટિંગની તકો મળશે.

**આ કાર્યકમમાં કેવી રીતે જોડાવવા માટે**

૦૧-તમારી સમગ્ર શાળા/ કોલેજ માટે એક જ Google ફોર્મ ભરો. ૦૨-તમારી અનુકૂળ તારીખ અને ઝોન પસંદ કરો. ૦૩-કન્ફર્મ થયેલ બસ-પાર્કિંગ સ્લોટ અને શિક્ષક પાસ રિટર્ન મેઈલ દ્વારા મેળવો. ૦૪-યુનિફોર્મમાં આવેલા વિદ્યાર્થીઓ અને સાથ આપતા શિક્ષકો (૧.૧૫ના રેશિયોમાં) માટે પ્રવેશ નિઃશુલ્ક છે.કૃપા કરીને આઈડી કાર્ડ સાથે રાખો.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં વાંચન અને સાહિત્યના સુયોગ્ય પ્રસાર થકી આવનારી પેઢી બૌદ્ધિક રીતે સક્ષમ બને અને સશક્ત સમાજનું નિર્માણ થાય તેવા ઉમદા ઉદ્દેશ સાથે રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યમાં 'વાંચે ગુજરાત' અભિયાનની શરૂઆત કરાવી હતી. જે અંતર્ગત અમદાવાદ મ્યુનિસપિલ કોર્પોરેશન દ્વારા પ્રતિ વર્ષ 'અમદાવાદ નેશનલ બુક ફેર' નામથી રાષ્ટ્રીય પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવે છે,જેને વર્ષ -૨૦૨૪થી ' અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ' નામકરણ કરાયું છે.

## ૧૫ નવેમ્બરે પીએમ મોદી ગુજરાતની મુલાકાતે

# પીએમ મોદી દેવ મોગરા ધામની મુલાકાત લેશે

### આ વર્ષે આદિજાતિ સમાજના જનનાયક ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતીની ભવ્ય ઉજવણી થઈ રહી છે





**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નર્મદા, તા.૧૩**

સાતપુડાની ગિરિમાળામાં આવેલા પ્રખ્યાત યાહા મોગી માતા દેવમોગરા ધામના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દર્શન કરશે. દેવમોગરા ધામ ખાતે આદિજાતિ સમાજના કુળદેવી પાંડોરી માતા બિરાજમાન છે.

નર્મદા જિલ્લાનો સૌથી મોટો મેળો કણી-કંસરી અહીં યોજાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૫ નવેમ્બરે નર્મદા જિલ્લામાં જનજાતિય ગૌરવ દિવસની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણીમાં સામેલ થશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી આ વર્ષે ગુજરાત સહિત દેશભરમાં આદિજાતિ સમાજના જનનાયક ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતીની ભવ્ય ઉજવણી થઈ રહી છે. આદિજાતિ સમુદાયના પરાક્રમ, બલિદાન અને સાંસ્કૃતિક વારસાને જન-જન સુધી પહોંચાડવા માટે વડાપ્રધાને ૧૫ નવેમ્બરને 'જનજાતીય ગૌરવ દિવસ' તરીકે ઉજવવાનો નિર્ણય કર્યો હતો. આ વર્ષે જનજાતીય ગૌરવ દિવસની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી વડાપ્રધાનની અધ્યક્ષતામાં ગુજરાત રાજ્યના નર્મદા જિલ્લાના ડેડિયાપાડા ખાતે થશે. નર્મદા જિલ્લાની મુલાકાત દરમ્યાન વડાપ્રધાનશ્રી પ્રસિદ્ધ યાહા મોગી દેવમોગરા ધામ ખાતે માતાજીના દર્શન કરશે. સાતપુડાની ગિરિમાળામાં આવેલું પ્રાકૃતિક સૌંદર્ય વચ્ચે મનમોહક આ ધામ આદિજાતિ સમાજના લોકોની આસ્થા શ્રદ્ધાનું કેન્દ્ર છે, જેનો મહિમા અનેરો છે. સાતપુડાની ગિરિમાળાની વચ્ચે આવેલું પૌરાણિક મંદિર દેવમોગરા ધામ-નેપાળના પશુપતિનાથ જેવું બહારથી દેખાય છે. નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના દેવમોગરા ખાતે આદિજાતિઓના કુળદેવી પાંડોરી માતા (યાહમોગી)નું મંદિર આવેલું છે.

સાતપુડાની ગીરીકંદરાઓમાં પ્રકૃતિના ખોળે વસેલા આ ધામમાં સ્વયંભૂ યાહા પાંડોરી દેવમોગરા માતા આદિ-અનાદિ કાળથી સ્વયં કણી-કંસરી બિરાજમાન છે. અહીં ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને રાજસ્થાનનાં આદિજાતિ સમુદાયના લોકો યાહામોગી પાંડોરીની કુળદેવી તરીકે અપાર શ્રદ્ધા-આસ્થા અને ભક્તિ સાથે પૂજા અર્ચના કરે છે. આ પવિત્ર હેલાદાબની આદિ-અનાદિ કાળથી ખૂબ અનેરો મહિમા રહ્યો છે.

## સુરત RFO સોનલ સોલંકી પર ફાયરિંગ કેસ

# પતિને પકડવા પોલીસે ૧૦૦૦થી વધુ CCTV ફુટેજ તપાસ્યા

### સુરત RFO સોનલ સોલંકી પર ફાયરિંગ કેસમાં પતિ નિકુંજ ગોસ્વામીની ધરપકડ કરી સુરત કોર્ટમાં રજૂ કરાયો

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત, તા.૧૩**

સુરત શહેરના RFO સોનલ સોલંકી પર ફાયરીંગ કેસના આરોપીને ઝડપવા માટે જોખાથી નાસિક અને સુરતથી સાપુતારા સુધીના ૧૦૦૦ CCTV ચેક કર્યા હતા. પોલીસથી બચવા બંને આરોપીઓ ૨૫૦૦ કિમી સુધી ભાગ્યા હતા. જોકે, આ ઘટનામાં ઈજાગ્રસ્ત RFO સોનસ સોલંકી હજી પણ જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે

સુરત શહેર વન ભવન ખાતે ફરજ બજાવતા RFO સોનલ સોલંકી પોતાના બાળકને કારમાં લઈને સવારે શાળાએ મૂકવા જઈ રહ્યા હતા, તે દરમિયાન કામરેજ તાલુકાના વાવ જોખા રોડ પર અજાણ્યા ઈસમે કાર ઉભી રખાવી નજીકથી કાન અને નાકના વચ્ચે ગોળી ધરબી દઈ ભાગી ગયો હતો. સ્થળ પર દોડી આવેલા સ્થાનિકોએ લોહી લુહાણ બેભાન અવસ્થામાં સોનલ બેનને કામરેજની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તબિયત નાજુક જણાતા સુરત શહેરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેઓના અલગ અલગ રિપોર્ટ કરાતા ગોળી હોવાનું સામે આવ્યું હતું. જેને પગલે સુરત જિલ્લા પોલીસ દોડતી થઈ ગઈ હતી.

સુરત ગ્રામ્યના એસપી રાજેશ ગઢિયાએ જણાવ્યું કે, પોલીસની તપાસમાં સામે આવ્યું હતું કે સોનલ સોલંકી અને નિકુંજ ગૌસ્વામી વચ્ચે છેલ્લા લાંબા સમયથી કૌટુંબિક વિખવાદ ચાલી રહ્યો છે. એકબીજાએ પોલીસ મથકોમાં ફરિયાદો પણ આપેલી છે. ત્યારે પોલીસે નિકુંજ ગૌસ્વામીનો સંપર્ક કરાતા તેનો સંપર્ક થઈ શક્યો ન હતો અને તે ભૂર્ગભ ઉતર્યો હોવાનું જાણવા મળ્યું હતું. તેમજ સોનલ સોલંકીના પરિવારજનોએ આ ઘટનાને અંજામ નિકુંજ ગૌસ્વામીએ આપ્યો હોવાની શંકા વ્યક્ત કરી હતી. જેથી પોલીસે નિકુંજને ઝડપવા તજવીજ હાથ ધરી હતી.નિકુંજ ગૌસ્વામીને ઝડપવા માટે પોલીસે ૭ જેટલી ટીમો બનાવી હતી અને જોખાથી લઈને નાસિક અને સુરત થી લઈને સાપુતારા સુધીના ૧૦૦૦ થી વધુ સીસીટીવી ફૂટેજ ચેક કર્યા હતા.જેમાં નિકુંજ ગૌસ્વામી રાજ્યની બહાર ભાગ્યો હોવાનું સામે આવ્યું હતું. જોકે પોલીસ પકડી લેશે અને બરોબર ટ્રીટમેન્ટ કરશે તેવા ભયથી નિકુંજ ગૌસ્વામી ઘટનાના ૬ દિવસ બાદ સુરતની કઠોર કોર્ટમાં સરેન્ડર કરવા પહોંચ્યો હતો. જોકે કઠોર કોર્ટ અરજી નકારી કાઢતા કોર્ટ પરિસરની બહાર નીકળતા જ પોલીસે નિકુંજને ઉઠાવી લીધો હતો. જોકે ગણતરીની મિનિટોમાં જ સોપારી લેનાર ઈસમ આવતા પોલીસે તેને પણ ઉચકી લીધો હતો.

શરૂઆતમાં બન્ને આરોપીઓએ પોલીસને ગોળ ગોળ જવાબ આપ્યો હતો. પોલીસે વ્યવસ્થિત સરભરા કરતા બન્નેએ ગુનો કબૂલ કર્યો હતો અને જણાવ્યું હતું કે કૌટુબિક વિખવાદને લઈને નિકુંજ ગૌસ્વામીએ મિત્ર ઈશ્વર પૂરી માગુપીરી ગૌસ્વામીને સોનલની સોપારી આપી હતી અને ફૂલ પ્રૂફ પ્લાન ઘડી દીધો હતો.

## ૧૧૦૦ જેટલા હિસ્ટ્રીશીટરના ડેટા અપલોડ કરાયા

# સુરત પોલીસે AI કેમેરાનો ઉપયોગ શરૂ કર્યો

### શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં થતી કોઈ પણ શંકાસ્પદ હીલચાલને પોલીસ પકડી પાડશે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત, તા.૧૩**

સુરત પોલીસ દ્વારા શહેરમાં ૧૬૦૦ જેટલા સીસીટીવી કેમેરાનું વિશાળ નેટવર્ક ઉભુ કરવામાં આવ્યુ છે. આ નેટવર્ક મારફતે શહેરમાં થતી તમામ ગતિવિધિઓ પર પોલીસ કંટ્રોલ રૂમમાં નજર રાખવામાં આવી રહી છે. શહેરમા પ્રવેશ અને બહાર નિકળવાના તમામ રસ્તાઓ પર પોલીસનું સઘન ચેકિંગ હાથ

સુરત પોલીસ દ્વારા શહેરમાં ૧૬૦૦ જેટલા સીસીટીવી કેમેરાનું વિશાળ નેટવર્ક ઉભુ કરવામાં આવ્યુ છે. આ નેટવર્ક મારફતે શહેરમાં થતી તમામ ગતિવિધિઓ પર પોલીસ કંટ્રોલ રૂમમાં નજર રાખવામાં આવી



રહી છે. શહેરમા પ્રવેશ અને બહાર નિકળવાના તમામ રસ્તાઓ પર પોલીસનું સઘન ચેકિંગ હાથ ધરાયું છે. શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં થતી કોઈ પણ શંકાસ્પદ હીલચાલને પોલીસ પકડી પાડશે.સુરત શહેરમાં લગાવવામાં આવેલા કેમેરામાં શહેરના ૧૧૦૦ જેટલા હિસ્ટ્રી શીટરોનો ડેટા અપલોડ કરવામાં આવ્યો છે. આ ડેટાના આધારે છૈં કેમેરાનું ઓટોમેટીક નિરીક્ષણ થઈ રહ્યું છે. આ હિસ્ટ્રી શીટરોમાંથી કોઈ પણ જો ગેરરીતિ કરે તો તરત જ છૈં સિસ્ટમ પોલીસને એલર્ટ મોકલી આપે છે. જેથી પોલીસ તાત્કાલિક તેને પકડીને સંભવિત ગુનો કે અનિચ્છનિય ઘટનાને રોકી શકે છે. ટેક્નોલોજી અને મેન્યુઅલ ઈન્ટેલિજન્સનું આ સંકલન સુરત શહેરને આતંકવાદી કે અસામાજિક તત્વોના પ્રયાસોથી સુરક્ષિત રાખવા નિર્ણાયક સાબિત થશે.

## શ્રેષ્ઠ ઔષધો અને તેના ઉપયોગો



તુલસી : મેલેરીયા, વાઈરલ ઈન્ફેક્શન, તાવ, શરદી મટાડે છે.
લીલી ચા : વાઈરલ ઈન્ફેક્શન, શરદીમાં ઉપયોગી નીવડે છે.
અજમો : પેટના દુઃખાવા માટે શ્રેષ્ઠ છે.
ફુદીનો : અગ્નિમાંઘ, પેટનો દુઃખાવો, શરદી, તાવમાં ઉપયોગી છે.
ગળો : જુનો તાવ, એસીડીટી, ગાઉટ, વૃદ્ધાવસ્થામાં સારી છે.
કુવારપાઠુ : દાઝવા પર, સૌંદર્યને લગતા- રોગો, સ્ત્રી રોગોમાં ઉપયોગી છે.
અરડૂસી : શરદી, ખાંસી, દમ, નસ્કોરી ફુટવા સમયે કામ લાગે છે.
હાડસાંકળ : કેલ્શીયમ વધારતું હોવાથી સાંધાના રોગોમાં ઉપયોગી છે.
નગોડ : વા ના રોગોમાં, વાળના રોગોમાં ઉપયોગી છે.
બ્રાહ્મી : યાદશક્તિ વધારવા માટે ઉપયોગી છે.
સાટોડી : મૂત્રરોગોમાં અથવા સોજો થયો હોય ત્યારે કામ લાગે છે.
અશ્વગંધા : વજન વધારવા, ઊંઘ લાવવા માટે ઉપયોગી છે.
ગરમાળો : કબજીયાત અને ચામડીના રોગો મટાડે છે.
આંકડો : શ્વાસના રોગો, વા જેવા રોગોમાં ઉપયોગી નીવડે છે.
લીમડો : ચામડીના રોગો, દાંતના રોગોમાં કામ લાગે છે.
દુધી : ચરબી ઘટાડવા, પિત્તશામક, કોલેસ્ટ્રોલ ઘટાડવા માટે ઉપયોગી થાય છે.
જાસુદ : રક્તસ્ત્રાવ ઘટાડવા, વાળના સૌંદર્ય માટે ઉપયોગી છે.
ભોંયરીંગણી : ખાંસી મટાડવા માટે ઉપયોગમાં લેવાય છે.

**- મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

# વલસાડ જિલ્લામાં ઈલેક્શન કાર્ડ માટેના ૧૯૫૦ હેલ્પ લાઈન નંબર પર દૈનિક કોલની સંખ્યા વધીને ચાર ગણી થઈ

**સામાન્ય દિવસોમાં હેલ્પલાઈન પર ચારથી પાંચ કોલના બદલે હાલમાં દૈનિક ૨૦ થી ૨૫ કોલ આવી રહ્યા છેઃ મતદારો દ્વારા વર્ષ ૨૦૦૨ની મતદાર યાદીમાં નામ કેમ શોધવું, ફોર્મ કેમ ભરવાનું, કેટલા ફોન નંબર રાખી શકાય સહિતના પ્રશ્નો આવી રહ્યા છે**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૩**

મતદારયાદી સુધારણા માટે બી.એલ.ઓ. દ્વારા ફોર્મ આપવાની કામગીરી થઈ રહી છે. આ સ્થિતિમાં નામ ઉમેરવું, કમી કરવું, એડ્રેસ બદલવું, અગાઉ કયા મતદાર હતા, ચૂંટણી કાર્ડમાં સુધારો સહિતના અનેક પ્રશ્નો અંગે ૧૯૫૦ હેલ્પલાઈન નંબર પર દૈનિક કોલ દરમાં પણ વધારો થઈ રહ્યો છે. સામાન્ય દિવસોમાં હેલ્પલાઈન પર ચારથી પાંચ કોલના બદલે હાલ દૈનિક ૨૦ થી ૨૫ કોલ આવી રહ્યા છે.

મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશના પ્રથમ તબક્કામાં બી.એલ.ઓ. દ્વારા ઘરે ઘરે જઈને ભારતના ચૂંટણી પંચ દ્વારા જાહેર કરેલા બારકોડ સાથેના ફોર્મ આપવાની કામગીરી ચાલી રહી છે. ફોર્મ નિહાળતા જ અનેક મતદારો મૂંઝવણ અનુભવી રહ્યા છે. એસ.આઈ.આર. સંદર્ભિત પૂછપરછ અને માહિતી માટે તંત્ર દ્વારા ૧૯૫૦ હેલ્પલાઈન નંબર કાર્યરત છે. જેમાં મતદારો દ્વારા ૨૦૦૨ની મતદારયાદીમાં નામ શોધવા, નામ કમી કરવું, ઉમેરવું, મતદાર યાદીમાં નામ છે કે નહી, એડ્રેસ સુધારવું, નવા મતદારના નામનો ઉમેરો કરવો, ચૂંટણી કાર્ડમાં એડ્રેસ તથા અટક સુધારવી, ઓનલાઈન ફોર્મ ભરી શકાશે, કેટલા મોબાઈલ નંબર ઉમેરી શકાશે તથા કેટલાક કિસ્સાઓમાં તથા સાઈટ ધીમી ચાલતી હોવાની, ફોર્મ સાથે ડોક્યુમેન્ટની ઝેરોક્ષ સાથે આપવાની, બીએલઓ ફોર્મ માટે આવ્યા છે તો ભરીને આપીએ, ફોર્મ ભર્યા બાદ નામ ચકાસણી કરવી હોય તો શું કરવું, સમગ્ર કામગીરી પૂર્ણ થયા બાદ મતદારોએ પૂર્તતા માટે કચેરીએ આવવું પડશે કે કેમ સહિતના અનેક પ્રશ્નો અંગે પૂછપરછ થઈ રહી છે.

તંત્ર દ્વારા ૧૯૫૦ હેલ્પલાઈન નંબર વર્ષ દરમિયાન કાર્યરત રહે છે. તા.૧ નવેમ્બરથી એસ.આઈ.આર. સંદર્ભિત પૂછપરછ માટે હેલ્પલાઈન નંબર પર કોલની સંખ્યામાં પણ ચારથી પાંચ ગણો વધારો થયો છે. સામાન્ય દિવસોમાં કંટ્રોલરૂમમાં દૈનિક ૫ થી ૬ કોલ આવતા હતા જેમાં વધારો થઈને હવે દૈનિક ૨૦ થી ૨૫ કોલ આવી રહ્યા છે. ગ્રામ્ય તથા શહેરી તાલુકા મથકોએથી વધુ કોલ આવી રહ્યા છે. જે પૈકી બીએલઓ નંબર તથા મતદારયાદી સંદર્ભેની પૂછપરછ અંગેની પ્રાથમિક માહિતી ફોન પર જ ચૂંટણી પંચની વેબસાઈટ પરથી ચકાસી પ્રશ્નોનો નિકાલ કરાયો છે. તા. ૧ નવેમ્બરથી તા.૧૨ નવેમ્બર સુધીમાં મતદારયાદી સંદર્ભેના ૬૪ કોલ અંગેની વિગતો મેળવી મતદારોને મૂંઝવતા પ્રશ્નો અંગે સંદર્ભિત વિભાગને જાણ કરવામાં આવી છે. ઉક્ત વિગતો ECI દ્વારા આપવામાં આવતી સૂચનાની ફેરફારને આધીન રહેશે.

## વાપીના છરવાડાથી ૫૫ વર્ષીય સોમનાથ આહિરે ગુમ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૩**

વાપી તાલુકાના છરવાડા ગામમાં ખોડિયારનગર ખાતે મરાઠી સ્કૂલની પાછળ વિલાસ કારલેનું પાટિલ નિવાસ મકાનમાં રહેતા ૫૫ વર્ષીય સોમનાથ દાદાજી આહિરે (મૂળ રહે. ગામ. ખામખેડા, પોસ્ટ. દેવલા, જિ. નાશીક, મહારાષ્ટ્ર) તા.૨૦/૧૦/૨૦૨૫ના રોજ ૧૨/૦૦ વાગ્યા પછી હર કોઈ સમયે ઘરે કોઈને કંઈ પણ કહ્યા વિના ક્યાંક નીકળી ગયા હતા. જેમની શોધખોળ કરવા છતાં કોઈ પત્તો ન લાગતા પરિવારજનોએ ડુંગરા પોલીસ મથકે સોમનાથ આહિરે ગુમ થયાની જાણ કરી હતી. જે શરીરે મધ્યમ બાંધો, ઘઉંવર્ણ અને પાંચ ફૂટ પાંચ ઈંચ ઉંચાઈ ધરાવે છે. જેણે સફેદ કલરનો શર્ટ અને કાળા કલરનું પેન્ટ પહેર્યુ હતું. જે કોઈને પણ તેમની ભાળ મળે તો ડુંગરા પોલીસ મથકે મો.નં.૯૮૭૯૯ ૭૨૬૮૭ પર જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

# પારડી-નાનાપોંઢા રોડ કપરાડા થઇ નાશીક તરફ જતા રોડ પર પેચવર્કની કામગીરી હાથ ધરાઈ





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૩**

વલસાડ જિલ્લાના પારડી તાલુકામાંથી પસાર થતા પારડી-નાનાપોંઢા રોડ કપરાડા થઈ નાશીક જતો રાષ્ટ્રીય ધોરીમાર્ગ અગત્યનો છે. ચોમાસા વરસાદ દરમિયાન આ રસ્તા પર અનેક જગ્યાએ ખાડા પડયા હતા. જે માટે મરામતની કામગીરીના ભાગ રૂપે માર્ગ અને મકાન (રાષ્ટ્રીય ધોરીમાર્ગ) વિભાગ, ભરૂચ દ્વારા ડામરથી ખાડાઓ પૂરવામાં આવતા રાહદારીઓને ઘણી રાહત થઈ છે. જિલ્લાના અન્ય રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર પણ માર્ગ અને મકાન (રાષ્ટ્રીય ધોરીમાર્ગ) વિભાગ, ભરૂચ દ્વારા મરામતની કામગીરી અવિરતપણે ચાલી રહી છે.

# ડાંગના નાનંદપેડામાં ડામર પ્લાન્ટ ક્વોરી જંગલ કે જંગલી પ્રાણીને નુકસાન કરતી હશે તો બંધ કરી દેવાશે : સી.સી.એફ. વલસાડ વર્તુળ સુચિન્દ્રા



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**આહવા, તા.૧૩**

જે ડાંગમાં આદર બાળવા પર પણ પ્રતિબંધ છે ડાંગનાં ખેડૂતો જે જમીન પર ખેતી કરે છે તેનો મુળ માલિક તો વન વિભાગ છે, ડાંગની જમીન ખેતી કરવા પુરતી જ ડાંગનાં ખેડૂતોને આપી છે. ક્વોરી કે ડામર પ્લાન્ટ કયાંથી આવ્યુ છે?

ડાંગ જિલ્લાનાં નાંદનનપેંડા ગામમાં રાજેશ આહિરે નામનાં કોન્ટ્રાક્ટર ડામર પ્લાન્ટ અને ક્વોરી ચાલાવી રહ્યા છે જેની માહિતી મીડિયાને મળતાં પ્રતિનિધિઓને સ્થળની મુલાકાત કરી નાંનદપેડા ગામમાં ગેરકાયદેસર ચાલતાં ડામર પ્લાન્ટ અને ક્વોરી અહેવાલ પ્રસિદ્ધ કર્યો હતો. જે અહેવાલ પ્રસિધ્ધ થયાં બાદ વલસાડ વન વિભાગ વર્તુળનાં સીસીએફ સુચિન્દ્રાએ ડાગ જિલ્લાનાં દક્ષિણ વન વિભાગનાં ઈન્ચાર્જ નાયબ વન સંરક્ષકને તપાસ સોંપી હતી. દક્ષિણ વન વિભાગનાં નાયબ વન સંરક્ષકે પૂર્વ આહવા રેંજનાં ઈન્ચાર્જ રેંજ ફોરેસ્ટ અધિકારી શ્રી ગણેશ ભોયેને તપાસ સોંપી હતી. જેથી રેંજ ફોરેસ્ટ અધિકારી તથા તેમની ટીમે સ્થળની મુલાકાત કરી છે.પરંતુ ડામર પ્લાન્ટ હજુ બંધ કરાવ્યું નથી. સાધનો તથા મુદ્દામાલ જપ્ત કર્યો નથી. ડાંગ જિલ્લાનાં આહવા પશ્ચિમ રેંજનાં રેંજ ફોરેસ્ટ અધિકારી તથા તેમની ટીમ સામે અનેક સવાલો ઊભા થયાં છે

પ્રાકૃતિક જાહેર ડાંગ જિલ્લામાં ડામર પ્લાન્ટની પરવાનગી ગળે ઊતરતી નથી અહિંનાં ખેડૂતો આદર બાળતાં તેનાંથી પ્રદુષણ થતું હોવાનું જણાવી તંત્રએ ખેડૂતોને આદરની જગ્યાએ આદરનું અનાદર કરી છાણિયા ખાતરમાં ધરૂ તૈયાર કરવાની રીત શીખવે છે.

# શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ ધરમપુરના સહયોગથી ચીખલીના કાંગવઈ ગામે નિ:શુલ્ક હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી,(વંકાલ), તા.૧૩**



ચીખલી તાલુકાના કાંગવઈ ગ્રામ પંચાયત આયોજિત અને શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ ધરમપુરનાં સહયોગથી બુધવારના રોજ ગ્રામ પંચાયત હોલમાં મફત હેલ્થ ચેકઅપ કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં જનરલ હેલ્થ ચેકઅપના ૨૬૨, હિમોગ્લોબીનના ૧૯૭, આંખની તપાસ અને ચશ્માં વિતરણ ૨૧૦, દાંતના રોગોની તપાસના ૭૬ દર્દીઓએ લાભ લીધો હતો. આ કેમ્પમાં વિશાળ સંખ્યામાં હાજર રહી લોકોએ ઘર આંગણે મફત સેવાનો લાભ લીધો હતો.

આ કેમ્પના આયોજન માટે ગામના સરપંચ ડો. નેહાબેન પટેલ, શ્રી જયવર્ધન પટેલ, માજી ડેપ્યુટી સરપંચ શ્રી હેમંતભાઈ પટેલ, કાંગવઈ હાઈસ્કૂલના આચાર્ય શ્રી યુનુસભાઈ દીવાન, પંચાયતના સભ્ય શ્રી સતિષભાઈ અને શ્રી જયદીપભાઈ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.

# વાપીના સલવાવથી ૨૦ વર્ષીય પરિણીતા ગૌરી યાદવ ગુમ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૩**



વાપીના સલવાવ ખાતે બાપા સીતારામ મંદિર પાસે કેતનભાઈની ચાલમાં રૂમ નં. ૦૧માં રહેતા નિરજ બબલુ યાદવ (મૂળ રહે. ગામ બેલી, તા. પ્રયાગરાજ, પોસ્ટ કેંડ, જિ.પ્રયાગરાજ, ઉત્તરપ્રદેશ)ની ૨૦ વર્ષીય પત્ની ગૌરી તા.૩૦/૧૦/૨૦૨૫ના રોજ ૧૧:૦૦ વાગ્યા પછી હરકોઈ વખતે કોઈને કંઈ પણ કહ્યા વિના ક્યાંક નીકળી ગઈ હતી. જેની શોધખોળ કરવા છતાં કોઈ પત્તો ન લાગતા પતિએ પત્ની ગૌરી યાદવ ગુમ થયાની જાણ ડુંગરા પોલીસ મથકે કરી હતી. ગૌરી શરીરે મધ્યમ બાંધો, ઘઉંવર્ણ અને પાંચ ફૂટ ઊંચાઈ ધરાવે છે. જેણે લાલ કલરનું સલવાર શુટ પહેર્યુ હતું. જે કોઈને પણ તેણીની ભાળ મળે તો ડુંગરા પોલીસ મથકે ૯૮૭૯૯ ૭૨૬૮૭ પર જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

**પાક નુકસાન સહાય પેકેજ**

# સહાય પેકેજ માટે ખેડૂતો ઓનલાઈન પોર્ટલ પર આજથી કરી શકશે અરજી

**આ પેકેજનો લાભ મેળવવા માટે આજથી બપોરે ૧૨ કલાકથી ૧૫ દિવસ સુધી ઓનલાઈન પોર્ટલ કાર્યરત**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ગાંધીનગર, તા.૧૩**

રાજયમાં તાજેતરના કમોસમી વરસાદને પરીણામે ખેડૂતોના ઉભા પાકને થયેલા વ્યાપક નુકસાન સામે રાહત સહાય પેકેજ જાહેર કરેલુ છે. આ રાહત સહાય પેકેજ અંતર્ગત ૯,૮૧૫ કરોડ રૂપિયા ધરતીપુત્રોને થયેલા નુકસાનની સહાય પેટે ફાળવવામાં આવ્યા છે. ત્યારે રાજ્ય સરકારના કૃષિ વિભાગે જાહેર કરેલા રાહત પેકેજ ઠરાવની જાહેરાત કરતાં કહ્યું કે, આ પેકેજનો લાભ મેળવવા માટે ૧૪ નવેમ્બર શુક્રવાર બપોરે ૧૨ કલાકથી ૧૫ દિવસ સુધી ઓનલાઈન પોર્ટલ કાર્યરત કરાશે.

આ કૃષિ રાહત પેકેજનો લાભ મેળવવા માટે ખેડૂતોએ કૃષિ રાહત પેકેજ-KRP પોર્ટલ https://krp.gujarat.gov.in/ પર ગ્રામ પંચાયતના VCE/VLE મારફત ઓનલાઈન અરજી કરવાની રહેશે.

- ઠરાવ મુજબના સાધનિક કાગળો સાથે નિયમાનુસાર પાત્રતા ધરાવતા ખેડુતો દ્વારા VCE/VLE મારફત અરજી કરવાની રહેશે.
- ખેડૂતોએ ઓનલાઈન અરજી કરવા માટે કોઈ ચૂકવણું કરવાનું રહેશે નહી.
- આ પેકેજ અંતર્ગત ખેડૂતોને સહાય PFMS/RTGS મારફત DBT પદ્ધતિથી લાભાર્થીના બેંક ખાતામાં સીધી જમા કરવામાં આવશે.
- આ માટે ૧૬,૫૦૦ થી વધુ ગામોનું ઓનલાઈન અરજી માટે પોર્ટલ સાથે મેપિંગ કરવામાં આવશે.

આ પેકેજ અંતર્ગત ખેડૂતોને સહાયની રકમ PFMS/RTGS મારફત DBT (ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર) પદ્ધતિથી સીધી લાભાર્થી ખેડૂતના બેંક ખાતામાં જમા કરવામાં આવશે. આ પ્રક્રિયાને સુનિશ્ચિત કરવા માટે રાજ્યના ૧૬,૫૦૦ થી વધુ ગામોનું ઓનલાઈન પોર્ટલ સાથે મેપિંગ પણ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે.

કૃષિમંત્રીએ આ અંગે જણાવ્યું હતું કે, 'નિયમાનુસાર પાત્રતા ધરાવતી અરજીઓ જેમ જેમ આવતી જશે, તેમ તેમ તેની ચકાસણી બાદ તાત્કાલિક સહાય ચુકવણા માટેની કાર્યવાહી કરવામાં આવશે. જો જરૂર જણાશે તો પોર્ટલ પર અરજી કરવાની સમય મર્યાદામાં વધારો કરવા માટે પણ રાજ્ય સરકાર સકારાત્મક અભિગમ ધરાવે છે.'

# શિયાળાની રવિ ઋતુમાં શાકભાજી અને કઠોળ પાકમાં પ્રાકૃતિક ખેતીનું મહત્વ, પાક સ્વાદિષ્ટ અને પોષકતત્વોથી ભરપૂર બને છે

**શિયાળાની ઋતુમાં તાપમાન મધ્યમ હોય છે, જે શાકભાજી ઉગાડવા માટે આદર્શ સમય ગણાય છેઃ પ્રોજેક્ટ ડાયરેક્ટર ડી.એન.પટેલ**

**કઠોળ પાક જમીનમાં નાઈટ્રોજન ઉમેરે છે, જે જમીનની ઉપજ શક્તિ વધારે છેઃ ડેપ્યુટી ડાયરેક્ટર વિમલ પટેલ**






**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૩**

**ખાસ લેખ**
**- જિજ્ઞેશ સોલંકી**

ભારત કૃષિ પ્રધાન દેશ છે પરંતુ ખેતીમાં રાસાયણિક ખાતરના ઉપયોગથી ખોરાકમાં ઝેરી તત્વોનો વધારો થતા બિમારી વધી રહી છે અને પર્યાવરણ અસંતુલન થઈ રહ્યું છે. સાથે જ જમીનની ઉપજ શક્તિ પણ ઘટી રહી છે. આવા સમયે પ્રાકૃતિક ખેતી જ એક માત્ર સ્વસ્થ અને ટકાઉ વિકલ્પ ગણાય રહી છે. હાલ શિયાળાની રવિ ઋતુ ખાસ કરીને શાકભાજી અને કઠોળ પાક માટે અત્યંત અનુકૂળ માનવામાં આવે છે. ત્યારે વલસાડ જિલ્લા આત્મા પ્રોજેક્ટ અને ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ દ્વારા રવિ ઋતુમાં વાવણી સમયે ખેડૂતોએ કઈ બાબતો ધ્યાનમાં લેવી જોઈએ તે અંગે માર્ગદર્શન આપવામાં આવી રહ્યુ છે. પ્રાકૃતિક ખેતી એવી ખેતી છે કે, જે સમજી, વિચારી અને ધીરજપૂર્વક કરવામાં આવે તો સફળતા અવશ્ય મળે છે.

ગાય આધારિત પ્રાકૃતિક ખેતીમાં કોઈ પણ રાસાયણિક ખાતર કે દવાનો ઉપયોગ કરવાનો રહેતો નથી. આ પદ્ધતિથી પાક સ્વાદિષ્ટ અને પોષકતત્વોથી ભરપુર બને છે. શિયાળાની રવિ ઋતુમાં શાકભાજી અને કઠોળ પાકનું મહત્વ વિશેષ છે ત્યારે આ અંગે વલસાડ જિલ્લા આત્મા પ્રોજેકટના ડાયરેકટર શ્રી ડી.એન.પટેલે જણાવ્યું કે, શિયાળાની ઋતુમાં તાપમાન મધ્યમ હોય છે, જે શાકભાજી ઉગાડવા માટે આદર્શ સમય ગણાય છે. ગાજર, બટાકા, ટામેટાં, ડુંગળી, વટાણા, મરચાં, કોબી, મેથી, પાલક વગેરે પાકો આ ઋતુમાં સારી રીતે થાય છે. જેની વાવણી સમયે બીજ ઉપચાર (બીજામૃતથી બીજ શુધ્ધિકરણ) કરવું જરૂરી છે એટલે કે, વાવણી પહેલા દરેક બીજને બીજામૃતથી પટ આપવો જરૂરી છે. બીજામૃત વડે ઉપચાર કરવાથી બીજજન્ય અને જમીન જન્ય રોગો જેમ કે, ફૂગ, સડવું, અંકુરણ ઓછુ થવું વગેરે સામે રક્ષણ મળે છે. ૧૦૦ કિલો બીજ માટે ૨૦ લીટર બીજામૃત પૂરતુ છે. બીજને ૨૦ મિનિટ સુધી બીજામૃતમાં ભીંજવી પછી છાયામાં સુકવી દો. બીજો મહત્વનો મુદ્દો ખેતરની તૈયારી અને ઘન જીવામૃતનો ઉપયોગ કરવા અંગે ડાયરેકટરશ્રી પટેલ વધુમાં જણાવે છે કે, વાવણી પહેલા ખેતરમાં ઘન જીવામૃતનો છંટકાવ કરો અથવા તેને હળથી ભેળવી દો. આ જમીનમાં રહેલા સૂક્ષ્મજીવોને સક્રિય કરે છે અને પાકને શરૂઆતથી જ પોષણ પુરૂ પાડે છે. ખેતર સમતલ અને નરમ રાખો જેથી અંકુરણ સરળ બને.



વલસાડ જિલ્લા આત્મા પ્રોજેક્ટના ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી વિમલભાઈ પટેલ વાફસા સ્થિતિમાં વાવણી અંગે માહિતી આપતા જણાવે છે કે, વાફસા એટલે જમીન ભીની હોય પરંતુ હાથમાં લેતા ચીકણી ન થાય તેવી સ્થિતિ. આવી જમીનમાં વાવણી કરવાથી અંકુરણ ઝડપથી થાય છે અને છોડને યોગ્ય હવા મળે છે. જો જમીન વધુ ભીની હોય તો બીજ સડી શકે છે. આ સિવાય મિશ્ર પાક પધ્ધતિ પણ અપનાવી શકાય છે. એક જ ખેતરમાં બે કે તેથી વધુ પાકાનું સંયોજન કરો. આ પધ્ધતિ જમીનનું સંતુલન જાળવે છે અને જીવાતોનો ઉપદ્રવ ઓછો કરે છે. નાઈટ્રોજન સ્થિર કરવા માટે દાળવાળા પાકો (પલ્સીસ) ઉમેરવા લાભદાયી છે.

પ્રાકૃતિક ખેતીથી ઉગાડેલી શાકભાજી રાસાયણિક અવશેષથી મુક્ત રહે છે. જમીનને વધુ ઉપજાઉ બનાવે છે.પાણીની બચત કરે છે અને વધુ સમય સુધી તાજી રહે છે, જ્યારે પ્રાકૃતિક ખેતી પધ્ધતિથી કઠોળ ઉગાડવાથી પ્રોટીનયુક્ત પોષણપ્રદ અન્ન મળે છે. જમીનમાં જૈવિક સંતુલન જળવાય છે, રાસાયણિક ખર્ચ ઓછો થાય છે. રવિ ઋતુમાં ચણા, મગ, મઠ, અડદ, તુવર જેવા કઠોળ પાક લેવાય છે. આ કઠોળ પાકો જમીનમાં નાઈટ્રોજન ઉમેરે છે, જે જમીનની ઉપજશક્તિ વધારે છે. આજનો સમય પ્રાકૃતિક ખેતી તરફ વળવાનો છે, જે જમીનને જીવંત રાખે, ખેડૂતોને સુરક્ષિત કરે અને ખોરાકને શુદ્ધ બનાવે છે આ જ પ્રાકૃતિક ખેતીનું સાચું મહત્વ છે.

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક
વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# દેશમાં રખડતા કૂતરાઓની સમસ્યાના ઉકેલ માટે મતભેદ

### લોકોની સલામતીની સાથે કોઈ બાંધછોડ કરાશે નહીં : સર્વોચ્ચ અદાલતનું કડક વલણ

**દે**શમાં રખડતા કૂતરાઓની સમસ્યા અને તેના ઉકેલના મામલે મતભેદ ચાલી રહ્યો છે. એક તરફ આ રખડતા કૂતરાઓના ત્રાસની સામે ન્યાયતંત્રે કડક વલણ લીધું છે, તો સામા પક્ષે જીવદયા અને કૂતરાપ્રેમીઓએ આવાં કોઈ પણ કડક પગલાં સામે વ્યાપક વિરોધ કર્યો છે. આ ગંભીર બાબતે સર્વોચ્ચ અદાલતની ખાસ બેંચે નવેસરથી મત વ્યક્ત કર્યો છે, તે સંસ્થાઓ અને ધોરીમાર્ગો પરથી આવા કૂતરાઓને હટાવવાનો અદાલતનો આદેશ જનસલામતીના વ્યાપક ઉદ્દેશ માટે ભારે મહત્ત્વ ધરાવે છે. રખડતા કૂતરાઓના આતંક અંગેના અખબારી અહેવાલોને ધ્યાને લઈને સર્વોચ્ચ અદાલતે સક્રિયતા બતાવી છે. આ અગાઉ પણ અદાલતે સ્પષ્ટ કરી દીધું હતું કે, લોકોની સલામતીની સાથે કોઈ બાંધછોડ કરાશે નહીં. ગયા શુક્રવારે પણ અદાલતે શિક્ષણ સંસ્થાઓ, રેલવે અને બસ સ્ટેશનો તથા હોસ્પિટલો જેવાં જાહેર સ્થળોએ કૂતરાઓના હુમલાના વધી રહેલા બનાવોને ધ્યાને લીધા છે. આ વખતે અદાલતે રાષ્ટ્રીય ધોરીમાર્ગ ઓથોરિટી સહિતના તમામ અધિકારીઓને આદેશ કર્યો છે કે, ધોરીમાર્ગો પરના રખડતા કૂતરા અને પશુઓને હટાવીને નિયત આશ્રયસ્થળોએ લઈ જવામાં આવે. સાથોસાથ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશની સરકારો તેમની સ્થાનિક નગરપાલિકાઓ વતીથી જાહેરસ્થળોની ઓળખ કરે જ્યાં રખડતા કૂતરાઓનો ત્રાસ હોય. રખડતા કૂતરાઓના રાહદારીઓ અને નાના બાળકો પર હુમલાના વધી રહેલા બનાવોના મામલે અદાલતે કડક વલણ અપનાવ્યું છે. આવા કૂતરાના વ્યવસ્થાપન, સલામતી અને આરોગ્યની જવાબદારી મહત્ત્વની છે, પણ જો સમયસર આવા કૂતરાઓના જન્મ નિયંત્રણ પર સમયસર અને પૂરતું ધ્યાન અપાયું હોત, તો આજે છે એવી ગંભીર સ્થિતિ ઊભી થઈ ન હોત. આમ તો અગાઉના આદેશમાં સર્વોચ્ચ અદાલતે આવા કૂતરાના ખસીકરણ બાદ તેમને તે જ સ્થળે ફરી છોડી મૂકવાની સૂચના આપી હતી, પણ આ વખતે આદેશ વધુ સ્પષ્ટ અને કડક છે. હવે જાહેરસ્થળો અને માર્ગો પરથી દૂર કરાયેલા કૂતરા અને અન્ય પશુઓને ફરી તે જ સ્થળે છોડી શકાશે નહીં. સુપ્રીમ કોર્ટે દેશભરમાં અનેક સ્થળોએ લોકોને શેરીના કૂતરા કરડયા હોવાની નોંધ લઈને આ ચુકાદો આપ્યો છે, પણ પ્રશ્ન એ છે કે, ચુકાદાનો અમલ શક્ય અથવા સરળ છે ખરો?' (પશુઓ ઉપર અત્યાચાર નિવારવા અભિયાન ચલાવતી સંસ્થા)ના અંદાજ મુજબ દેશભરમાં સવા પાંચ કરોડ જેટલા શેરી કૂતરા છે અને ૮૦ લાખ જેટલા કૂતરા કામચલાઉ આશ્રયસ્થાનના નામે પિંજરામાં પુરાયેલા છે. કૂતરા ઉપરાંત ૫૦ લાખ જેટલા પશુ મોટે ભાગે વસૂકી ગયેલી ગાય અને બળદ શેરીઓમાં ભટકી રહ્યા છે. વાપી, દમણ જેવા શહેરોમાં પણ ભેંસ, પાડા અને તેના બચ્ચાઓ પણ રખડી રહ્યા છે. 'રખડતા કૂતરા'ના નામે કેટલા પશુઓની અટકાયત કરીને જેલમાં પૂરી શકાશે? 'એનિમલ બર્થ કન્ટ્રોલ'ના નિયમ અનુસાર શેરીના શ્વાન 'આવારા' નથી. નિશ્ચિત સ્થળને 'રહેઠાણ' માને છે, તેથી 'સમાજકોમ્યુનિટી'ના શ્વાન છે. સોશિયલ મીડિયામાં અભિયાન શરૂ થયું છે કે, 'આવારા નહીં હમારા' છે. મુખ્ય પ્રશ્ન જાહેર સ્થળોના સંચાલનનો છે. ચોકીદાર હોય તો પણ ક્યાં સુધી શ્વાનપ્રવેશ રોકી શકે? અને જો સફળ થાય નહીં તો સંચાલકો પર કાયદેસર પગલાં ભરાશે? નગરપાલિકાના સૂત્રધારોને જવાબદાર મનાશે? મુખ્ય સમસ્યા શેરીના કૂતરાઓ માટે 'આશ્રયસ્થાન'ના પ્રબંધની છે. નાનાં શહેરોએ કે મહાનગર ત્યાં શેરી કૂતરાઓના આશ્રયસ્થાન માટે જગ્યા મળશે ખરી? ગંજાવર ખર્ચ અને સંચાલન પર કોણ નજર રાખશે? અદાલતે જાણવું જોઈએ કે દેશભરમાં ઘૂસણખોરોને પકડવાનું આસાન નથી ત્યાં શાસકો માટે આ વધારાની જવાબદારી આવી છે.

# ૧૪મી નવેમ્બર, 'વિશ્વ ડાયાબિટીસ દિવસ'

**લેખક: દીપક જગતાપ**

દર વર્ષે ૧૪મી નવેમ્બર, 'વિશ્વ ડાયાબિટીસ દિવસ' તરીકે ઉજવાય છે. ખાન-પાન અને જીવનશૈલીની અનિયમિતતાને કારણે થતો રોગ ડાયાબિટીસ આજે સાઈલન્ટ કિલરમાંથી મેઈન કિલર બની ગયો છે અને હવે મેન કિલર રોગના દર્દીઓની સંખ્યા વર્ષ ૨૦૩૦ સુધીમાં ૫૫૦ મિલિયન થવાનો અંદાજ છે. ડાયાબિટીસથી ૪.૬ મિલિયન દર્દીઓના દર વર્ષે મૃત્યુ પામતા હોવાનું માનવામાં આવે છે. તો અંદાજે ૫૦% લોકોને પોતાના ડાયાબિટીસ અંગે અજાણ પણ હોય છે.

શારીરિક શ્રમનો અભાવ, નિયમિત કસરત ન કરવી, જંક ફૂડનું વધુ પડતું સેવન, તણાવયુક્ત જીવન, પૂરતી ઉંઘ ન લેવી, વધુ પડતા મીઠા પદાર્થોનું સેવન તેમજ આનુવાંશિક કારણથી વ્યક્તિ ડાયાબિટીસની ઝપેટમાં આવી જાય છે. ટેસ્ટી ખાન-પાનની આદતોને કારણે શહેરોમાં વધુ અને ગામડાંઓમાં ડાયાબિટીસના ઓછા દર્દી જોવા મળતા હતા. પરંતુ હવે તો ગામડાઓમાં પણ વિવિધ પ્રકારના કોલ્ડડ્રીંક્સ અને ચાઈનિસ ફૂડ-ચિકન-મટનીની લારીઓ ખુલતાં ગામડાઓમાં પણ ડાયાબિટીસ રોગના દર્દીઓમાં વધારો થતો જોવા મળે છે.

જો કે, મોટાભાગે શહેરોમાં ફાસ્ટ ફૂડ, જંક ફૂડ, ખાન-પાનની ખોટી આદતો, ફાસ્ટ લાઈફ આ બધા કારણોસર શહેરના લોકો ડાયાબિટીસના વધુ શિકાર બની રહ્યા છે. જે ચિંતાનો વિષય જરૂર બને છે. શહેરી વસ્તીની સરખામણીએ ગામડાંઓમાં ડાયાબિટીસના ઓછા દર્દી જોવા મળે છે, કેમ કે, શહેરની જીવનશૈલી અને અને ખાણી-પીણીમાં ગામડાની દ્રષ્ટિએ ઘણો તફાવત આવી જાય છે. આ બીમારીને અટકાવવા માટે ફક્ત જાગૃતિ પૂરતી નથી, લાઈફસ્ટાઈલ બદલવાની પણ એટલી જ જરૂર છે. શહેરોમાં અનિયમિત ખાણી-પીણી અને શારીરિક શ્રમની ઘટને લીધે કેસ વધી રહ્યા છે.

**ડાયાબિટીસ એટલે શું?:** તે એક લાંબી બિમારી છે, જેમાં શરીર કાં તો ઈન્સ્યુલિન નામના હોર્મોન ઉત્પન્ન કરતું નથી. અથવા યોગ્ય રીતે ઉપયોગ કરતું નથી. આ હોર્મોન સ્વાદુપિંડ દ્વારા ઉત્પન્ન થાય છે અને ખોરાક તરીકે સેવા આપવા માટે કોશિકાઓમાં ગ્લુકોઝ પ્રવેશવાની સુવિધા માટે જવાબદાર છે. જ્યારે ઈન્સ્યુલિનની પૂરતી માત્રા ઉત્પન્ન થતી નથી અથવા તે તેનું કાર્ય કરવા સક્ષમ નથી, ત્યારે ગ્લુકોઝ લોહીમાં એકઠું થાય છે. જો લોહીમાં ગ્લુકોઝમાં આ વધારોની સારવાર ન કરવામાં આવે તો તે શરીરને નુકસાન પહોંચાડે છે.

**ડાયાબિટીસના બે પ્રકારો છે: પ્રકાર-૧:** ડાયાબિટીસ તે બાળકો અને કિશોરોમાં દેખાય છે. તેના કારણો આનુવંશિક અને અજાણ્યા પરિબળો છે સ્વાદુપિંડ ઈન્સ્યુલિન બનાવવામાં અસમર્થ હોવાથી, તેની સારવાર ઈન્સ્યુલિનના ઈન્જેક્શનોને સંચાલિત કરવા પર આધારિત છે, તેને અટકાવવી મુશ્કેલ સમસ્યા છે.

**પ્રકાર-૨:** ડાયાબિટીસ. તે પુખ્ત વયના લોકોમાં દેખાય છે અને તે મેદસ્વીપણા અને વધુ વજનવાળા હોવા સાથે જોડાયેલ છે. જોકે સ્વાદુપિંડ ઈન્સ્યુલિનનું ઉત્પાદન કરે છે, તે પૂરતું નથી અને તેનું કાર્ય કરવામાં સક્ષમ નથી. તેની સારવાર આહાર અને સારી ટેવોના શિક્ષણ પર આધારીત છે અને કેટલીકવાર લોહીમાં ગ્લુકોઝનું સ્તર ઘટાડવામાં સક્ષમ કેટલીક દવાઓ દ્વારા સારવાર કરવી જરૂરી છે. ડાયાબિટીઝના બે પ્રકારોમાં, તે એક લાંબો રોગ છે, તે ક્યારેય અદશ્ય થઈ જતો નથી અથવા સંપૂર્ણ મટાડતો નથી, પરંતુ તેને નિયંત્રિત કરી શકાય છે.

**ડાયાબિટીઝના લક્ષણો:** શરૂઆતમાં તે ખૂબ જ વિશિષ્ટ નથી અને અન્ય બિમારીઓ સાથે મૂંઝવણમાં હોઈ શકે છે.

પેશાબની માત્રામાં વધારો કિડની લોહીમાંથી વધારે પડતા ગ્લુકોઝને દૂર કરવામાં સખત મહેનત કરે છે. તેઓ ઝડપથી ફિલ્ટર કરે છે અને વધુ પેશાબ કરે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આંતરરાષ્ટ્રીય ડાયાબિટીસ ફેડરેશન દ્વારા વર્લ્ડ ડાયાબિટીસ ડે (૧૪ નવેમ્બર) માટે દર વર્ષે એક થીમ નક્કી કરવામાં આવે છે. ૨૦૨૫ માટેની વર્ષ શ્રેણીની થીમ 'ડાયાબિટીસ એન્ડ વેલ બીઈંગ' છે, જે ૨૦૨૪થી ૨૦૨૬ સુધી ચાલશે. આ વર્ષનો ખાસ ફોકસ 'ડાયાબિટીસ એન્ડ વેલબીઈંગ એટ વર્ક' પર છે, જેમાં કાર્યસ્થળ પર ડાયાબિટીસના દર્દીઓ માટે વધુ સપોર્ટ, સમજણ અને સુવિધાઓ વિશે જાગૃતિ ફેલાવવામાં આવશે. આ થીમનો સ્લોગન છે 'નોમોર એન્ડ ડુ મોર ફોર ડાયાબિટીસ એટ વર્ક'

આ થીમ દ્વારા નોકરીયાતીઓ અને નોકરદારોને ડાયાબિટીસ વિશે વધુ જાણવા અને કાર્યસ્થળને વધુ સહાયક બનાવવા પ્રોત્સાહિત કરવામાં આવશે, જેથી ડાયાબિટીસના દર્દીઓનું જીવન સરળ બને.

૧૯૯૧માં આંતરરાષ્ટ્રીય ડાયાબિટીઝ ફેડરેશન (આઈડીએફ) અને વિશ્વ આરોગ્ય સંગઠને વિશ્વમાં બીમાર લોકોમાં ભયાનક વૃદ્ધિ સાથે ડાયાબિટીઝની સમસ્યા તરફ ધ્યાન દોરવા માટે એક અભિયાન યોજવાનું નક્કી કર્યું.

'વર્લ્ડ ડાયાબિટીસ ડે' દુનિયાનું સૌથી મોટું મધુપ્રમેહ (ડાયાબિટીસ) જાગરુકતા અભિયાન છે, જે ૧૬૦થી વધુ દેશોમાં ૧ અબજથી વધુ લોકો સુધી પહોંચી રહ્યું છે. આ અભિયાન ડાયાબિટીસથી જોડાયેલા મુદ્દા તરફ દુનિયાનું ધ્યાન ખેંચે છે અને તેને સાર્વજનિક અને રાજકીય સ્પોટલાઈટમાં મજબૂતીથી રજૂ કરે છે. આ ઉપરાંત આખા વર્ષ દરમ્યાન ડાયાબિટીસ સંબંધિત મુદ્દાઓ માટે વૈશ્વિક મંચ પ્રદાન કરે છે. તો આ રોગ સામે નક્કર કાર્યવાહીનું મહત્ત્વ વધારવાનું કાર્ય પણ 'વિશ્વ ડાયાબિટીસ દિવસ' દ્વારા કરવામાં આવે છે.

**(નોંધ: આ લેખમાં વર્ણવેલ વિચારો માત્ર લેખકના છે. તેથી વધુ સચોટ માહિતી માટે જાણીતા ડોક્ટરની સલાહ લેવી આવશ્યક રહેશે.)**

## ૧૪ નવેમ્બર, બાળ દિવસ

# આજના બાળકો આવતીકાલના ભારતના શિલ્પી છે: સ્વતંત્ર ભારતના પ્રથમ વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરુ

### આવતીકાલનાં નાગરીકને વિકાસની હરણફાળમાં તમામ પ્રકારે મદદ સાથે તેમના કલ્યાણ બાબતેના કાર્યોમાં સમાજના દરેક વર્ગે મદદરૂપ થવું ખુબ જરૂરી




**દ**ર વર્ષે ૧૪ નવેમ્બરનાં દિવસને બાળ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. યુ.એન.ઓ. દ્વારા ૨૦ નવેમ્બર, ૧૯૫૪નાં રોજ આંતરરાષ્ટ્રીય 'બાળ દિવસ' ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી, જ્યારે ભારતમાં પંડિત જવાહરલાલ નેહરુનાં નિધન પહેલાં ૨૦ નવેમ્બરનાં રોજ 'બાળ દિવસ' મનાવવામાં આવતો હતો, પરંતુ ૨૭ મે ૧૯૬૪નાં રોજ પંડિત જવાહરલાલ નેહરુનાં નિધન બાદ બાળકો પ્રત્યે તેમનાં પ્રેમને જોતા સર્વસંમતિથી એ નિર્ણય થયો કે હવેથી દર વર્ષે ૧૪ નવેમ્બરનાં રોજ ચાચા નેહરુનાં જન્મ દિવસ પર 'બાળ દિન' મનાવવામાં આવશે. ત્યારબાદથી દર વર્ષે ૧૪ નવેમ્બરના રોજ 'રાષ્ટ્રીય બાળ દિવસ' મનાવવામાં આવે છે.

ભારતના પ્રથમ વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરુના જન્મદિન નિમિત્તે દર વર્ષે ૧૪ નવેમ્બરે બાળ દિવસ ઉજવવામાં આવે છે. નેહરુ બાળકોને ખૂબ પ્રેમ કરતા હતા અને માનતા હતા કે, આજના બાળકો આવતીકાલના ભારતના શિલ્પી છે. બાળકો પ્રત્યેના તેમના પ્રેમને કારણે તેમનું પ્રેમાળ ઉપનામ 'ચાચા નહેરુ' પડ્યું.

આ દિવસનો મુખ્ય હેતુ બાળ અધિકારો પ્રત્યે લોકોને જાગૃત કરવાનો છે. એક બાળકનું મન કુમળું હોય છે. હાલનાં સમયમાં ક્યાંક બાળકનાં મન સાથે ચેનચાળા કરીને એને ક્યાંકને ક્યાંક પૈસાની કે બીજી કોઈ વસ્તુની લાલચમાં ખોટા કામો કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. ઘણી વખત તો આ કામ બાળકનાં માતા-પિતા દ્વારા જ કરવામાં આવે છે, જે ખરેખર ખુબ દયનીય બાબત છે. બાળકને બાળક સમા જ રહેવા દેવું જોઈએ. માતા-પિતાએ ક્યારેય પણ પોતાનાં અંગત સ્વાર્થ માટે બાળકોનું જીવન ન બગાડવું જોઈએ કે તેઓ માનસિક રીતે ઉદાસીન થાય તેવું ન થવા દેવું જોઈએ. એ ખૂબ જરૂરી છે કે બાળકોને યોગ્ય શિક્ષણ, પોષણ, સંસ્કાર મળે કારણ કે, બાળકો દેશનું ભવિષ્ય છે. બાળકનાં સારા ભવિષ્ય માટે, સર્વાંગી વિકાસ તથા તેનાં મૂળભૂત હકોના રક્ષણ માટે કટિબદ્ધ થવા 'બાળ દિવસ' સમગ્ર વિશ્વભરમાં ઉજવાય છે. જેને 'આંતરરાષ્ટ્રીય બાળ દિવસ' કહેવાય છે. આપણાં દેશમાં બાળ દિવસને મસ્તી અને આનંદનાં દિવસ તરીકે પણ ઉજવવામાં આવે છે.

**દેશમાં બાળમજૂરી કાયદો તો છે પણ તેની અમલવારી ન થવાથી બાળમજૂરી પ્રથા આજે પણ જ ચાલુ છે, ત્યારે આ 'બાળ દિવસે' સૌએ આ તરફ ચિંતા કરવી આવશ્યક**

આપણાં દેશનાં બંધારણમાં પણ ૬ થી ૧૪ વર્ષનાં તમામ બાળકોને મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણની વાત કરી છે. બાળક એ આવતીકાલનો સમાજ છે. આવતીકાલનાં નાગરીકને વિકાસની હરણફાળમાં તમામ પ્રકારે મદદ સાથે તેમના કલ્યાણ બાબતેના કાર્યોમાં સમાજના દરેક વર્ગે મદદરૂપ થવું જરૂરી છે. **આજે ઘણાં ગરીબ મા-બાપના સંતાનો, તરછોડાયેલા બાળકો આર્થિક ઉપાર્જન માટે દુકાનો, રેસ્ટોરન્ટો, ચાની લારી કે પાન-મસાલાના ગલ્લે કે અન્ય સ્થળે બાળ મજૂરી કરીને અથવા કચરો, પ્લાસ્ટિક, કાગળ વીણીને પૈસા કમાય છે.** ભણવાની ઉમંરે કામ કરતા બાળકોની સંખ્યા આપણાં દેશમાં ઘણી છે. આ બાબતે કાયદો તો છે પણ અમલવારી ન થવાથી બાળમજૂરી પ્રથા આજે પણ ચાલુ છે. આ 'બાળ દિવસે' સૌએ આ તરફ ચિંતા કરવાની જરૂર છે. બાળકોને નાગરિક તરીકે વિકસવાનો અધિકાર છે જે માટે આજે તો બધા માટે વિવિધ કાર્યક્રમો થતા હોય છે પણ બાળકો માટેના કાર્યક્રમોની અછત છે. ચિલ્ડ્રન ક્લબ્સ શરૂ કરીને કલ્ચરલ અને સ્પોર્ટ્સમાં વિકાસ કરવો અને તેના રસ રૂચિ વલણોને ધ્યાને લઈને તમામ મદદ કરવી સૌની નૈતિક જવાબદારી છે. બાળકોને વિકસવા માટે સુરક્ષિત અને પ્રેમાળ વાતાવરણ પ્રદાન સાથે વિશાળ અને સમાન તકો આપવી જોઈએ જેથી તે રાષ્ટ્રનાં વિકાસમાં લાંબા ડગલાં ભરી શકે. બાળકનો શિક્ષિત અને સ્વસ્થ નાગરિક તરીકે વિકસવાનો અધિકાર છે. જેને છીનવવો જોઈએ નહીં.

**- મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

## ગુજરાતમાં સર્વેમાં મોટો ધડાકો

# ૧૫ વર્ષથી ઉપરના ૧૬ ટકા પુરુષો અને ૧૪ ટકા મહિલાઓને ડાયાબિટીસ!

(સંપૂર્ણ સમાચાર સેવા)
**અમદાવાદ, તા.૧૩**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના નેશનલ ફેમિલી હેલ્થ સર્વે (એનએફએચએસ)-૫ રિપોર્ટ મૂજબ ગુજરાતમાં ૧૫ વર્ષથી ઉપરના ૧૬ ટકા પુરુષો અને ૧૪.૮ ટકા મહિલાઓમાં બ્લડ શુગરનું સ્તર ઊંચું અથવા ખૂબજ ઊંચું છે. આ રિપોર્ટ દર્શાવે છે કે પુરુષો અને મહિલાઓ બંન્નેમાં ગ્રામીણ વિસ્તારોની તુલનામાં શહેરી વિસ્તારોમાં ડાયાબિટીસનું પ્રમાણ વધુ છે.

અપોલો હોસ્પિટલ્સ, અમદાવાદ ખાતે એન્ડોક્રિનોલોજીસ્ટ ડો. રમેશ ગોયલે જણાવ્યું હતું કે, ચિંતાજનક બાબત એ છે કે ડાયાબિટીસનીસમસ્યા ધરાવતા લગભગ ૭૦ ટકા લોકોને અનિયંત્રિત બ્લડ શુગર હોય છે, જેનું મુખ્ય કારણ વિશેષ કરીને હૃદય સંબંધિત બિમારીઓ સહિતના નોન-કમ્યુનિકેબલ બિમારીઓનું વધતુ ભારણ છે. ડો. ગોયલે જણાવ્યું હતું કે, દેશમાં ડાયાબિટીસ ધરાવતા લગભગ ૭૦ ટકા લોકોમાં બ્લડ શુગરનું સ્તર યોગ્ય રીતે નિયંત્રિત થતું નથી, જેના કારણે હૃદય રોગ, સ્ટ્રોક, કિડનીની બિમારી, આંખોની સમસ્યા અને ચેતાતંત્રને નુકશાન થવા જેવી લાંબાગાળાની સમસ્યાઓનું જોખમ વધી જાય છે.

જ્યારે યુવાનોમાં ડાયાબિટીસની સમસ્યા સર્જાય ત્યારે તે તેમના પરિવાર અને સમાજ બંન્ને માટે ગંભીર ચિંતાનો વિષય બની જાય છે. તેના કારણે યુવાનો તેમની કારકિર્દી અને આકાંક્ષાઓ ઉપર ધ્યાન આપી શકતા નથી. આરોગ્ય સંબંધિત સમસ્યાઓને કારણે તેમના જીવનની ગુણવત્તા અને માનસિક સુખાકારી પ્રભાવિત થાય છે. તેમણે ઉમેર્યું હતું કે છેલ્લાં બે દાયકામાં ડાયાબિટીસના શરૂઆતી લક્ષણોમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે તથા નિદાનની સરેરાશ ઉંમર ૪૦થી ઘટીને ૩૦ વર્ષ થઈ છે. બેઠાડું જીવનશૈલી, પ્રોફેશનલ સ્ટ્રેસ, અપૂરતી ઊંઘ, વારંવાર ફાસ્ટફુડનું સેવન અને ઓછી શારીરિક પ્રવૃત્તિ તેના માટે કારણભૂત છે. કામના ભારણ, અનિયમિત દિનચર્યા અને આહારની ખોટી આદતો ડાયાબિટીસનું જોખમ વધારે છે.

### ૧૪ નવેમ્બરને "વિશ્વ ડાયાબિટીસ દિવસ" ઉજવવામાં આવે છે : ૧૦માંથી ૭ વ્યક્તિમાં ડાયાબિટીસની સમસ્યા


ડો. ગોયલના કહેવા મૂજબ પાંચ વર્ષ માટે પણ અનિયંત્રિત ડાયાબિટીસ હૃદય રોગ, સ્ટ્રોક અને કિડની સંબંધિત સમસ્યાઓના જોખમમાં વધારો કરે છે.

ડો. ગોયલે ભાર મૂક્યો હતો કે સમયસર નિદાન અને જીવનશૈલીમાં સામાન્ય બદલાવથી ડાયાબિટીસને રોકી શકાય છે અથવા તેને અસરકારક રીતે મેનેજ કરી શકાય છે. નિયમિત કસરત, સંતુલિત પોષણ, ૭-૮ કલાકની પૂરતી ઊંઘ, વજનની યોગ્ય જાળવણી અને હેલ્થ ચેક-અપ બ્લડ શુગરને મેનેજ કરવામાં અને લાંબાગાળાની સમસ્યાઓને રોકવામાં ઉપયોગી બની રહે છે. ડાયાબિટીસ સામેની લડાઈ જાગૃકતા અને શિસ્તથી શરૂ થાય છે. જીવનશૈલીમાં નાના, પરંતુ સતત બદલાવથી લોકો ડાયાબિટીસની સમસ્યાને રોકી શકે છે તેમજ તંદુરસ્ત અને વધુ કાર્યક્ષમ જીવન વિતાવી શકે છે. ડાયાબિટીસનું મેનેજમેન્ટ દવાઓ સુધી સીમિત નથી, પરંતુ અર્થસભર જીવન અને સ્વાસ્થ્યની જવાબદારી લેવા વિશે પણ છે.

દેશભરમાં ૧૪ નવેમ્બરને "વિશ્વ ડાયાબિટીસ દિવસ" ઉજવવામાં આવે છે. જેના ભાગરૂપે ગુજરાતના જિલ્લાઓ અને મહાનગરોનાં તમામ આયુષ્માન આરોગ્ય મંદિરોમાં રોગોની અટકાયત, નિયંત્રણ, વહેલાં નિદાન અને સારવારનાં વ્યવસ્થાપન અંગે નાગરીકોમાં જનજાગૃતી લાવવા આ દિવસે વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે.

# ભારતમાં ૨૦૨૪માં ટી.બી.(ક્ષય)ના સૌથી વધુ દર્દી નોંધાયા: WHOનો ચિંતાજનક રિપોર્ટ

### પાકિસ્તાન, બાંગ્લાદેશ અને ચીન કરતાં પણ ભારતમાં ટી.બી.ના દર્દીઓ વધારે:વૈશ્વિક સ્તરે ટીબીના દર્દીઓનું સૌથી વધુ પ્રમાણ ભારતમાં છે, વિશ્વના કુલ દર્દીઓમાંથી ભારતમાં ૨૫ ટકા દર્દી નોંધાયા હતા




(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૧૩**

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)ના ગ્લોબલ ટ્યુબરક્યુલોસિસ રિપોર્ટ 2025 મુજબ વર્ષ 2024 દરમિયાન ભારતમાં ટ્યુબરક્યુલોસિસ (ટી.બી.-ક્ષય) રોગના સૌથી વધુ દર્દી નોંધાયા છે. આ રોગને નાથવા માટે ફંડ વધારવાની જરૂરિયાત પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. વિવિધ પ્રદેશોની રીતે જોઈએ તો સાઉથ-ઈસ્ટ એશિયામાં 34 ટકા, વેસ્ટર્ન પેસિફિકમાં 27 ટકા અને આફ્રિકામાં 25 ટકા દર્દીઓ વર્ષ 2024માં નોંધાયા હતા. જ્યારે ઈસ્ટર્ન મેડિટરેનિયનમાં 8.6 ટકા, અમેરિકામાં 3.3 ટકા અનેયુરોપમાં માત્ર 1.9 ટકા દર્દી નોંધાયા હતા.

વૈશ્વિક સ્તરે ક્ષયના દર્દીઓનું સૌથી વધુ પ્રમાણ ભારતમાં છે. વિશ્વના કુલ દર્દીઓમાંથી ભારતમાં 25 ટકા દર્દી નોંધાયા હતા. જે પાકિસ્તાન, બાંગ્લાદેશ અને ચીન કરતાં પણ વધારે હોવાનું રિપોર્ટમાં કહેવાયું છે.

WHOના તારણ મુજબ, વિશ્વની સૌથી મોટી આરોગ્ય સમસ્યા તરીકે ક્ષયે જોખમ વધાર્યું છે. 2030ના વર્ષમાં વિશ્વમાં ક્ષયના દર્દીઓ ઘટાડવાનું જે લક્ષ્ય અગાઉ નિર્ધારિત કરાયું હતું, તેમાં નોંધપાત્ર ઘટાડો થવાની શક્યતા વ્યક્ત કરાઈ છે. વર્ષ 2025 સુધીમાં ટીબીના દર્દીઓમાં 50 ટકા ઘટાડો કરવાનું લક્ષ્યાંક WHO દ્વારા રખાયુ હતું. જો કે 2015થી 2024 દરમિયાન દર્દીઓમાં માત્ર 12 ટકા ઘટાડો આવ્યો હતો. 2030 સુધીમાં ક્ષયના દર્દીઓનું પ્રમાણ 80 ટકા ઘટાડવાનું લક્ષ્ય હતું, પરંતુ હવે તે સિદ્ધ થવાનું અઘરું બન્યું છે.ક્ષયને રોકવા માટેનું ફંડ અપૂરતું સાબિત થયું હોવાનું નોંધતા રિપોર્ટમાં જણાવાયું હતું કે, ક્ષયના નિદાન અને સારવાર માટે વર્ષ 2027માં 22 અબજ ડોલર તથા રિસર્ચ માટે 5 બિલિયન ડોલરના વાર્ષિક ખર્ચનું લક્ષ્યાંક રખાયુ હતું. તેની સરખામણીએ નિદાન-સારવારમાં વર્ષ 2023માં માત્ર 5.9 બિલિયન ડોલર અને રિસર્ચમાં 1.2 બિલિયન ડોલરનો ખર્ચ થયો હતો. જે આ લક્ષ્યાંકની સરખામણીએ અનુક્રમે 27 અને 24 ટકા છે. ક્ષય પ્રોગ્રામમાં દાતા તરીકે મુખ્ય ભૂમિકા ભજવી રહેલા દેશોએ ફન્ડિંગ ઘટાડ્યું હોવાથી આગામી સમયમાં અનેક દેશોમાં ક્ષય નાબૂદીના કાર્યક્રમને અસર થઈ શકે છે.

## સ્પોર્ટ્સ ન્યુઝ

ટેસ્ટ સીરિઝની પ્રથમ મેચ ઈડન ગાર્ડન્સમાં રમાશે

# ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે પ્રથમ મેચ આજે રમાશે

**શુભમન ગિલે કહ્યું કે, આ બે ટેસ્ટ મેચ અમારા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે તેનાથી WTC ફાઈનલનો માર્ગ નક્કી થશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૩ :** ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે બે મેચોની ટેસ્ટ સીરિઝની પ્રથમ મેચ ૧૪ નવેમ્બરથી કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં રમાશે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) ૨૦૨૫-૨૭ માટે આ ટેસ્ટ સીરિઝ ખૂબ મહત્વપૂર્ણ છે. ભારતે પોતાની છેલ્લી સીરિઝમાં વેસ્ટ ઈન્ડીઝને ૨-૦થી હરાવ્યું હતું. બીજી તરફ દક્ષિણ આફ્રિકાએ પાકિસ્તાનના પ્રવાસ દરમિયાન ટેસ્ટ સીરિઝ ૧-૧થી બરાબર કરી હતી.



કોલકાતા ટેસ્ટ પહેલા ૧૩ નવેમ્બરના રોજ ભારતીય કેપ્ટન શુભમન ગિલે એક પ્રેસ કોન્ફરન્સને સંબોધી હતી. આ દરમિયાન ગિલે અનેક મુદ્દાઓ પર ખુલીને વાત કરી છે.

ગિલે ટીમ કોમ્બિનેશન અને અનુભવી ફાસ્ટ બોલર મોહમ્મદ શમીની ગેરહાજરી અંગે પણ મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. શુભમને ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન ટેસ્ટ ક્રિકેટમાં કેપ્ટન તરીકે ડેબ્યૂ કર્યું હતું. ત્યારબાદ ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન તેણે વન-ડે ક્રિકેટમાં ભારતીય ટીમની કમાન સંભાળી.

શુભમન ગિલે કહ્યું કે, આ બે ટેસ્ટ મેચ અમારા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે તેનાથી WTC ફાઈનલનો માર્ગ નક્કી થશે. દક્ષિણ આફ્રિકા ખૂબ જ મજબૂત ટીમ છે, તે ચેમ્પિયન છે. અમે મુશ્કેલ સમયમાં પરિસ્થિતિને સારી રીતે સંભાળી છે. વિકેટ પણ સારી છે, એક સામાન્ય ભારતીય વિકેટ લાગી રહી છે. ઓસ્ટ્રેલિયા સામે રમ્યા પછી તરત જ રેડ બોલ ક્રિકેટમાં પાછા ફરવું માનસિક અને શારીરિક રીતે પડકારજનક છે. પરંતુ એક પ્રોફેશનલ ખેલાડી તરીકે તમારે પોતાને મેનેજ કરવું પડે છે.

મોહમ્મદ શમીની ગેરહાજરી અંગે શુભમન ગિલે કહ્યું કે, શમીભાઈ જેવા બોલરો ભાગ્યે જ મળે છે. પરંતુ અમે આકાશ દીપ, પ્રસિદ્ધ કૃષ્ણા, બુમરાહ અને સિરાજના તાજેતરના પ્રદર્શનને અવગણી ન શકીએ. અમારી નજર એ વાત પર પણ છે કે, અમે આગામી ટેસ્ટ સીરિઝ ક્યાં રમીશું. સિલેક્ટર્સ તેનો સારી રીતે જવાબ આપી શકે છે.

શુભમન ગિલે કહ્યું કે, કોલકાતામાં રમવું હંમેશા મારા માટે ખાસ રહ્યું છે. આ શહેર મારા માટે ખૂબ જ ભાવનાત્મક છે. મારું IPL કરિયર અહીંથી જ શરૂ થયુ હતું. અહીં પંજાબ જેવો જ અનુભવ થાય છે. છ વર્ષ પહેલાં હું ટીમનો હિસ્સો હતો, પરંતુ ત્યારે મેં અહીં એક પણ મેચ નહોતી રમી. તે પિંક બોલ ટેસ્ટ હતી અને હવે હું અહીં કેપ્ટન તરીકે રમી રહ્યો છું, આ ખૂબ જ ખાસ એહસાસ છે.

શુભમન ગિલનું માનવું છે કે, ભારતીય ટીમ પાસે હાલમાં ઘણા ક્વોલિટી ઓલરાઉન્ડર છે. અમારી પાસે એવા ખેલાડીઓ છે જેઓ બેટિંગ અને બોલિંગ બંનેમાં સારું પ્રદર્શન કરી શકે છે. તેઓ શાનદાર ઓલરાઉન્ડર છે અને તેમના આંકડા પણ તે સાબિત કરે છે. આ સીરિઝ ખૂબ જ રોમાંચક રહેશે. દક્ષિણ આફ્રિકાએ છેલ્લી સીરિઝમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. જોકે, આપણા ઘરઆંગણાની સ્થિતિમાં રમવું તેમના માટે સરળ નહીં રહેશે. પરંતુ તેઓ ચેમ્પિયન્સ છે અને અમારે અમારું શ્રેષ્ઠ પ્રદર્શન આપવું પડશે.

ICCની લેટેસ્ટ રેન્કિંગ જાહેર

# વિરાટ કોહલીએ લગાવી છલાંગ, તિલકને નુકસાન

**બાબર ૨ સ્થાન નીચે સરકી ગયો છે, જ્યારે રોહિત શર્માએ પોતાનું પ્રથમ સ્થાન જાળવી રાખ્યું છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૩ :** ICC દ્વારા તાજેતરની ODI રેન્કિંગ જાહેર કરવામાં આવી છે. એક સ્થાનનો ફાયદો થવાથી વિરાટ કોહલી હવે ટોપ-૫ માં સામેલ થઈ ગયો છે. જોકે આ સપ્તાહ દરમિયાન ભારતીય ટીમની કોઈ વનડે મેચ ન હોવા છતાં, બાબર આઝમના નિષ્ફળ પ્રદર્શનના કારણે કોહલી અને શ્રીલંકાના ચરિથ અસલંકાને રેન્કિંગમાં લાભ મળ્યો છે. બાબર ૨ સ્થાન નીચે સરકી ગયો છે, જ્યારે રોહિત શર્માએ પોતાનું પ્રથમ સ્થાન જાળવી રાખ્યું છે. રોહિત શર્મા ૭૮૧ રેટિંગ પોઈન્ટ્સ સાથે આઈસીસી રેન્કિંગમાં નંબર-૧ ઓડીઆઈ બેટર છે. ઓસ્ટ્રેલિયા સામેની બીજી વનડેમાં ૭૩ અને ત્રીજી વનડેમાં ૧૨૧ રનની અણનમ ઈનિંગ્સ રમ્યા બાદ તે થોડા અઠવાડિયા પહેલા જ નંબર-૧ પર આવ્યો હતો અને આ અઠવાડિયે પણ તેણે આ સ્થાન જાળવી રાખ્યું છે. આ યાદીમાં ટોપ-૪ બેટરમાં કોઈ ફેરફાર થયો નથી, જેમાં ભારતીય ટીમનો કેપ્ટન શુભમન ગિલ ૭૪૫ રેટિંગ પોઈન્ટ્સ સાથે ચોથા નંબર પર યથાવત છે. ઓસ્ટ્રેલિયા સામે વિરાટ કોહલી ૨ વનડેમાં ડક (શૂન્ય) પર આઉટ થયો હતો, ત્રીજી મેચમાં તેણે ૭૪ રનની શાનદાર ઈનિંગ્સ રમી હતી. પરંતુ આ ઈનિંગ્સ રેક્રિંગમાં ફાયદાનું કારણ નથી, ખરેખર બાબર આઝમના ફ્લોપ શોએ તેને ટોપ-૫ માં પહોચાડી દીધો.

ગયા અઠવાડિયે બાબર આઝમે ૩ વનડે રમી. ૬ અને ૮ નવેમ્બરના રોજ સાઉથ આફ્રિકા સામે બાબર આઝમ અનુક્રમે ૧૧ અને ૨૭ રન બનાવીને આઉટ થયો. ૧૧ નવેમ્બરના રોજ શ્રીલંકા સામેની વનડેમાં તે ૨૯ રન બનાવી શક્યો, આ કારણોસર બાબર આઝમ ટોપ-૫ માંથી બહાર થઈ ગયો. બાબર આઈસીસી ઓડીઆઈ બેટિંગ રેક્રિંગમાં ૫મા સ્થાનેથી ૭મા સ્થાને આવી ગયો છે.

ICC T-20 બેટિંગ રેન્કિંગમાં અભિષેક શર્માએ પોતાનું પહેલું સ્થાન જાળવી રાખ્યું છે. આ લિસ્ટમાં તિલક વર્માને ૨ સ્થાનનું નુકસાન થયું છે, તે ત્રીજા પરથી પાંચમા નંબર પર આવી ગયો છે. T-20 ઓલરાઉન્ડર રેક્રિંગમાં હાર્દિક પંડ્યા ચોથા પરથી પાંચમા નંબર પર આવી ગયો છે.

**ICC રેન્કિંગમાં ટોપ-૧૦ ODI બેટર**

રોહિત શર્મા (ભારત) - ૭૮૧
ઈબ્રાહિમ જાદરાન (અફઘાનિસ્તાન) - ૭૬૪
ડેરીયલ મિશેલ (ન્યૂઝીલેન્ડ) - ૭૪૬
શુભમન ગિલ (ભારત) - ૭૪૫
વિરાટ કોહલી (ભારત) - ૭૨૫
ચરિથ અસલંકા (શ્રીલંકા) - ૭૧૦
બાબર આઝમ (પાકિસ્તાન) - ૭૦૯
હેરી ટેક્ટર (આયર્લેન્ડ) - ૭૦૮
શ્રેયસ ઐયર (ભારત) - ૭૦૦ -
શાઈ હોપ (વેસ્ટ ઈન્ડીઝ) - ૬૯૦

#એફવાય ૨૦૨૫ના બીજો ત્રિમાસિક ગાળો

# ટાટા પાવરે એફવાય ૨૦૨૬ના બીજા ત્રિમાસિક ગાળામાં મજબૂત પરિણામો રજૂ કર્યાં

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**અમદાવાદ, તા.૧૩**

ભારતની સૌથી મોટી વર્ટીકલિ ઈન્ટીગ્રેટેડ પાવર કંપનીઓ પૈકીની એક ટાટા પાવરે ૩૦મી સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ પૂરા થયેલા બીજા ત્રિમાસિક ગાળામાં કરવેરા બાદનો નફો (પીએટી) રૂપિયા ૧,૨૪૫ કરોડ કર્યો છે (વાર્ષિક ધોરણે ૧૪ ટકા વૃદ્ધિ). કંપનીની આવક પણ વધીને રૂપિયા ૧૫,૭૬૯ કરોડ (વાર્ષિક ધોરણે ૩ ટકા વૃદ્ધિ); જ્યારે ઈબીઆઈટીડીએ વધીને રૂપિયા ૪,૦૩૨ કરોડ (વાર્ષિક ધોરણે ૬ ટકા વૃદ્ધિ).

એફવાય ૨૦૨૬ના પ્રથમ છ મહિનાના ગાળામાં પીએટી ૧૦ ટકા વૃદ્ધિ સાથે રૂપિયા ૨,૫૦૮ કરોડ રહી છે; આવક ૪ ટકા વધી રૂપિયા ૩૩,૨૩૩ કરોડ અને ઈબીઆઈટીડીએ ૧૧ ટકા વધી રૂપિયા ૭,૯૬૧ કરોડ થયેલ છે.

ટાટા પાવરના સીઈઓ અને મેનેજીંગ ડિરેક્ટર શ્રી ડો.પ્રવીર સિંહાએ જણાવ્યું હતું કે, ‘‘ટાટા પાવરે એફવાય ૨૦૨૬ના બીજા ત્રિમાસિક ગાળા અને એફવાય ૨૦૨૬ના પ્રથમ છ મહિનાના ગાળામાં શાનદાર પર્ફોમન્સ નોંધાવ્યું છે, જે કંપની દ્વારા પોતાના સંકલિત અને વૈવિધ્યસભર બિઝનેસ મોડેલ માટે તૈયાર કરવામાં આવેલ વ્યૂહરચના સંબંધિત પહેલો અને નિર્ણયોની મજબૂત સ્થિતિને દર્શાવે છે. પરંપરાગત વીજ ઉત્પાદન, ક્લિન એનર્જી અને ગ્રાહક કેન્દ્રિત વિતરણમાં સતત વૃદ્ધિ જળવાઈ રહી છે.

ટાટા પાવર ૧૦ જીડબ્લ્યુ ક્લિન કેપેસિટી સાથે આગળ વધવા માટે ખૂબ જ સારી સ્થિતિમાં છે.

રુફટોપ સોલર સેગમેન્ટ રેકોર્ડ ઈન્સ્યોલેશનની સાથે ઈન્ડસ્ટ્રીમાં સૌથી આગળ છે, જ્યારે અમારા ડિસ્કોમ ૧૩ મિલિયનથી વધારે ગ્રાહકો વધી રહેલા બેઝ પર સર્વિસ એક્સીલેન્સ આપી રહ્યા છે.

તપાસ એજન્સીઓએ મહત્ત્વપૂર્ણ માહિતીનો પર્દાફાશ કર્યો

# દિલ્હી જ નહીં ચાર મોટા શહેરોમાં સિરિયલ બોમ્બ બ્લાસ્ટનો હતો પ્લાન

**દિલ્હીમાં થયેલા વિસ્ફોટની તપાસમાં NIA એ ડો. મુઝમ્મિલને એમોનિયમ નાઈટ્રેટ સપ્લાય કરનાર નુહથી દિનેશ ઉર્ફે ડબ્બુ સિંગલાની અટકાયત કરી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૩**

દિલ્હીમાં લાલ કિલ્લા નજીક થયેલા કાર બોમ્બ વિસ્ફોટ કેસની તપાસમાં સતત મોટા ઘટસ્ફોટ થઈ રહ્યા છે. અહેવાલોમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે, તપાસ એજન્સીઓએ મહત્ત્વપૂર્ણ માહિતીનો પર્દાફાશ કર્યો છે. આતંકીઓની યોજના માત્ર દિલ્હી જ નહીં પરંતુ અન્ય ચાર શહેરોમાં આતંક મચાવવાની હતી. લગભગ આઠ શંકાસ્પદ આતંકીઓએ ચાર શહેરોમાં સિરિયલ બ્લાસ્ટ કરવાનો પ્લાન હતો.

અહેવાલો અનુસાર, આ આઠ શંકાસ્પદોએ ચાર અલગ અલગ શહેરોમાં હુમલો કરવાની યોજના બનાવી હતી. આ હેતુ માટે ચાર ગ્રૂપ બનાવવામાં આવ્યા હતા, જેમાં દરેકમાં બે સભ્યો હતા. દરેક ગ્રૂપ પાસે અનેક ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ (IED) વહન કરવાના હતા. બધી ટીમો ચાર શહેરોમાં એક સાથે બોમ્બ વિસ્ફોટ કરવાના હતા. સુરક્ષા એજન્સીઓ હવે આ શંકાસ્પદોની પ્રવૃત્તિઓ અને નેટવર્કની તપાસ કરી રહી છે. ૧૦મી નવેમ્બરે દિલ્હીના લાલ કિલ્લા નજીક થયેલા કાર બ્લાસ્ટ મામલે પોલીસ અને ફોરેન્સિક ટીમે પુષ્ટિ કરી છે કે હ્યુન્ડાઈ i20 કારમાં વિસ્ફોટક હતો અને તે કારમાં આતંકી ડૉક્ટર ઉમર નબી ઉર્ફે ઉમર મોહમ્મદ જ સવાર હતો. કારના કાટમાળ પર મળેલા DNAના આધારે આતંકી ઉમર નબીની પુષ્ટિ થઈ છે, તેના સેમ્પલ તેના પરિવાર સાથે ૧૦૦ ટકા મેચ થયા છે. જે બાદ હવે સ્પષ્ટ થઈ ગયું છે કે આ બ્લાસ્ટ ઉમર નબીએ જ કર્યો હતો જેના કારણે ૧૨ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યો જ્યારે ૨૦ ઈજાગ્રસ્ત થયા.

દિલ્હીના લાલ કિલ્લા નજીક થયેલા વિસ્ફોટની તપાસને વધુ તીવ્ર બનાવવા માટે રાષ્ટ્રીય તપાસ એજન્સીની એક ટીમ નુહ (મેવાત) પહોંચી છે. તપાસ એજન્સીએ ફરીદાબાદમાં ધરપકડ કરાયેલા ડૉ. મુઝમ્મિલને વિસ્ફોટકો પૂરા પાડવાના આરોપસર પિંગવાન શહેરના એક ખાતર અને બીજ વેપારીની અટકાયત કરી છે, જેની ઓળખ દિનેશ ઉર્ફે ડબ્બુ સિંગલાના નામથી થઈ છે. આ કાર્યવાહીથી સમગ્ર વિસ્તારમાં ભય ફેલાયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, દિનેશ ઉર્ફે ડબ્બુ સિંગલા અનેક ધાર્મિક અને સામાજિક સંગઠનો સાથે સંકળાયેલો છે. વધુ નફાની લાલચમાં, તેણે અત્યાર સુધીમાં આશરે ૩૦૦ કિલોગ્રામ એમોનિયમ નાઈટ્રેટ સપ્લાય કર્યું છે, જે વિસ્ફોટકો બનાવવામાં વપરાતી મુખ્ય વસ્તુ માનવામાં આવી રહી છે. દિનેશ ઉર્ફે ડબ્બુ સિંગલાનું મૂળ ગામ શિકારવા છે, અને તે લગભગ ૨૦-૩૦ વર્ષથી પિંગવાન શહેરમાં રહે છે. આ ઘટના બાદ, પરિવાર ભયમાં છે અને મીડિયાથી સંપૂર્ણ અંતર જાળવી રહ્યો છે અને બોલવાનું ટાળી રહ્યો છે. સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે, જ્યારે NIA ટીમ સમગ્ર જિલ્લામાં દરોડા પાડી રહી હોવાના અહેવાલ છે. વધુમાં, ગુપ્તચર એજન્સીઓ હાઈ એલર્ટ પર છે. જિલ્લામાં NGO દ્વારા કાર્યરત સંસ્થાઓમાં પણ તપાસ શરૂ કરવામાં આવી છે.

મેવાતમાં ખાતર, બીજ વેચનારાઓમાં ભયનો માહોલ ફેલાયો છે, કારણ કે NIA ટીમ તમામ શંકાસ્પદ સપ્લાયર્સની તપાસ કરી રહી છે. તપાસ આગળ વધતાં વધુ ધરપકડ થવાની ધારણા છે. ઉલ્લેખનીય છે કે, ફરીદાબાદની અલ ફલાહ યુનિવર્સિટીના ડૉ. મુઝમ્મિલની ૩ હજાર કિલો વિસ્ફોટકો સાથે ધરપકડ કરવામાં આવી છે અને એવું કહેવામાં આવી રહ્યું છે કે, તેમણે આ વિસ્ફોટક એમોનિયમ નાઈટ્રેટ નુહમાંથી ખરીદ્યું હતું.

## ગૃહમંત્રી અમિત શાહે ગુપ્તચર અધિકારીઓ સાથે કરી મીટિંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૩**

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં લાલ કિલ્લા પાસે થયેલા કાર બોમ્બ વિસ્ફોટ બાદ ગૃહમંત્રી અમિત શાહે ગુરુવારે સવારે તેમના ખાનગી નિવાસસ્થાને એક ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવી હતી, જેમાં ગુપ્તચર એજન્સીઓ અને ગૃહ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓએ હાજરી આપી હતી. આ બેઠકમાં આતંકવાદી હુમલાની તપાસની પ્રગતિ અને દેશભરની સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમાં NIAના ડિરેક્ટર જનરલ, ગુપ્તચર બ્યુરો (IB)ના ડિરેક્ટર, ગૃહ સચિવ અને દિલ્હી પોલીસ કમિશનર હાજર રહ્યા હતા. રાષ્ટ્રીય રાજધાની અને અન્ય મુખ્ય શહેરોમાં વર્તમાન સુરક્ષા પરિસ્થિતિની વિગતો રજૂ કરવામાં આવી હતી. શાહે અધિકારીઓને કડક સુરક્ષા પગલાં અમલમાં મૂકવા અને સંવેદનશીલ સ્થળોએ તકેદારી વધારવા નિર્દેશ આપ્યો હતો.

ગૃહમંત્રી અમિત શાહનો ગુરુવારે ગુજરાતનો નિર્ધારિત પ્રવાસ રદ કરવામાં આવ્યો છે. ભાજપના અધિકારીઓએ જણાવ્યું હતું કે, શાહ અમદાવાદ ફૂડ ફેસ્ટિવલ અને અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ ૨૦૨૫નું ઉદ્ઘાટન કરવાના હતા, પરંતુ હવે તેઓ હાજરી આપશે નહીં. એવું માનવામાં આવે છે કે દિલ્હી બોમ્બ વિસ્ફોટો બાદ ગંભીર સુરક્ષા પરિસ્થિતિને કારણે તેમણે દિલ્હીમાં જ રહેવાનો નિર્ણય લીધો છે. સોમવારે સાંજે લાલ કિલ્લા નજીક કાર બોમ્બ વિસ્ફોટમાં ઓછામાં ઓછા ૧૨ લોકો માર્યા ગયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. ઘટના પછી તરત જ, અમિત શાહે સ્થળની મુલાકાત લીધી હતી અને સુરક્ષા એજન્સીઓને તપાસ ઝડપી બનાવવા નિર્દેશ આપ્યો હતો. શાહે મંગળવારે બે સુરક્ષા સમીક્ષા બેઠકો પણ યોજી હતી.

## પંજાબમાં આતંકવાદી મોડ્યૂલનો ભાંડાફોડ થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ચંદીગઢ, તા.૧૩**

પંજાબ પોલીસને આજે આતંકવાદ વિરોધી કાર્યવાહીમાં એક મોટી સફળતા મળી છે. લુધિયાણા કમિશનરેટ પોલીસે પાકિસ્તાનની ઈન્ટર-સર્વિસિસ ઈન્ટેલિજન્સ (ISI) દ્વારા સમર્થિત હોવાનું કહેવાતા ગ્રેનેડ-હુમલાના મોડ્યૂલના ૧૦ એજન્ટની ધરપકડ કરી છે.

ડીજીપી (DGP) પંજાબ પોલીસની X પોસ્ટ અનુસાર, ‘આ મોડ્યૂલને પંજાબના ગીચ વસ્તીવાળા વિસ્તારમાં ગ્રેનેડ હુમલો કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી.

પોલીસની પ્રાથમિક તપાસ અનુસાર ધરપકડ કરાયેલા આ ૧૦ એજન્ટ પાકિસ્તાન સ્થિત હેન્ડલર્સના સંપર્કમાં હતા અને ગ્રેનેડ લેવા તથા પહોંચાડવાના સંકલન માટે મલેશિયા સ્થિત ત્રણ ઓપરેટિવ્સ મારફતે વાતચીત કરતા હતા.’

આતંકવાદી મોડ્યૂલને નિશાન બનાવીને દેશભરમાં ચાલી રહેલા આતંકવાદ વિરોધી અભિયાનોની શ્રેણીમાં આ તાજેતરની કાર્યવાહી છે. જોકે, હથિયારોની જપ્તી અને હેન્ડલર્સની ઓળખની સંપૂર્ણ વિગતો હજી જાહેર કરવાની બાકી છે, પરંતુ અધિકારીઓએ જણાવ્યું કે, ગુપ્ત માહિતી આધારિત આ રેડને કારણે એક સંભવિત જીવલેણ હુમલો નિષ્ફળ ગયો છે. આ ઘટના દિલ્હીના લાલ કિલ્લા મેટ્રો સ્ટેશન નજીક થયેલા કાર બ્લાસ્ટના ગણતરીના દિવસોમાં બની છે, જેમાં ૧૩ લોકોના જીવ ગયા હતા.

## અલકાયદા આતંકી કાવતરા મામલે ૫ રાજ્યોમાં દરોડા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૩**

ગેરકાયદેસર બાંગ્લાદેશી ઈમિગ્રન્ટ્સ સાથે સંકળાયેલા અલ-કાયદાના આતંકવાદી કાવતરાના કેસમાં રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) એ બુધવારે પાંચ રાજ્યોમાં ૧૦ સ્થળોએ દરોડા પાડ્યા હતા. NIA ટીમોએ પશ્ચિમ બંગાળ, ત્રિપુરા, મેઘાલય, હરિયાણા અને ગુજરાત રાજ્યોમાં શંકાસ્પદ અને તેમના સહયોગીઓના સ્થળોની તપાસ કરી હતી. ઘણા ડિજિટલ ઉપકરણો અને ગુનાહિત દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા હતા, જેની ફોરેન્સિક તપાસ કરવામાં આવશે.

NIA દ્વારા અલ કાયદા ગુજરાત કેસ મૂળ જૂન ૨૦૨૩ માં વિવિધ કલમો હેઠળ નોંધવામાં આવ્યો હતો. NIA ની અત્યાર સુધીની તપાસમાં બહાર આવ્યું છે કે ચાર બાંગ્લાદેશી નાગરિકો (જેમની ઓળખ મોહમ્મદ સોજીબામિયાન, મુન્ના ખાલિદ અંસારી ઉર્ફે મુન્ના ખાન, અઝરુલ ઈસ્લામ ઉર્ફે જહાંગીર ઉર્ફે આકાશ ખાન અને અબ્દુલ લતીફ ઉર્ફે મોમિનુલ અંસારી તરીકે થાય છે) એ નકલી ભારતીય ઓળખ દસ્તાવેજોનો ઉપયોગ કરીને ભારતમાં ઘૂસણખોરી કરી હતી. તેમના પ્રતિબંધિત આતંકવાદી સંગઠન અલ કાયદા સાથે સંબંધો હોવાનું જાણવા મળ્યું છે.

આ વ્યક્તિઓ બાંગ્લાદેશમાં અલ કાયદાના કાર્યકરો માટે ભંડોળ એકત્ર કરવા અને ટ્રાન્સફર કરવામાં અને મુસ્લિમ યુવાનોને સક્રિય રીતે પ્રોત્સાહિત કરવામાં પણ સામેલ હોવાનું જાણવા મળ્યું છે. ૧૦ નવેમ્બર, ૨૦૨૩ ના રોજ, NIA એ અમદાવાદની NIA સ્પેશિયલ કોર્ટમાં પાંચ આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરી.

ભારત અને સરહદ પાર કાર્યરત આતંકવાદી નેટવર્કની હાજરી, લિંક્સ અને નાણાકીય ચેનલો શોધવાના NIA ના પ્રયાસોના ભાગ રૂપે તપાસ ચાલુ છે.

આ જ રીતે, NIA એ મંગળવારે તેલંગાણા રાજ્યમાં ત્રણ અલગ અલગ આતંકવાદી કેસોમાં પ્રતિબંધિત CPI (માઓવાદી) ના ૨૧ કાર્યકરો સામે ચાર્જશીટ દાખલ કરી. હૈદરાબાદ સ્થિત NIA સ્પેશિયલ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી, જેમાં ૨૦ ધરપકડ કરાયેલા આરોપીઓ અને એક ભાગેડુ પર વિવિધ કલમો હેઠળ આરોપ મૂકવામાં આવ્યો હતો. આ વર્ષના મે મહિનામાં, તેલંગાણા પોલીસે મુલુગુ જિલ્લામાં ત્રણ અલગ અલગ સ્થળોએ દરોડા પાડ્યા હતા અને ઘણા માઓવાદી કાર્યકરોની ધરપકડ કરી હતી. તેમની પાસેથી ઓટોમેટિક એસોલ્ટ રાઈફલ્સ, દારૂગોળો, વિસ્ફોટકો, માઓવાદી સાહિત્ય અને અન્ય ગુનાહિત સામગ્રી જપ્ત કરવામાં આવી હતી.

## છત્તીસગઢ લીકર કૌભાંડમાં EDની મોટી કાર્યવાહી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૩**

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે (ED) છત્તીસગઢના કથિત લિકર કૌભાંડની ચાલી રહેલી તપાસમાં મોટી કાર્યવાહી કરી છે. એજન્સીએ મની લોન્ડરિંગ જોગવાઈઓ હેઠળ પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલના પુત્ર ચૈતન્ય બઘેલની ૬૧.૨૦ કરોડ રૂપિયાની સંપત્તિ અસ્થાયી રૂપે જપ્ત કરી છે.

ઈડીએ આ મામલે ૫૯.૯૬ કરોડ રૂપિયાની કિંમતના ૩૬૪ રહેણાંક પ્લોટ અને કૃષિ જમીન તેમજ ૧.૨૪ કરોડ રૂપિયા બેંક બેલેન્સ અને ફિક્સ્ડ ડિપોઝિટ જપ્ત કરી છે. ઈડીએ કહ્યું કે, આ પગલું છત્તીસગઢમાં કથિત લિકર કૌભાંડ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસોની તપાસ દરમિયાન લેવામાં આવ્યું છે. એજન્સીનું માનવું છે કે, આ કૌભાંડ દ્વારા ૨૫૦૦ કરોડ રૂપિયાની અપરાધની આવક એકઠી કરવામાં આવી હતી.

ઈડીની તપાસમાં બહાર આવ્યું છે કે, પૂર્વ મુખ્યમંત્રીના પુત્ર હોવાના કારણે ચૈતન્ય બઘેલ લિકર સિન્ડિકેટના ટોચના સ્થાને હતો. ચૈતન્યને લિકર સિન્ડિકેટના નિયંત્રક અને અંતિમ અધિકારી બનાવાયો હતો. ઈડીએ દાવો કર્યો છે કે, ચૈતન્ય સિન્ડિકેટ દ્વારા એકઠા કરાયેલા તમામ ગેરકાયદે નાણાંનો હિસાબ રાખતો હતો.

## ફિનોવેટ હેક ૨૦૨૫ : નાણાંકીય ટેક્નોલોજીને સ્માર્ટ બનાવતી હકેથોનનું સફળ આયોજન







**AI, ડેટા સાયન્સ અને બ્લોકચેનનો શ્રેષ્ઠ ઉપયોગ, વિજેતા ટીમોને ૪ લાખના ઈનામો**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**અમદાવાદ, તા.૧૩**

અદાણી એન્ટરપ્રાઈઝના સહયોગથી IIT ગાંધીનગર ઈનોવેશન એન્ડ એન્ટરપ્રેન્યોરશિપ સેન્ટર (IIEC), GIFT ઈન્ટરનેશનલ ફિનટેક ઈન્સ્ટિટ્યૂટ (GIFT IFI) દ્વારા ફિનોવેટ હેક ૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું. રાજ્યભરની કોલેજના ૯૦+ તેજસ્વી વિદ્યાર્થીઓ, ડેવલપર્સ તેમજ સંશોધકોએ ૨૪ કલાકની આ હેકેથોનમાં આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ (AI), ડેટા સાયન્સ અને બ્લોકચેનનો ઉપયોગ કરી રિયલ ટાઈમ પડકારોને સામનો કર્યો હતો.

ફિનોવેટ હેક ૨૦૨૫માં સહભાગીઓને ઔદ્યોગિક સમસ્યાઓનું સમાધાન અને માર્ગદર્શન સાથે અદાણી એન્ટરપ્રાઈઝ સહિત ફિનટેક ઈકોસિસ્ટમના લીડર્સ સાથે નેટવર્કની તક આપવામાં આવી. હેકાથોનમાં બે પડકારજનક સમસ્યાઓ આપવામાં આવી હતી, જેમાં દરેક શ્રેણીમાં દસ ટીમોએ સ્પર્ધા કરી.

શ્રેષ્ઠ પ્રદર્શન કરનારી ટીમોને રૂા.૪ લાખના રોકડ ઈનામો આપવામાં આવ્યા. ઉપરાંત વિજેતા ટીમને IIEC ખાતે ઈન્ક્યુબેશન સપોર્ટ પણ મળી શકે છે.

આ ઈવેન્ટનો મુખ્યઉદ્દેશ નવીનતા અને પ્રતિભા શોધને પ્રોત્સાહન આપવાની સાથે સુરક્ષિત, સ્કેલેબલ અને અસરકારક ફિનટેક સોલ્યુશન્સના વિકાસને વેગ આપવાનો છે. સહભાગીઓ તેમાં વ્યવહારુ અનુભવ, કૌશલ્ય વિકાસ અને પોર્ટફોલિયો વધારવાનો લાભ મેળવે છે.

ફિનોવેટ હેક ૨૦૨૫ માત્ર એક સ્પર્ધા જ નહીં પરંતુ ઝડપી પ્રોટોટાઈપિંગ, સહયોગ અને સમુદાય નિર્માણ માટેનું પ્લેટફોર્મ છે. જેમાં શિક્ષણ, ઉદ્યોગ અને મહત્વાકાંક્ષી નવીનતાઓને એકસાથે લાવી ભારતમાં નાણાકીય ભવિષ્યને નવો આકાર આપવા તકનીક બનાવવામાં આવે છે.

### હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સે ફંડિંગ બિલ પસાર કર્યું

# યુએસના ઇતિહાસના સૌથી લાંબા શટડાઉનનો આખરે અંત આવ્યો!

**રજા પર ઉતારી દેવામાં આવેલા લગભગ ૬,૭૦,૦૦૦ સરકારી કર્મચારીઓ કામ પર પરત ફરશે, આ ઉપરાંત પગાર વિના કામ કરી રહેલા એટલા જ કર્મચારીઓને વળતર મળશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**વોશિંગ્ટન ડી સી, તા.૧૩**

યુનાઈટેડ સ્ટેટ્સના ઈતિહાસમાં સૌથી લાંબા ગવર્મેન્ટ શટડાઉનને અંત આવવા જઈ રહ્યો છે. હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સે બુધવારે એક કામચલાઉ ફંડિંગ બિલ પસાર કર્યું હતું. બિલના પક્ષમાં ૨૨૨ અને વિરોધમાં ૨૦૯ મત પડ્યા હતાં, આ બીલને હવે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના હસ્તાક્ષર માટે મોકલી આપવામાં આવ્યું છે.

ટ્રમ્પ ટૂંક સમયમાં આ બિલ પર હસ્તાક્ષર કરે તેવી અપેક્ષા છે. આ બિલથી લશ્કરી બાંધકામ, નિવૃત્ત સૈનિકોની બાબતો, કૃષિ વિભાગ અને કોંગ્રેસ માટે આ નાણાકીય વર્ષ સુધી ફંડ મળી, જ્યારે બાકીના સરકારી વિભાગને જાન્યુઆરીના અંત સુધી ભંડોળ મળશે. ૪૩ દિવસથી સુધી ચાલી રહેલા શટડાઉનને કારણે થયેલા નાણાકીય નુકશાનનો અંદાજ હજુ લગાવવામાં આવી રહ્યો છે, પરંતુ અહેવાલ મુજબ કોંગ્રેસનલ બજેટ ઓફિસે આર્થિક વૃદ્ધિમાં લગભગ $૧૪ બિલિયનના નુકસાનનો અંદાજ લગાવ્યો છે. નોંધનીય છે કે, શટડાઉન લાગુ થયા બાદ ટ્રમ્પ વહીવટીતંત્રએ હજારો ફેડરલ કર્મચારીઓની છટણી કરી હતી. આ બિલ પસાર થતા જાન્યુઆરી સુધી ફેડરલ કર્મચારીઓને છટણી કરવામાં નહીં આવે છે અને કર્મચારીઓને પગારની ચુકવણી કરવામાં આવશે. રજા પર ઉતારી દેવામાં આવેલા લગભગ ૬,૭૦,૦૦૦ સરકારી કર્મચારીઓ કામ પર પરત ફરશે. આ ઉપરાંત પગાર વિના કામ કરી રહેલા એટલા જ કર્મચારીઓને વળતર મળશે. કૃષિ વિભાગ માટે ભંડોળ મળતા કે મુખ્ય ખાદ્ય સહાય યોજના પર આધાર રાખતા લોકોને બાકીના નાણાકીય વર્ષ દરમિયાન કોઈ અવરોધ વિના લાભ મળતા રહેશે. યુએસ સેનેટમાં આ બીલ સોમવારે પસાર કર્યું હતું, કેટલાક ડેમોક્રેટ્સે તેને સમર્થન આપ્યું હતું. બીલમાં ડેમોક્રેટિક પાર્ટી દ્વારા માંગ કરવામાં આવેલી મુખ્ય હેલ્થ કેર ખર્ચ જોગવાઈને બાદ કરવામાં આવી છે.

# દિલ્હીમાં વિસ્ફોટ બાદ કાર્યવાહી : સમગ્ર કાશ્મીર ઘાટીમાંથી ૧૫૦૦થી વધુની અટકાયત

(સંપૂર્ણ સમાચાર સેવા)
**શ્રીનગર, તા.૧૩**

દિલ્હીમાં થયેલા વિસ્ફોટ બાદ કાશ્મીર ઘાટીમાં સુરક્ષાદળો દ્વારા તપાસ અભિયાન વધુ આક્રામક બનાવી દેવાયું છે. આ અભિયાનમાં અત્યાર સુધીમાં ૧૫૦૦થી વધુ લોકોની અટકાયત કરવામાં આવી છે. જમ્મુ કાશ્મીર પોલીસે કહ્યું છે કે તપાસ ટીમો દ્વારા આશરે ૩૦૦ જેટલા સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. આ જે સ્થળોએ દરોડા પડાયા તે પ્રતિબંધિત જમાત-એ-ઈસ્લામી સાથે સંકળાયેલા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ઘાટીના મુખ્ય વિસ્તારો જેમ કે કુલગામ, પુલવામા, શોપિયાં, બારામુલ્લા વગેરેમાં મોટા પાયે તપાસ ટીમો ત્રાટકી હતી, માત્ર કુલગામમાં જ ૨૦૦ જેટલા સ્થળોએ દરોડા પડાયા હતા. છેલ્લા બેથી ત્રણ દિવસ દરમિયાન ૪૦૦ જેટલા સ્થળે તપાસ કરી લેવાઈ છે. જેમાં ૫૦૦થી વધુ લોકોની પૂછપરછ કરાઈ હતી. જ્યારે શંકા જતા આશરે ૧૫૦૦થી વધુની અટકાયત કરવામાં આવી છે. તપાસ દરમિયાન અનેક શંકાસ્પદ સામગ્રી મળી આવી છે. અલગતવાદીઓ અને કટ્ટરવાદીઓની ઈકો-સિસ્ટમ પર આ એક રીતે સીધો પ્રહાર માનવામાં આવી રહ્યો છે. દિલ્હીમાં વિસ્ફોટ થયો તેની લિંક જમ્મુ કાશ્મીર સાથે જોડાયેલી છે. જેને પગલે જમ્મુ કાશ્મીરમાં સુરક્ષાદળો વધુ એલર્ટ થઇ ગયા છે. આતંકીઓનું ફાઇનાન્શિયલ નેટવર્ક, ઓનલાઈન લિંક વગેરેને તોડવા માટે હાલ આ તપાસ અભિયાન ઘણુ જ મહત્વનું માનવામાં આવી રહ્યું છે. સુરક્ષા એજન્સીઓ દ્વારા ગુપ્ત માહિતી અપાઈ હતી જેના આધારે પોલીસ દ્વારા આ તપાસ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જેની પણ ધરપકડ કરવામાં આવી છે તેના દિલ્હી વિસ્ફોટ સાથે કનેક્શન અંગે પણ પૂછપરછ કરવામાં આવી રહી છે. કેટલાક આતંકવાદી હોવાની પણ શક્યતાઓ છે. જોકે અટકાયત કરાયી છે તેમની વધુ વિગતો જાહેર કરવામાં નથી આવી.

# શ્રીલંકાની ટીમ સ્વદેશ પરત ફરવા માંગે છે : ઈસ્લામાબાદ વિસ્ફોટ બાદ શ્રીલંકન ટીમમાં ગભરાટ

**PCBના વડા મોહસીન નકવીએ હવે જણાવ્યું છે કે શ્રેણી ચાલુ રહેશે, શેડ્યૂલમાં ફેરફાર કરવામાં આવ્યો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ઈસ્લામાબાદ, તા.૧૩**

ત્રણ મેચની ODI શ્રેણી રમવા માટે પાકિસ્તાનના પ્રવાસે ગયેલી શ્રીલંકાની ટીમ સુરક્ષા ચિંતાઓને કારણે સ્વદેશ પરત ફરવા માંગે છે. ઈસ્લામાબાદમાં થયેલા ઘાતક આત્મઘાતી હુમલાથી ખેલાડીઓ ગભરાઈ ગયા છે. જો કે, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)ના અધ્યક્ષ મોહસીન નકવીએ દાવો કર્યો છે કે શ્રેણી ચાલુ રહેશે, જેમાં શેડ્યૂલમાં થોડો ફેરફાર કરવામાં આવ્યો છે.

બંને ટીમો વચ્ચે ગુરુવારે રાવલપિંડીમાં યોજાનારી બીજી ODI મેચ શુક્રવાર સુધી મુલતવી રાખવામાં આવી છે, જ્યારે ત્રીજી મેચ હવે ૧૫ નવેમ્બરને બદલે ૧૬ નવેમ્બરે તે જ સ્થળે રમાશે.

શ્રીલંકાએ શ્રેણી માટે ૧૬ સભ્યોની ટીમ મોકલી હતી, તેમાંથી આઠ લોકો સ્વદેશ પાછા ફરવા માંગતા હોવાની માહિતી સામે આવી છે. શ્રીલંકા ક્રિકેટ (SLC)એ ખેલાડીઓની માંગ સ્વીકારી છે, પરંતુ તેમને અને ટીમના સપોર્ટ સ્ટાફને પ્રવાસ ચાલુ રાખવાની સૂચના પણ આપી છે.

એક નિવેદનમાં જીન્ઝએ જણાવ્યું હતું કે, "ટીમ મેનેજમેન્ટે અમને જાણ કરી હતી કે પાકિસ્તાનના પ્રવાસે રહેલી રાષ્ટ્રીય ટીમના ઘણા ખેલાડીઓએ સુરક્ષા ચિંતાઓનો હવાલો આપીને સ્વદેશ પાછા ફરવાની વિનંતી કરી છે. આ પછી SLCએ તાત્કાલિક ખેલાડીઓ સાથે વાત કરી અને તેમને ખાતરી આપી કે PCB અને સંબંધિત સુરક્ષા એજન્સીઓ સાથે મળીને તેમની બધી ચિંતાઓ પર ગંભીરતાથી વિચાર કરવામાં આવી રહ્યો છે જેથી સમગ્ર ટીમની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય."

PCBના વડા મોહસીન નકવીએ X પર લખ્યું: "શ્રીલંકાની ટીમના પાકિસ્તાન પ્રવાસ ચાલુ રાખવાના નિર્ણય બદલ આભાર." પાકિસ્તાન અને શ્રીલંકા વચ્ચેની ODI મેચ હવે ૧૪ અને ૧૬ નવેમ્બરના રોજ રાવલપિંડીમાં રમાશે.

SLCએ જણાવ્યું છે કે, જે ખેલાડીઓ ખરેખર પાછા ફરવા માંગે છે તેમના માટે તાત્કાલિક રિપ્લેસમેન્ટ મોકલવામાં આવશે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "જો કોઈ ખેલાડી અથવા સપોર્ટ સ્ટાફ સભ્ય SLCના નિર્દેશો છતાં ઘરે પાછા ફરવાનો નિર્ણય લે છે, તો શ્રીલંકા ક્રિકેટ તરત જ એક રિપ્લેસમેન્ટ ખેલાડી મોકલશે જેથી શ્રેણી વિક્ષેપિત ન થાય. જો કોઈ ખેલાડી અથવા સપોર્ટ સ્ટાફ સભ્ય આ સૂચનાનું ઉલ્લંઘન કરે છે, તો તેમના વર્તનની ઔપચારિક સમીક્ષા કરવામાં આવશે અને સમીક્ષા બાદ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે."

### પગાર આપ્યા વગર ભારતીય યુવાન પર અત્યાચાર ગુજાર્યો

# USમાં નોકરી સાથે ગ્રીનકાર્ડની લાલચ આપી ભારતીયને વેઠિયો બનાવી દીધો

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ન્યૂજર્સી, તા.૧૩**




યુએસના H-1B વિઝા મેળવીને હંમેશા માટે સ્થાયી થવાનું સપનું જોનારા લાખો ભારતીય યુવાનોની આંખ ખોલતો અનુભવ એક ટેકી યુવાનને થયો છે. ભારતીય મૂળના કંપનીએ તેના H-1B વિઝા રદ કરાવી દેવાની ધમકી આપીને વેઠિયો બનાવી દીધો હોવાની અને પગાર સુદ્ધાં ન ચૂકવ્યો હોવાના મામલે યુવાને યુએસની કોર્ટમાં કાનૂની કાર્યવાહી હાથ ધરી છે. ભારતીય યુવાનો માટે H-1B વિઝા સ્ક્વિડ ગેમ જેવા બની ગયા હોવાનું આ કેસ પરથી જણાય છે.

અમૃતેશ વલ્લભનેની નામના યુવાને કોર્ટમાં કરેલી રજૂઆત મુજબ, કંપનીએ તેને ગ્રીનકાર્ડ સ્પોન્સર કરવાની ખાતરી આપી હતી. કંપનીએ મૂકેલી શરતોનો સ્વીકાર ન કરે તો H-1B વિઝા રદ કરાવી ડીપોર્ટ કરવાની ધમકી આપી વેઠિયો બનાવી દીધો હતો. અમૃતેશને કેસ કરવા માટે મદદ કરનારા કન્સલ્ટન્ટ જય પાલ્મેરના જણાવ્યા મુજબ, ભારતીય કામદારો માટે આ સ્ક્વિડ ગેમ જેવું છે, જ્યાં એક માત્ર ઉદ્દેશ અમેરિકામાં રોકાઈ રહેવાનો હોય છે. તેના કારણે યુવાનોનું ખૂબ શોષણ થાય છે અને યુવાનો કંઈ કરી શકતા નથી. ભારતીય મૂળના સીઈઓ પોતાની ઓફિસમાં પણ જાતિ આધારિત ભેદભાવનો માહોલ સાથે લઈને આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, પાલ્મેર લેબર ટ્રાફિકિંગના એક્સપર્ટ છે અને ઘણાં અપરાધ-કૌભાંડને ઉઘાડા પાડી ચૂક્યા છે. અમૃતેશને યુએસની સિરીસોફ્ટ કંપનીએ H-1B વિઝા સાથે નોકરીની ઓફર કરી હતી. કંપનીએ તેને નોકરી પર લીધા પછી તરત જ અન્ય કંપનીઓમાં કોન્ટ્રાક્ટથી તૈનાત કરી દીધો હતો. બાદમાં આ યુવાન પાસે બળજબરીથી કામ કરાવાતું હતું અને છ મહિનાનો પગાર પણ અપાયો ન હતો. સરકારના નિયત ધોરણો કરતાં અત્યંત ઓછો પગાર આપી તેની પાસે કામ કરાવવામાં આવતું હતું. અમૃતેશ ના પાડે તો તેને ડીપોર્ટ કરાવવાની ધમકી અપાતી હતી. મહિનાઓની યાતના પછી આખરે તેણે યુએસની કોર્ટમાં કંપની તથા તેના સીઈઓ સામે કેસ કર્યો છે.




### અક્ષય કુમારને કોરીયન પ્રોડ્યુસર હ્યુનવૂ થોમસ કિમે ફિલ્મ ઓફર કરી

# અક્ષય કુમાર અને સૈફ અલી ખાને ચર્ચગેટમાં ૩૦-૪૦ ગાડીઓ ઉડાડી





(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૧૩ :** એક સમય હતો, જ્યારે મુંબઈના રસ્તાઓ પર ઘણી ફિલ્મના શૂટિંગ જોવા મળતા હતા. પરંતુ હવે એવું જવલ્લે જ જોવા મળે છે. જોકે, અક્ષય કુમાર અને સૈફ અલી ખાનની આવનારી ફિલ્મ 'હૈવાન' આ ફિલ્મોથી અલગ હોવાની ચર્ચા છે.

તાજેતરમાં જ અક્ષય કુમાર અને સૈફ અલી ખાને સાઉથ મુંબઈના ચર્ચગેટ રેલ્વે સ્ટેશન અને છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ બંને જગ્યાએ પાંચ દિવસ સુધી એક્શન સીનનું શૂટ કર્યું છે. આ અંગેના અહેવાલો અનુસાર તેમણે ચર્ચગેટ વિસ્તારમાં ઉંદર બિલ્લી જેવી દોડ-પકડની સિક્વન્સ શૂટ કરી હતી, જેમાં ૩૦-૪૦ ગાડીઓ આમથી તેમ ઉડતી હતી અને ૧૦૦ જુનિયર આર્ટીસ્ટ શૂટ કરી રહ્યા હતા. આ શૂટ પાંચ રાત સુધી ચાલ્યું હતું, જે એક્શન ડિરેક્ટર સ્ટંટ શિવા દ્વારા કરાયું હતું.

આ અંગે એક ઈન્ટરવ્યુમાં પ્રિયદર્શને કહ્યું છે, "અક્ષય અને સૈફ બંનેને ખબર હતી કે આ સીન કેવો હશે અને બંનેએ સહકાર આપ્યો હતો, અક્ષય વહેલો ઉંઘી જાય છે, છતાં." અક્ષય કુમારે હાલ 'હૈવાન'નું પોતાનું શૂટિંગ પૂરું કરી લીધું છે અને તે દુબઈ 'વેલકમ ટુ ધ જંગલ'ના શૂટ માટે પહોંચી ગયો છે.

લગભગ છેલ્લાં દસ વર્ષથી પોંસ પિક્ચર્સના કોરિયન પ્રોડ્યુસર હ્યુનવૂ થોમસ કિમ મુંબઈમાં કામ કરી રહ્યા છે, તેમણે ૨૦૧૬માં 'તીન', ૨૦૨૩માં 'જાને જાં', ૨૦૨૩માં 'બ્લાઈન્ડ' અને ૨૦૨૨માં 'સાકિની ડાકિની' જેવી ફિલ્મો બનાવી છે. હવે તેમણે અક્ષય કુમારને ફિલ્મ ઓફર કરી હોવાની ચર્ચા છે અને તેની સ્ક્રિપ્ટ પર થ્રિલર ફિલ્મ માટે જાણીતા સુજોય ઘોષ કામ કરી રહ્યા છે.

તાજેતરમાં જ તેમણે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે, ૨૦૧૪માં તેમને નિયમિત રીતે બાલાજી નામની કંપની પરથી મેઈલ આવતા હતા અને શરૂઆતમાં તો એમને લાગ્યું કે આ સ્પામ મેઈલ છે. એક દિવસ તેમણે મેઈલ ખોલ્યો અને તેમને ખબર પડી કે આ એક જાણીતું પ્રોડક્શન હાઉસ, બાલાજી મોશન પિક્ચર્સ છે અને તેઓ તેમની ફિલ્મ 'ધ ડિવોશન ઓફ સસ્પેક્ટ એક્સ'ની હિન્દી રીમેક માટે અધિકારો માગી રહ્યા છે. તેથી કિમને એ જાણવું હતું કે, આ રીમેક કોણ ડિરેક્ટ કરશે, તેમને કહેવાયું કે, સુજોય ઘોષને સાઈન કરાયા છે. પછી હ્યુનવૂએ સુજોયની 'કહાની' જોઈ અને તેઓ આ ફિલ્મથી ઘણા પ્રભાવિત થયા. એટલે તેઓ સુજોયને મળવા મુંબઈ આવ્યા. આ મીટિંગ પછી તેમણે બાલાજીને રાઈટ્સ આપી દીધા. પરંતુ આ ફિલ્મ કેમ ન બની તે અંગે તેમણે જણાવ્યું, "દૃષ્યમ બની ચુકી હતી અને તે આ જ વાર્તા પરથી પ્રેરિત હતી. હું દૃશ્યમના મેકર્સ પર દાવો માંડવા માગતો હતો, પરંતુ આવું ન કર્યું કારણ કે એકતા કપૂરે ટેકો પાછો ખેંચી લીધો." ૨૦૧૭માં તેઓ કન્નડા હિટ પુશ્પકા વિમાના સામેનો કેસ જીતી ગયા, જે તેમની ફિલ્મ 'મિરેકલ ઈન સેલ નં.૭'ની રીમેક હતી, જેના અધિકારો તેમની પાસે હતા.

બોમ્બે હાઈકોર્ટે પણ કન્નાડા ફિલ્મની ટીમને સેટેલાઈટ અને ટેલિકાસ્ટના કોઈ જ અધિકારોથી બાકાત કરી દેવાઈ. તેમણે કહ્યું કે, હવે તેમણે કોરિયન ફિલમની રીમેક ફિલ્મ માટે અક્ષય કુમારનો સંપર્ક કર્યો છે. તેમણે જણાવ્યું, "હજુ કાલે જ મેં અક્ષયને મેસેજ કર્યો છે, જેઓ હાલ લંડનમાં છે, તેમને ઈન્ડસ્ટ્રીમાં દરેકે જોઈ છે એવી એક ચોક્કસ ફિલ્મ જોવા કહ્યું છે. સુજોયે તેનો ડ્રાફ્ટ પણ કરી નાખ્યો છે. જો અક્ષય સહમત થશે તો આ ફિલ્મ બનશે. મેં પહેલાં આ ફિલ્મ વિશે શાહરુખને પણ મેસેજ કર્યો હતો, જેમણે પહેલાં મારી પાસે સ્ક્રીપ્ટ માગી હતી."

### સંતાનો એક્ટર બને તો, અર્શદ વારસી તેમના નામ ડિરેક્ટરને સૂચવશે નહીં

# બોલિવૂડમાં કોઈ કોઈને મદદ કરતું નથી : અર્શદ વારસી

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૧૩**

અર્શદ વારસીએ તાજેતરના એક ઈન્ટરવ્યુમાં એક્ટર્સના કલાકારો ઈન્ડસ્ટ્રીમાં આવે ત્યારે તેમનામાં સંઘર્ષ અને અનુભવનો અભાવ હોવાની વાત કરી છે. ઈન્ડસ્ટ્રીમાં નેપોટીઝમ અંગે વારંવાર ચર્ચાઓ થતી રહે છે. ત્યારે અર્શદ વારસીએ કહ્યું છે કે બોલિવૂડમાં કોઈ કોઈનું નથી. પોતાના બાળકો પણ એક્ટર્સ બનવા માગે છે, તે અંગે ઈન્ટરવ્યુમાં કહ્યું, "હા, મારો દિકરો અને દિકરી બંને એક્ટિંગ કરવા માગે છે. મારો દિકરો હાલ સિદ્ધાર્થ આનંદને આસિસ્ટ કરે છે, આ પહેલાં તે રાજુ હિરાનીને આસિસ્ટ કરી ચુક્યો છે. હા, હું બિલકુલ ડરું છું કે આજે આ કામ અઘરું થઈ ગયું છે. એક્ટિંગ હવે સરળ કામ રહ્યું નથી કારણ કે સફળતાનો દર ઘણો ઓછો છે. ૧૫૦ કરોડમાંથી જૂજ લોકો એક્ટર બની શકે છે." પોતાના બાળકોના નામ ડિરેક્ટર્સને સુચવીને તે તેમનું કામ સરળ કરી શકે છે, આ અંગે અર્શદે કહ્યું, "એહીં કોઈ કોઈને મદદ કરી શકતું નથી- તમારે જાતે જ તમારો રસ્તો બનાવવો પડે છે. હું કોઈ ડિરેક્ટરને ફોન કરીને મારા બાળકોમાં સેંકડો કરોડ રોકવા ન કહી શકું. મારા દિકરા પર કોઈ સટ્ટો કેમ રમે? કોઈ ફિલ્મમેકરને એક સામાન્ય ફોન કરું તો પણ એનો અર્થ એ જ થયો કે હું તેમની પાસેથી તેઓ પોતાની ફિલ્મ માટે મારા બાળકોને મળે એવી અપેક્ષા રાખું છું, જે હું કરીશ નહીં. કોઈ એવું કેમ કરશે? હું એમને એવું કહેવાનું કરું અને કોઈ ફિલ્મ મેકર એવું કેમ કરે? હું કોઈને મારા બાળકોના નામ કેમ સૂચવું?"

અર્શદનો દિકરો ઝેકી ૨૧ વર્ષનો છે અને કેટલાંક વર્ષોથી આસિસ્ટ કરી રહ્યો છે. તેની દિકરી ઝોઈ ૧૮ વર્ષની છે અને તે હજુ ભણે છે. અર્શદ કહે છે, બંનેને એક્ટિંગ કરવી છે.

### તાજેતરમાં નોરા સીઆરાઝ પોડકાસ્ટમાં હાજર રહી હતી

# નોરા ફતેહીએ શ્રેયા ઘોષાલને 'હરતી ફરતી ઓટોટ્યુન' ગણાવી

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૧૩**

એક્ટર ડાન્સર નોરા ફતેહીએ આંતરરાષ્ટ્રિય સ્તરે શ્રેયા ઘોષાલના વખાણ કર્યા છે, તેણે બોલિવૂડને ન જાણતાં લોકોને ભારતીય સંગીત અને સંસ્કૃતિનો પરિચય મેળવવા માટે શ્રેયા ઘોષાલના ગીતો સાંભળવા સૂચન કર્યું છે. તાજેતરમાં નોરા ફતેહી એક અમેરિકન પોડકાસ્ટમાં હાજર રહી હતી, જ્યાં તેણે કહ્યું કે 'શ્રેયા ઘોષાલનો અવાજ તેણે સાંભળેલો સૌથી સુંદર અવાજ છે'.



નોરા સીઆરાઝ પોડકાસ્ટમાં હાજર રહી હતી, જ્યાં તેણે પોતાની એક્ટિંગ અને સિંગિંગ કેરિઅરની સફર વિશે વાત કરી હતી. સાથે જ તેણે પોતાની બેલી ડાન્સિગની ટેલેન્ટ વિશે પણ વાત કરી છે. આ ચર્ચામાં જ્યારે નોરાને બોલિવૂડ વિશે ન જાણતાં લોકોએ કયા કલાકારને સાંભળવા જોઈએ એવું પૂછવામાં આવ્યું તો નોરાએ તરત જ શ્રેયા ઘોષાલનું નામ કહ્યું હતું. નોરાએ કહ્યું, "જો તમે બોલિવૂડ વિશે નથી જાણતા અને તમે એ શું છે એ જાણવાની કોશિશ કરો છો તો હું કહીશ શ્રેયા ઘોષાલને સાંભળો. એ અદ્દભુત છે. મેં તેની સાથે એક ગીત ગાયું છે, જેમાં હિન્દી ભાગ એણે ગાયો છે. તું એ સાંભળીને થોડાં જ દિવસોમાં મેસેજ કરીશ અને કહીશ, "વાઉવ!" તેનો અવાજ મેં સાંભળેલા સૌથી શ્રેષ્ઠ અવાજ છે. તેણે કેટલીક લોકપ્રિય ફિલ્મના સૌથી લોકપ્રિય ગીત ગાયેલાં છે, એ સિવાય તે સિંગલ્સ પણ ગાય છે. તે તો જાણે હરતી ફરતી ઓટોટ્યુન છે. એ જે રીતે ગાય છે તે આશ્ચર્યચકિત થઈ જવાય એવું છે. જે પણ વ્યક્તિ બોલિવૂડ સંગીતને કે સંસ્કૃતિને સમજવા માગે છે, તેણે શ્રેયાના સાંભળવી જોઈએ."

તાજેતરમાં શ્રેયા સાથે ગાયેલાં ગીત ઓહ મામા તેતેમા અંગે નોરાએ કહ્યું, "જ્યારે એ લોકોએ મને કહ્યું કે મારે તેની સાથે ગાવાનું છે, તો હું ડરી ગઈ હતી. હું ખોટું નહીં બોલું. હું કોઈ ગાયક નથી. હું તો બસ મજા લઉં છું. પરંતુ એ ખરા અર્થમાં ગાયક છે."

# પ્રિયંકા ચોપરા અને મહેશ બાબુની ફિલ્મનો ફર્સ્ટ લૂક રિલીઝ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૧૩ :** પ્રિયંકા ચોપરાએ છેલ્લા કેટલાક સમયથી બોલિવૂડની ફિલ્મોથી દૂરી બનાવી લીધી હોય એવું લાગી રહ્યું છે. ૨૦૨૧માં તે પ્રિયંકા ચોપરા 'ધ વ્હાઈટ ટાઈગર' ફિલ્મમાં જોવા મળી હતી. ત્યારબાદ તેણે બોલિવૂડની એકપણ ફિલ્મ કરી ન હતી. જોકે, હવે આ અભિનેત્રી એક તેલુગુ ફિલ્મમાં કામ કરવા જઈ રહી છે. આ ફિલ્મનું એક પોસ્ટર પણ રિલીઝ કરવામાં આવ્યું છે. જેમાં પ્રિયંકા ચોપરાનો ફર્સ્ટ લૂક જોવા મળ્યો છે.

લાંબા સમય બાદ અભિનેત્રી પ્રિયંકા ચોપરા ભારતીય ફિલ્મ ઉદ્યોગમાં ધમાકેદાર વાપસી કરવા જઈ રહી છે. મહેશ બાબુની આગામી ફિલ્મ 'ગ્લોબટ્રોટર્સ'માંથી પ્રિયંકા ચોપરાનો ફર્સ્ટ લુક પોસ્ટર જાહેર કરવામાં આવ્યો છે, જેણે ચાહકોમાં ઉત્સાહ જગાવ્યો છે. એસએસ રાજામૌલી દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મમાં પ્રિયંકા ચોપરા 'મંદાકિની'ની ભૂમિકા ભજવશે. આ ફિલ્મના પોસ્ટરમાં પ્રિયંકાનો અદભુત લુક જોવા મળ્યો છે. પ્રિયંકા ચોપરા પીળી સાડીમાં સજ્જ છે. તેણે કાનની બુટ્ટીઓ પહેરી છે અને તેના વાળ ગૂંથેલા છે. સૌથી આકર્ષક બાબત એ છે કે, તે એક્શન મોડમાં છે અને તેના હાથમાં બંદૂક જોવા મળી રહી છે. પ્રિયંકા ચોપરાએ આ પોસ્ટરને પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર શેર કર્યું છે. સાથોસાથ




કેપ્શનમાં લખ્યું છે કે, "તે જેટલી દેખાય છે, તેના કરતાં પણ વધુ સુંદર છે. મંદાકિનીને નમસ્તે કહો."

ચાહકો પ્રિયંકાના આ શક્તિશાળી અને પરંપરાગત છતાં એક્શનથી ભરપૂર લુકની ખૂબ પ્રશંસા કરી રહ્યા છે અને કમેન્ટ સેક્શનમાં પોતાની ઉત્સાહભરી પ્રતિક્રિયાઓ આપી રહ્યા છે. પ્રિયંકાના કેટલાક ચાહકોએ કોમેન્ટમાં 'વેલકમ બેક દેસી ગર્લ' લખ્યું છે. એક ચાહકે લખ્યું છે કે, 'જેવું પોસ્ટર છે, તેવી ફિલ્મ પણ હોય એવી આશા રાખીએ.' એક ફેન્સે તો પ્રિયંકાએ શેર કરેલા પોસ્ટરનો AI વીડિયો બનાવીને પણ શેર કર્યો છે. જેને જોઈને પણ તમે પ્રિયંકાના કિરદારનો અંદાજ લગાવી શકો છો.

# ઉમરગામ પેટા વિભાગમાં ચોમાસા બાદ માર્ગ અને બ્રિજના કામોનો પ્રારંભ કરાયો

**ચોમાસામાં ગ્રામ પંચાયત, કોમ્યુનિટી હોલ અને આંગણવાડીઓમાં બંધ રહેલા કાર્યો શરૂ કરાયાઃ નવા રસ્તાના કામો શરૂ થતાં ગ્રામજનોને વધુ સુવિધાસભર અને સુરક્ષિત માર્ગ વ્યવસ્થા મળશે, વાહનવ્યવહાર પણ સુગમ બનશે**





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૧૩**

ચોમાસુ વિદાય થતા વલસાડ જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન વિભાગના ઉમરગામ પેટા વિભાગમાં ગ્રામ્ય વિસ્તારના માર્ગો તથા બ્રિજોના સુધારણા અને નવા કાર્યોનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

નાહુલી આશ્રમશાળાથી એન.એચ. ૪૮ જોડતો માર્ગ, મોહનગામ દેડકિયા તળાવ ફળિયા માર્ગ, કોંક્રિટ રોડના તેમજ ડામર કામના કાર્યો હાથ ધરવામાં આવ્યા છે. ઉપરાંત સરીગામ પહાડપાડાથી અણગામ રામાશંકર ફળિયાને જોડતો માર્ગ પર સ્ટ્રક્ચરનું કામ તેમજ ઉમરગામ તાલુકાના અન્ય માર્ગો પર સાફ સફાઈનું કામ કરવામાં આવી રહ્યું છે.

વરસાદના કારણે બંધ રહેલા અન્ય ગ્રામ પંચાયત, કોમ્યુનીટી હોલ, આંગણવાડીઓમાં તમામ કાર્યો શરૂ કરવામાં આવ્યા છે. નવા રસ્તાના કામો શરૂ થતાં ગ્રામજનોને વધુ સુવિધાસભર અને સુરક્ષિત માર્ગ વ્યવસ્થા મળશે અને વાહનવ્યવહાર સુગમ બનશે. વિભાગ દ્વારા ગુણવત્તાસભર કાર્ય સમયસર પૂર્ણ થાય તે દિશામાં સતત દેખરેખ રાખવામાં આવી રહી છે.

### શંકાસ્પદ ગતિવિધિના કારણે કાર્યવાહી

# માંગરોળમાંથી જમ્મુ-કાશ્મીરના બે યુવકોની અટકાયત કરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા) **જૂનાગઢ, તા.૧૩**

દિલ્હીમાં લાલ કિલ્લા નજીક થયેલા કાર બ્લાસ્ટ બાદ દેશભરમાં સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ગઈ છે અને સઘન દરોડા પાડી રહી છે. આ જ સંદર્ભમાં ગુજરાતભરમાં પણ સુરક્ષા એજન્સીઓએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ત્યારે જૂનાગઢ સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રુપ (SOG) દ્વારા માંગરોળમાંથી બે શંકાસ્પદ કાશ્મીરી યુવકોને ઝડપી પાડવામાં આવ્યા છે.

મળતી માહિતી અનુસાર, જૂનાગઢ SOGને બાતમી મળતાં માંગરોળ શહેરમાં ખાનગી હોસ્પિટલ નજીકથી બે શંકાસ્પદ કાશ્મીરી યુવકોની અટકાયત કરવામાં આવી છે અને તેને પૂછપરછ માટે જૂનાગઢ SOG ખાતે લાવવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, આ બંને કાશ્મીરી શખસો માંગરોળ તેમજ આસપાસની મદ્રેસાઓમાંથી ફાળો ઉઘરાવતા હતા. આ બંને શંકાસ્પદ યુવકો જમ્મુ-કાશ્મીરના પુંછ જિલ્લાના રહેવાસી છે. એકની ઉંમર ૨૭ વર્ષ અને બીજાની ઉંમર ૨૦ વર્ષ છે. બંને કાશ્મીરી ભાઈઓ ટ્રેન મારફત માંગરોળ પહોંચ્યા હતા અને અહીં એક હોટેલમાં રોકાયા હતા. SOGદ્વારા આ બંને શંકાસ્પદ યુવકોના ગુજરાતમાં આવવાના હેતુ, તેમની પ્રવૃત્તિઓ અને દિલ્હી બ્લાસ્ટ સાથે સંભવિત જોડાણ અંગે તપાસ હાથ ધરવામાં આવી છે.

બીજી તરફ, ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના નવાબંદરમાં પણ પોલીસે એલર્ટના ભાગરૂપે કાર્યવાહી કરી હતી. જ્યાં કાશ્મીરથી આવેલા ત્રણ શખસો એક મસ્જિદમાં રોકાયા હોવાની માહિતી મળ્યા બાદ પોલીસે તેમની પૂછપરછ હાથ ધરી હતી. જો કે, પ્રાથમિક પૂછપરછમાં તેમની પાસેથી કોઈ શંકાસ્પદ બાબત મળી આવી નથી, પરંતુ હાલની સુરક્ષાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પોલીસે સતર્કતા દાખવી છે. દિલ્હીમાં થયેલા બ્લાસ્ટ બાદ ગુજરાતની સંવેદનશીલતા જોતાં રાજ્યભરની પોલીસ અને સુરક્ષા એજન્સીઓ કોઈપણ શંકાસ્પદ ગતિવિધિઓ પર ચાંપતી નજર રાખી રહી છે.

(પહેલાં પાનાનું ચાલુ)

**ગુરૂવારે કથાકાર મહામંડલેશ્વર...**

કથાનું શ્રવણ કરતા શિવભક્તો આનંદ અને રોમાંચથી ઝૂમી ઉઠ્યા હતા. આ પ્રસંગે શિવ અને પાર્વતીના વિવાહને દર્શાવતી એક ભવ્ય ઝાંખી રજૂ કરવામાં આવી હતી. આ ઝાંખી ભક્તોમાં આકર્ષણનું કેન્દ્ર બની હતી. વિવાહના દ્રશ્ય દરમિયાન, ભક્તોએ શિવ અને પાર્વતીની ઝાંખી પર ફૂલો વરસાવ્યા હતા.

આજે કથાના ત્રીજા દિવસે ભાગવત કથાનું વર્ણન કરતી વખતે મહામંડલેશ્વર હેમલતા સખીએ જણાવ્યું હતું કે, મનુ શતરૂપાની પુત્રી આકૂતિના લગ્ન પુત્રિકા ધર્મ અનુસાર રુચિ પ્રજાપતિ સાથે થયા હતા, અને પ્રસુતિની પુત્રીના લગ્ન બ્રહ્માના પુત્ર દક્ષ પ્રજાપતિ સાથે થયા હતા. તેમનાથી, તેમને સુંદર આંખોવાળી સોળ પુત્રીઓ ઉત્પન્ન થઈ. આમાંથી, તેર પુત્રીઓ શ્રદ્ધા, મિત્રતા, દયા, શાંતિ, સંતોષ, પુષ્ટિ, ક્રિયા, પ્રગતિ, શાણપણ, બુદ્ધિ, સહનશીલતા અને ધર્મના મૂર્ત સ્વરૂપ બની. અગ્નિદેવ સ્વધા નામની પુત્રી બધા પૂર્વજોની મૂર્ત સ્વરૂપ બની, અને સતી નામની પુત્રી મહાદેવની મૂર્ત સ્વરૂપ બની.

તેમણે જણાવ્યું હતું કે, સતી ફક્ત તેના પતિની સેવા કરવા માટે સમર્પિત હતી. દક્ષ પ્રજાપતિની બધી પુત્રીઓને બાળકોનો આશીર્વાદ મળ્યો હતો, પરંતુ સતીના પિતા દક્ષે કોઈ દોષ વિના ભગવાન શિવ પ્રત્યે પ્રતિકૂળ વર્તન કર્યું હતું. તેથી, સતીને કોઈ સંતાન ન હતું, અને તેની યુવાનીમાં, ક્રોધથી, તેણે યોગ દ્વારા પોતાનું બલિદાન આપ્યું. ભાગવત કથા દરમિયાન ભજનોની રમઝટ પણ બોલાવવામાં આવી હતી. જેના પર ભક્તો ભક્તિમાં તરબોળ બની ઝૂમી ઉઠ્યા હતા.

કથાકાર મહામંડલેશ્વર હેમલતા સખીએ જાહેરાત કરી હતી કે આવતી કાલે શુક્રવારે શિવ-પાર્વતી પાર્વતી તથા પ્રસંગ શ્રી કૃષ્ણના જન્મની કથાનું વર્ણન કરવામાં આવશે. આ પ્રસંગે મુખ્ય યજમાન ગોપાલભાઈ ટંડેલ (દાદા), સમિતિના અધ્યક્ષ શ્રીમતી સિમ્પલબેન કાટેલા સહિત મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ કથાનું રસપાન કર્યું હતું.

# બિહારમાં બંને તબક્કાનું મતદાન પૂર્ણ થયા બાદ આજે પરિણામ

(સંપૂર્ણ સમાચાર સેવા) **પટણા, તા.૧૩**

બિહારમાં બંને તબક્કાનું મતદાન પૂર્ણ થયા બાદ આવતીકાલે(૧૪ નવેમ્બર) પરિણામ જાહેર થશે. બિહાર વિધાનસભા ચૂંટણીના બંને તબક્કામાં ભારે મતદાન થયું. વિધાનસભાની કુલ ૨૪૩ બેઠકો માટે કુલ ૬૬.૯૧ ટકા મતદાન થયું. ત્યારે હવે RJDના MLCના વિવાદિત નિવેદનને લઈને તેમના વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે.

બિહાર વિધાનસભા ચૂંટણીના પરિણામોને લઈને વિવાદિત નિવેદન આપવા અંગે લાલુ યાદવ અને તેજસ્વી યાદવની પાર્ટી RJDના MLC સુનીલ કુમાર સિંહ ફસાયા છે. બિહાર પોલીસ વડા (DGP) વિનય કુમારે સુનીલ સિંહ પર FIRના આદેશ આપ્યા છે. સુનીલ સિંહે ગુરુવારે પોતાના નિવેદનમાં કહ્યું હતું કે, ૨૦૨૦માં ચાર-ચાર કલાક મતગણતરી અટકાવી દેવાઈ હતી. જો બિહાર ચૂંટણીની મતગણતરી દરમિયાન જો કોઈ હેરાફેરી કરવામાં આવી તો બિહારના રોડ પર પણ એ જ દ્રશ્ય જોવા મળશે જે નેપાળ, બાંગ્લાદેશ અને શ્રીલંકામાં જોવા મળ્યું હતું. ત્યાં જે પ્રકારની સત્તાના વિરોધમાં લહેર ઉઠી એવી સ્થિતિ બની જશે. પરિસ્થિતિ પર કાબૂ મેળવવું મુશ્કેલ થશે. સરકારમાં સામેલ લોકો ગડબડી કરી શકે છે. આ વખતે એવું કર્યું તો મોંઘું પડશે.

# રાજકોટ શહેરમાં મરઘા ગેંગના આરોપીઓનું જાહેરમાં સરઘસ અને રિકન્સ્ટ્રક્શન કરાયું

(સંપૂર્ણ સમાચાર સેવા) **રાજકોટ, તા.૧૩**

રાજકોટ શહેરમાં ૨૯ ઓક્ટોબરના રોજ મંગળા રોડ પર પેંડા અને મરઘા ગેંગ વચ્ચે થયેલા સામસામે અંધાધૂંધ ફાયરિંગના ચકચારજનક કેસમાં પોલીસે ઝડપાયેલા આરોપીઓનું આજે ઘટનાસ્થળે રિકન્સ્ટ્રક્શન હાથ ધર્યું હતું. જેથી ગુનાની સાચી હકીકત અને આરોપીઓની ભૂમિકા સ્પષ્ટ થઈ શકે.

ક્રાઈમ બ્રાન્ચ અને SOGની ટીમે ગેંગવોરના મુખ્ય સૂત્રધાર સહિતના આરોપીઓને મંગળા રોડ પરની ઘટનાસ્થળે લાવ્યા હતા. આ દરમિયાન પોલીસે સમીર ઉર્ફે મરઘા સહિતના આરોપીઓનું જાહેરમાં સરઘસ કાઢ્યું હતું, જેથી ગુનાહિત માનસિકતા ધરાવતા અન્ય તત્ત્વોમાં કાયદાનો ડર પેદા થાય.

પોલીસ દ્વારા અત્યાર સુધીમાં આ ગેંગવોર મામલે કુલ ૨૦ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

પોલીસના જણાવ્યા મુજબ, છેલ્લા ૧૦ મહિનામાં આ બંને ગેંગ વચ્ચે ત્રણ-ત્રણ વખત સામસામે ફાયરિંગની ઘટનાઓ બની હતી, જેનાથી શહેરની શાંતિ જોખમાઈ હતી. ગુનાઓની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, પોલીસે કાયદાનો કડક હાથે અમલ કરવા માટે પેંડા ગેંગના ૧૭ આરોપીઓ વિરુદ્ધ ગુજસીટોક કાયદા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

### લાયન્સ ક્લબ ઓફ વાપી તરંગીની દ્વારા

# સમર્પણજ્ઞાન સ્કૂલમાં પીસ પોસ્ટર કોન્ટેસ્ટ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીનું સન્માન કરાયું



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૧૩**

વાપી ખાતે આવેલ સમર્પણ જ્ઞાનસ્કૂલમાં તારીખ ૧૨મી નવેમ્બરને બુધવારના રોજ લાયન્સ ક્લબ ઓફ વાપી તરંગીની દ્વારા વિજેતા સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે લાયન્સ ડિસ્ટ્રિક્ટ 3232-F2ની ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન મોનાબેન દેસાઈ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના હસ્તે વિજેતા ક્રિષા બિપીન પટેલને મેડલ તથા પ્રમાણપત્ર અર્પણ કરી શુભકામનાઓ પાઠવી હતી.

આ કાર્યક્રમ ૧૭મી સપ્ટેબરનાં દિને યોજવામાં આવ્યો હતો. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે શાળા ૧૭ અલગ અલગ પ્રવૃત્તિઓ કરાવાઇ હતી. જેમાં ચિત્રકળામાં રસ ધરાવતા વિદ્યાર્થીઓએ પીસ પોસ્ટર કોન્ટેસ્ટમાં ભાગ લીધો હતો આ વર્ષે સ્પર્ધાનું થીમ "Together As One" હતી, જેના આધારે ભાગ લેનારા સર્વે વિદ્યાર્થીઓએ સુંદર, અદ્ભૂત અને સંદેશાસભર ચિત્ર રચી સૌનું ધ્યાન ખેંચ્યું હતું. એ સ્પધાનું પરિણામ જાહેર દિવસ આજે યોજાયો હતો.

કાર્યક્રમમાં જીએમટી કોર્ડીનેટર લાયન દર્શના તુર્કિયા, સ્કૂલ ફાઉન્ડર ટ્રસ્ટી અને લાયન પરિવારના પીવિએમસીસી લાયન શ્રી મુકેશભાઈ પટેલ, સ્કૂલ ચેરપર્સન લાયન શ્રીમતી હિનાબેન પટેલ, લાયન્સ ક્લબ ઓફ વાપી તરંગીનીના પ્રમુખ લાયન ચૈતાલી પાટિલ, ટ્રેઝરર લાયન શ્રીમતી દક્ષાબેન પટેલ, લાયન પરિવારના અન્ય સદસ્યો, શિક્ષકગણ, વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. લાયન શ્રીમતી મોનાબેન દેસાઈએ પોતાના પ્રેરણાદાયી સંબોધનમાં જણાવ્યું હતું કે, 'વિદ્યાર્થીએ મહેનત, સંકલ્પ અને સેવા ભાવના સાથે શિક્ષણમાં આગળ વધવું જોઈએ. સમાજ માટે ઉપયોગી નાગરિક તરીકે વિકસવું એ જ સાચી સફળતા છે.'

આ પ્રસંગે સ્કૂલ ચેરપર્સન શ્રીમતી હિનાબેન પટેલે કાર્યક્રમમાં બધા આશીર્વચન આપ્યા અને બાળકોને ભાવિ જીવનમાં સતત પ્રગતિ માટે શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, 'આવાં કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓમાં શાંતિ, એક્તા અને માનવતાના મૂલ્યોને પ્રોત્સાહિત કરી શકાય છે, તેમજ તેમની સર્જનાત્મક પ્રતિભા અને આત્મવિશ્વાસમાં વધારો કરે છે. ઉત્સાહ અને આનંદના માહોલ વચ્ચે કાર્યક્રમનો સમાપન થયો હતો. બાળકોના ચહેરા પર ખુશીની લહેર ફેલાઈ જવા પામી હતી.

# વલસાડ જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરોએ ધારાસભ્ય પાટકરની ધર્મનિધિ અભિયાન અંતર્ગત મુલાકાત લીધી




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૧૩**

વિશ્વ હિન્દુ પરિષદ પ્રાંતના કોષાધ્યક્ષશ્રી જીનેશભાઈ નહારજી સાથે પ્રાંત સહ કોષાધ્યક્ષ તથા વલસાડ જિલ્લાના વાલીશ્રી દિપકભાઈ શેઠ પ્રવાસે પધારતા એઓ સાથે વિભાગના વિશેષ સંપર્ક પ્રમુખશ્રી પિયુષભાઈ શાહ (શામળશા), જિલ્લા ઉપાધ્યક્ષશ્રી અંકિતભાઈ શાહ ધર્મરક્ષા નિધિ માટે ઉમરગામના ધારાસભ્ય શ્રી રમણભાઈ પાટકરની શુભેચ્છા મુલાકાત કરતા તેઓશ્રીએ પોતાનો ધર્મરક્ષા નિધિ ચેક વિહિપ પદાધિકારીઓને અર્પણ કર્યો હતો.

આ પ્રસંગે પદાધિકારીઓએ ખેસ પહેરાવી રમણભાઈનું સન્માન કર્યુ હતું તેમજ સરીગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખશ્રી તથા ગુજરાત (FIA) ફેડરેશન ઈન્ડસ્ટ્રીઝ એસોસિએસનના નવા પ્રમુખશ્રી નિર્મલભાઇ દુધાનીનું પણ ખેસ પહેરાવી સન્માન સ્વાગત કરી સામાજીક અગ્રણી શ્રી સજ્જનભાઈ મુરારકા તથા શ્રી પ્રતિકભાઈ રાયની શુભેચ્છા મુલાકાત કરતા ધર્મરક્ષા નિધિ માટે પોતાનું સમર્પણ તેમજ ઈન્ડસ્ટ્રી એસોસીએશન સાથે ચર્ચા કરી વધુમાં વધુ ધર્મરક્ષા નિધી મેળવી આપવાની બાંહેધરી આપવામાં આવી હતી.

આ પ્રસંગે જય જય શ્રીરામ સાથે મહાનુભાવોએ ભારતીય સનાતન ધર્મ સંસ્કૃતિ સાથે સમાજ ઘડતર માટે સહકારથી સહયોગની ભાવના વ્યક્ત કરી હતી.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM PALAK SATYANBHAI KAPADI TO **PALAK SATYENBHAI KAPADI** AS PER DOCUMENT

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM KAPADI LAY SATYEN TO **LAY SATYENBHAI KAPADI** AS PER DOCUMENT

**CHANGE OF NAME**

I HAVE CHANGE OF MY NAME FROM NIKUNJ ASHOKBHAI NAVADIYA TO
**NEW NAME NIKUNJ NAVADIYA**
**ADD.** FLAT NO. F-702, TIRUPATI RESIDENCY, NEAR BALAJI MANDIR, AMLI, SILVASSA- 396230, UT OF DNH&DD

**CHANGE OF NAME**

I HAVE CHANGE OF MY NAME FROM SWAPNIL GANGE TO
**NEW NAME SWAPNIL SAMADHAN GANGE**
**ADD.** H NO. 32 32(6), PATELPADA, RAKHOLI, SILVASSA- 396230, UT OF DNH&DD

**CHANGE OF NAME**

**OLD NAME:**
HALPATI JIGNESHA BHARAT
**NEW NAME:**
**JIGNESHA BHARAT HALPATI**
**ADDRESS:** 4/2 TAKI FALIYA BORIYA TALAV, MOTI DAMAN

**જાહેર નોટિસ**

આથી જાહેર જનતાને જણાવવાનું કે, દાદરા નગર હવેલી અને દમણ અને દીવ સંઘપ્રદેશના મોજે ખેરડી ગામે આવેલ ખાતા નં. ૧૪ જેના સર્વે નં. ૨૫૪/૧ વિસ્તાર હે. ૦-૯૮.૭૭ આરે, સં.નં. ૨૬૦ વિસ્તાર હે. ૦-૧૭.૯૨ આરે, સં.નં. ૩૨૮ વિસ્તાર હે.૦-૦૧.૭૮ આરે, સં.નં. ૩૩૬/૧ વિસ્તાર હે. ૦.૦૦.૬૬ આરે, સ.નં. ૩૩૮ વિસ્તાર હે. ૦-૨૪.૮૪ આરે, સં.નં. ૪૧૭/૧ વિસ્તાર હે. ૦-૬૫.૪૪ આરે, સં.નં. ૪૧૭/૨ વિસ્તાર હે.૦-૦૮.૦૦ આરે, અને સં.નં. ૪૧૭/૩ વિસ્તાર હે. ૦-૦૦.૭૪ આરે કુલ વિસ્તાર હે. ૨-૧૮.૧૫ આરે વાળી ખેતીની જમીન ૧) કાકડ લાછીયા માહલા અને ૨) બાબી લાછીયા માહલાના સંયુક્ત નામે ચાલી આવેલ છે. જે જમીન માલિકો પૈકી કાકડ લાછીયા માહલાનુ તા.૧૮/૦૩/૨૦૨૦ના રોજ ખેરડી મુકામે અવસાન પામેલ છે. જેના કોઈપણ સીધીલીટીના વારસદારો નથી. જેઓ અપરણિત બિન-વારસ મરણ પામેલ છે. જેના આડીલીટીના વારસદારમાં મર્હુમના ભાઈ શ્રી બાબી લાછીયા માહલા છે. સદરહું જમીનના સહ-માલિક શ્રી બાબી લાછીયા માહલાએ ઉપરોક્ત સર્વે નંબરો વાળી જમીનમાંથી મર્હુમ કાકડ લાછીયા માહલાનું નામ રેવન્યુ રેકર્ડ દફતરેથી કમી કરવા માટે અરજી કરેલ છે. સદર અરજી બાબતે કોઈપણ વ્યક્તિનો દરદાવો હોય તો તેમણે આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન ૭ માં તેવા હક્ક દાવાઓ સંબંધી દસ્તાવેજી પુરાવાઓ લાવી હમો નીચે સહી કરનારને રૂબરૂ વાંધાઓ દસ્તાવેજી પુરાવાઓ સાથે રજૂ કરવા. નહીંતર સદરહુ મુદત વિત્યેથી મજકુર મિલકતમાં અન્ય કોઈના કોઈપણ હક્ક દાવો નથી અને જો કાંઈ હોય તો તે જતા કર્યા છે એવું માની સદર ઉપરોક્ત મિલકતમાંથી મર્હુમ કાકડ લાછીયા માહલાનું નામ કમી કરાવી શ્રી બાબી લાછીયા માહલાનું એકલાનું નામ રેવન્યુ રેકર્ડ દફતરે કાયમ કરાવી લેશે અને પાછળથી મજકુર મિલકતના હક્ક દાવા સંબંધી કોઈની કોઈપણ તકરાર ચાલશે નહીં, જેની નોંધ લેવી.

**સ્થળ - સેલવાસ**
**તા.૧૨/૧૧/૨૦૨૫**

**મારી સૂચનાથી**
**બાબી લાછીયા માહલા**

**હિતેશ કે. ભંડારી**
(એડવોકેટ)
૨૩૯, લેન્ડમાર્ક, ટોકરખાડા, સેલવાસ, દાદરા અને નગર હવેલી, પિન કોડ નં. ૩૯૬૨૩૦
મો. નં. ૦૯૮૨૪૫૯૮૮૪૪

# પ્રાઈમા પ્લાસ્ટિક્સ લિમિટેડ

રજિસ્ટર્ડ ઓફિસ : ૯૮/૪, પ્રાઈમા હાઉસ, દમણ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, કડૈયા, નાની દમણ, દમણ (સંઘપ્રદેશ) - ૩૯૬ ૨૧૦.
CIN - L25206DD1993PLC001470 ફોન.નં. 0260-2220445
ઈમેઈલ: investor@primaplastics.com વેબસાઈટ: www.primaplastics.com

**૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ના પૂરા થતાં ત્રિમાસિક અને છ માસિક ગાળાના હિસાબી ચકાસણી ન કરાયેલ નાણાંકીય પરિણામોનો નિષ્કર્ષ**

(પ્રતિ શેર ડેટા સિવાય ₹ લાખમાં)

| ક્રમ | વિગતો | એકલ | | | | | એકત્રિત | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ત્રિમાસિક ગાળો | | છ માસિક ગાળો | | વાર્ષિક | ત્રિમાસિક ગાળો | | છ માસિક ગાળો | | વાર્ષિક |
| | | ૩૦-૦૯-૨૦૨૫ | ૩૦-૦૯-૨૦૨૪ | ૩૦-૦૯-૨૦૨૫ | ૩૦-૦૯-૨૦૨૪ | ૩૧-૦૩-૨૦૨૫ | ૩૦-૦૯-૨૦૨૫ | ૩૦-૦૯-૨૦૨૪ | ૩૦-૦૯-૨૦૨૫ | ૩૦-૦૯-૨૦૨૪ | ૩૧-૦૩-૨૦૨૫ |
| | | બિન ચકાસેલ | બિન ચકાસેલ | બિન ચકાસેલ | બિન ચકાસેલ | ચકાસેલ | બિન ચકાસેલ | બિન ચકાસેલ | બિન ચકાસેલ | બિન ચકાસેલ | ચકાસેલ |
| 1. | કુલ આવક | 3,441.95 | 3,197.49 | 7,216.97 | 5,924.38 | 13,972.68 | 4,955.42 | 4,385.46 | 9,737.13 | 8,492.27 | 19,411.91 |
| 2. | આ સમયગાળા માટે ચોખ્ખો નફો/(નુકસાન) (કરવેરા પહેલાં, અપવાદરૂપ અને/અથવા અસાધારણ વસ્તુઓ) | (101.99) | (120.02) | 604.52 | (209.27) | 614.08 | 375.68 | 328.55 | 950.99 | 791.91 | 2,360.80 |
| 3. | આ સમયગાળા માટે ચોખ્ખો નફો/(નુકસાન) (કરવેરા પહેલાં, અપવાદરૂપ અને/અથવા અસાધારણ વસ્તુઓ પછી) | (101.99) | (120.02) | 604.52 | (209.27) | 614.80 | 375.68 | 328.55 | 950.99 | 791.91 | 2,360.80 |
| 4. | આ સમયગાળા માટે ચોખ્ખો નફો/(નુકસાન) (કરવેરા પછી, અપવાદરૂપ અને/અથવા અસાધારણ વસ્તુઓ પછી) | (71.97) | (89.82) | 499.88 | (166.84) | 419.32 | 331.22 | 298.39 | 678.70 | 699.94 | 1,823.95 |
| 5. | આ સમયગાળાની કુલ વિસ્તીર્ણ આવક | (71.97) | (89.82) | 499.88 | (166.84) | 401.11 | 763.60 | 337.90 | 1,627.13 | 757.72 | 1,985.35 |
| 6. | ઈક્વીટી શેર મૂડી | 1,100.05 | 1,100.05 | 1,100.05 | 1,100.05 | 1,100.05 | 1,100.05 | 1,100.05 | 1,100.05 | 1,100.05 | 1,100.05 |
| 7. | પાછલા હિસાબી વર્ષના સરવૈયા મુજબ રિવેલ્યુએશન રિર્ઝવને બાદ કરતા અનામત | - | - | - | - | 6,435.92 | - | - | - | - | 16,975.85 |
| 8. | શેરદીઠ કમાણી (દરેક રૂા.૧૦/-ની ફેસ વેલ્યુ) બેઝિક અને ડાઈલ્યુટેડ (વાર્ષિક નથી) (રૂા.માં) | (0.65) | (0.82) | 4.54 | (1.52) | 3.81 | 2.77 | 2.54 | 5.66 | 5.96 | 15.64 |

**નોંધ:**
૧. ઉપરોક્ત સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના નિયમન ૩૩ હેઠળ સ્ટોક એક્ચેન્જમાં ફાઈલ કરાયેલ ત્રિમાસિક અને અર્ધવાર્ષિક નાણાંકીય પરિણામોના વિગતવાર ફોર્મેટનો અર્ક છે. નાણાંકીય પરિણામોનું સંપૂર્ણ ફોર્મેટ સ્ટોક એક્ચેન્જની વેબસાઈટ (www.bseindia.com) અને કંપનીની વેબસાઈટ (www.primaplastics.com) પર ઉપલબ્ધ છે.
૨. અગાઉના સમયગાળા/વર્ષનો આંકડો જ્યાં જરૂર જણાયેથી પુનઃ વર્ગીકૃત અને પુનર્રચિત કરાયેલ છે.



**સ્થળ : મુંબઈ**
**તારીખ : ૧૨ નવેમ્બર, ૨૦૨૫**

**બોર્ડના આદેશથી**
**પ્રાઈમા પ્લાસ્ટિક્સ લિમિટેડ વતી**
**સહી/-**
**ભાસ્કર એમ. પારેખ**
**ચેરમેન**
**DIN No.: 00166520**

વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# સરીગામ પ્લાસ્ટિક ઝોનમાંથી પ્રદૂષિત પાણી ટોકરખાડીમાં આવતા સ્થાનિકોમાં રોષ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સરીગામ, તા.૧૩**

સરીગામ પ્લાસ્ટિક ઝોનમાં પ્રદૂષિત પાણીની વહન કરતી ગટરની ચેમ્બર ઉભરાતા ગુલાબી કલરનું પ્રદૂષિત પાણી પુષ્કળ પ્રમાણમાં ટોકરખાડીમાં આવી જતા માંડા ગામના માજી સરપંચશ્રી પ્રભુભાઈ ઠાકરીયાએ જવાબદાર વિભાગના અધિકારીઓને ફરિયાદ કરવાની ફરજ પડી હતી. ઘટના સવારના ૧૦ કલાકથી ૧૧:૩૦ કલાક સુધી દરમિયાન બનવા પામી હતી. ફરિયાદને પગલે જીપીસીબીના અધિકારીઓ ઘટના સ્થળે ધસી આવી પ્રદૂષિત પાણીના નમૂનાઓ એકત્રિત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ ઘટનાના સંદર્ભમાં માજી સરપંચશ્રી પ્રભુભાઈ ઠાકરીયાએ આક્રોશ વ્યક્ત કર્યો હતો તેમજ જીપીસીબીના અધિકારીઓ નિયમનું ઉલ્લંઘન કરતી કંપનીઓ સામે કાયદાકીય પગલાં ભરે એવી માંગ કરી હતી.

અત્રે નોંધનીય છે કે, સરીગામ પ્લાસ્ટિક ઝોનમાં આ પ્રકારની ઘટના વારંવાર પ્રકાશમાં આવે છે અને એનું પ્રદૂષિત પાણી પ્લાસ્ટિક ઝોનમાંથી પસાર થયેલી ટોકરખાડીમાં પ્રવેશતા ગ્રામજનોને નુકસાનીનો સામનો કરવો પડે છે. જેથી જવાબદાર વિભાગ આ પ્રકારે પ્રકાશમાં આવતી ઘટના સામે કડક રહે, કામગીરી હાથ ધરે એવી પ્રજામાં માંગ છે. આ ઘટનામાં જીપીસીપીનો રિપોર્ટ આવ્યા બાદ જ દોષિત કંપનીનું નામ બહાર આવશે.

# SIR :મતદારોના પ્રશ્નોના જવાબ અને માર્ગદર્શન આપવા માટે BLO ચાર દિવસ મતદાન મથકે રહેશે

**મતદારને કોઈ પ્રશ્ન હોય તો ઝડપથી નિરાકરણ લાવવા બીએલઓ તા. ૧૫,૧૬, ૨૨ અને ૨૩ નવેમ્બરે હાજરી આપશેઃ 'કોઈ સાચો મતદાર રહી ન જાય ને ખોટો મતદાર યાદીમાંથી દૂર થાય' તે માટે પ્રયાસ**

### કોઈ મતદારોને હજુ પણ ફોર્મ ન મળ્યા હોય તે પણ બીએલઓનો સંપર્ક કરી શકે તે માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૧૩**

હાલ વલસાડના જિલ્લામાં મતદાર યાદી સઘન સુધારણા કાર્યક્રમ ચાલી રહ્યો છે. આ કાર્યક્રમમાં 'કોઈ સાચો મતદાર રહી ન જાય ને ખોટો મતદાર યાદીમાંથી દૂર થાય' તે માટે પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. પહેલા અઠવાડિયામાં બીએલઓ દ્વારા ભારતના ચૂંટણીપંચ તરફથી આપવામાં આવેલા ફોર્મ ઘરે ઘરે જઈ વિતરણ કરવામાં આવ્યા છે અને હવે બીએલઓ ચાર દિવસ તા. ૧૫, ૧૬, ૨૨ અને ૨૩ નવેમ્બરના રોજ પોતાના બુથ ઉપર સવારે ૯ થી ૧ સુધી બેસવાના છે. જેથી કોઈ મતદારને કોઈ પ્રશ્ન હોય તો તેનું ઝડપથી નિરાકરણ લાવી શકાય.

મતદાર યાદી સઘન સુધારણા કાર્યક્રમ અંતર્ગત બીએલઓને મહત્વની કામગીરી સોંપવામાં આવી છે. આ કામગીરીમાં મતદારો જે હાલ યાદીમાં છે તેમનું વેરિફિકેશન થાય તે માટે બીએલઓ ઘરે ઘરે જઈ ભારતનું પંચ દ્વારા આપવામાં આવેલા ફોર્મ જે તે મતદારોને આપી આવ્યા છે. એટલું જ નહીં આ ફોર્મ કેવી રીતે ભરવાના છે તેની માહિતી પણ મતદારોને આપવામાં આવી છે. હવે મતદારો પાસેથી તે ફોર્મ પરત લેવાની શરૂઆત પણ કરી દેવામાં આવી છે. આ ફોર્મ ભરવામાં પણ કોઈ મતદારને કોઈ મુશ્કેલી સર્જાતી હોય તો તે ચાર દિવસ કે જે દિવસોમાં બીએલઓ બુથ પર બેસવાના છે તે દરમિયાન બીએલઓની મદદ લઈ શકશે. તો બીજી બાજુ જો કોઈ મતદારોને હજુ પણ ફોર્મ ન મળ્યા હોય તે પણ બીએલઓનો સંપર્ક કરી શકે તે માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

હાલ વલસાડ જિલ્લાના તમામ તાલુકાઓમાં તા. ૧૫, ૧૬ અને ૨૨, ૨૩ નવેમ્બરના રોજ બુથ પર સવારે ૯ થી ૧ હાજર રહેવાની સૂચના આપવામાં આવી છે. આ સૂચના બાદ અને મતદાન મથક પર મતદાર સુધારણા માટેના બીએલઓ હાજર રહેવાને કારણે મતદાર યાદી સઘન સુધારણા કાર્યક્રમને વધુ વેગ મળશે.

### જન્મના દાખલા સરળતાથી મળી રહે તે માટે કેમ્પ

સઘન મતદાર યાદી સુધારણા કાર્યક્રમમાં જન્મના દાખલા પણ એક મહત્વપૂર્ણ દસ્તાવેજ છે તે માટે નગરપાલિકા અને મહાનગરપાલિકા જેવા વિસ્તારોમાં જન્મના દાખલાની નકલ સરળતાથી મળી રહે તે માટે કેમ્પ યોજવામાં આવે તે માટે પણ સૂચના અપાઈ છે. ગ્રામ્ય વિસ્તારમાં જન્મના દાખલાની નકલ ગ્રામ પંચાયત કચેરી ખાતેથી મળશે. ઉક્ત વિગતો ECI દ્વારા આપવામાં આવતી સૂચનાની ફેરફારને આધીન રહેશે.

# વાપી જીઆઈડીસીના મુખ્ય માર્ગ પર બંને બાજુ પાર્કિંગથી ટ્રાફિકજામની ભયંકર સમસ્યાઃ તંત્ર સામે ઉઠતા સવાલો

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૧૩**

એશિયાની સૌથી મોટી ઔદ્યોગિક વસાહતોમાંની એક ગણાતી વાપી જીઆઈડીસીના મુખ્ય અને આંતરિક માર્ગો પર બંને બાજુ આડેધડ થતાં ભારે વાહનોના પાર્કિંગના કારણે ટ્રાફિક જામની ગંભીર સમસ્યાએ માથું ઉંચક્યું છે. ઉદ્યોગ જગતની ધમધમતી નસ સમાન આ માર્ગો પર સવાર-સાંજ સતત ટ્રાફિકના કારણે ઉદ્યોગકારો, કામદારો અને સામાન્ય નાગરિકો ત્રસ્ત થઈ ગયા છે.

પ્રાપ્ત વિગતો મુજબ, જીઆઈડીસીના આંતરિક માર્ગો પર ફેક્ટરીઓમાંથી નીકળતા કે માલસામાન લેવા આવેલા ટ્રકો અને કન્ટેનરો રસ્તાની બંને બાજુએ પાર્ક થઈ જાય છે, જેના કારણે ચાર માર્ગીય રસ્તો પણ માત્ર એક જ લેનનો બની જાય છે. રસ્તા પર વન-સાઈડ પાર્કિંગના જાહેરનામા હોવા છતાં તેનું સરેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે.આડેધડ પાર્કિંગને કારણે ટ્રાફિકની ગતિ અત્યંત ધીમી પડી જાય છે, જેનાથી સમયનો અને ઈંધણનો વ્યય થાય છે. એટલું જ નહીં, ક્યારેક ઈમરજન્સી સેવાઓ, જેમ કે એમ્બ્યુલન્સ, પણ આ ભીડમાં ફસાઈ જતાં ગંભીર પરિસ્થિતિ ઊભી થાય છે.

સ્થાનિક ઉદ્યોગકારો અને સંગઠનો દ્વારા વારંવાર રજૂઆતો કરવા છતાં જીઆઈડીસી તંત્ર અને પોલીસ વિભાગ દ્વારા આ સમસ્યાના કાયમી નિરાકરણ માટે કોઈ નક્કર પગલાં લેવાયા નથી. ટ્રાફિક પોલીસે માત્ર દંડ વસૂલવા પૂરતી કામગીરી કરી સંતોષ માન્યો હોય તેવો ઘાટ સર્જાયો છે.

સ્થિતિની ગંભીરતા જોતાં, વહીવટી તંત્ર દ્વારા તત્કાળ નો-પાર્કિંગ ઝોનમાં કડક અમલવારી કરવી, પેટ્રોલિંગ વધારવું અને નિયમોનું ઉલ્લંઘન કરનારા વાહનચાલકો સામે કાયદેસરના સખત પગલાં લેવા અનિવાર્ય છે, અન્યથા ઔદ્યોગિક વિકાસના આ કેન્દ્રમાં ટ્રાફિકની સમસ્યા વધુ વકરશે.

# વાપીમાં મતદાર યાદી સુધારણાની કામગીરી બીએલઓના સ્થાને ભાજપ કાર્યકરો કરતા હોવાની ફરિયાદ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૧૩**

વાપી વોર્ડ નંબર ૮માં આવેલ મુખ્ય બજારમાં બુથ નંબર ૨૧૮ બુથ પર અલ્પાબેન હરેશભાઈ મોદ કરીને જે બીએલઓ છે. તે ભાજપના નેતાઓને ફોર્મ વિતરણ કરી રહ્યા હતા અને ઘરે ઘરે નથી જઈ રહ્યા હતા અને ભાજપના નેતાઓ ઘરે ઘરે જઈને આ ફોર્મ વિતરણ કરી રહ્યા હતા અને પોતે જે બીએલઓ છે તે પોતાની કામગીરી અધુરી બતાવી રહ્યા હતા અને પોતાના શાળામાં ફરજ બજાવી રહ્યા હતા. તે બાબતે ઘરે ઘરે જઈને ભાજપના નેતાઓ પોતાની વાહવાઈ કરવા માટે કરી રહ્યા હતા.

તે બાબતે વાપી શહેર યુથ કોંગ્રેસ પ્રમુખ વરૂણાસિંહ ઠાકોરે વિરોધ નોંધાવતા મામલતદારશ્રીને આવેદનપત્ર આપ્યું અને આના ઉપર કડક પગલાં લેવાની માંગ કરી છે.

# દાનહના રાંધા ગામે ગેરકાયદેસર માટી ખનન કરનારા સામે કાર્યવાહી કરાઈ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સેલવાસ, તા.૧૩**

દાનહ પ્રશાસનને મળેલ બાતમીના આધારે સેલવાસ આરડીસી અને એમની ટીમ દ્વારા રાંધા ગામે ચાલી રહેલ ગેરકાયદેસર માટી ખનન પ્રવૃત્તિ સામે કાર્યવાહી કરવામા આવી હતી અને સ્થળ પરથી એક જેસીબી મશીન અને એક ડમ્પર જપ્ત કરી સીલી પોલીસ સ્ટેશન પર લઈ જવામા આવ્યા હતા.

ઉપસ્થિત અધિકારીઓના જણાવ્યા અનુસાર ગેરકાયદેસર રીતે માટી ખનનને અટકાવવાના ઉદ્દેશ્યથી કાર્યવાહી કરવામા આવી છે અને આવનાર સમયમાં પણ વગર પરમિશને આ પ્રકારની પ્રવૃત્તિમાં સામેલ વ્યક્તિઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામા આવશે.

**પારડી ન.પા. આરોગ્ય ચેરમેન કિરણભાઈ પટેલનો સપાટો**

# પારડી બજાર વિસ્તારમાંથી ઓછી માઈક્રોની ૧૨ કિલો પ્લાસ્ટિકની થેલી ઝડપીઃ ૨૩,૫૦૦નો દંડ ફટકાર્યો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) પારડી, તા.૧૩**





પારડી નગરપાલિકા દ્વારા સ્વચ્છ ભારત મિશનના ૧૧ વર્ષની ઉજવણીના ભાગરૂપે 'સ્વચ્છતા હી સેવા-૨૦૨૫'ને સ્વચ્છતા અભિયાન અંતર્ગત સરકારશ્રી દ્વારા શહેરી વિસ્તારમાં સ્વચ્છતા ઝુંબેશનું આયોજન તા.૧૨/૧૧/૨૦૨૫થી તા.૩૦/૧૧/૨૦૨૫ સુધી હાથ ધરવાનું થતું હોય, જે મુજબ તા.૧૩/૧૧/૨૦૨૫ના રોજ પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેંટ નિયમો હેઠળ, નગરમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક પ્રતિબંધ અંતર્ગત ૧૨૦ માઈક્રોનથી ઓછી જાડાઈવાળા પ્લાસ્ટિકનું વેચાણ કે વપરાશ કરતાં વેપારીઓ, દુકાનદારો, લારી-ગલ્લાવાળાઓ સામે દંડની કાર્યવાહી કરાવી વિસ્તાર બાલાખાડીથી ચાર રસ્તા બ્રિજ પાસે, મેઈન બજાર, ચીવલરોડ, પટેલ બેકરીથી મેઈન બજાર માર્કેટ શાકભાજી માર્કેટ સુધી.

નગરપાલિકાના પ્રમુખ શ્રી ચેતનભાઈ નાયકા, આરોગ્ય ચેરમેન શ્રી કિરણભાઈ પટેલ, કારોબારી અધ્યક્ષ શ્રી ચેતનભાઈ ભંડારી અને ચીફ ઓફિસર શ્રી બી.બી. ભાવસાર સૂચનો આપતા નગરપાલિકા સેનેટરી ઈન્સ્પેક્ટર શ્રી મેહુલભાઈ પરમાર, ભૂમિ પટેલ, વીજલ લાડ, શ્રી પંકજ ગરણીયા અને તેમની ટીમ દ્વારા ચેકિંગ હાથ ધરી દુકાનદારો પાસે દંડ વસૂલવામાં આવ્યો હતો. જેમાં કુલ ૧૨ કિલો પ્લાસ્ટિક જપ્ત કરી કુલ રૂા.૨૩૫૦૦/- નો દંડ વસૂલવામાં આવ્યો હતો. નગરપાલિકાની આ કામગીરીથી અન્ય દુકાનદોરોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો.

**વાપી સહિત વલસાડ જિલ્લામાં**

# સુપર ડુપર ગુજરાતી ફિલ્મ 'લાલો' થિયેટરોમાં ધૂમ મચાવી રહી છે, દર્શકો થિયેટરમાં ગરબા રમે છે





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૧૩**

ગયા સપ્તાહે રિલીઝ થયેલ લાલો ગુજરાતી ફિલ્મ વાપી-વલસાડ જિલ્લા સહિત ગુજરાતભરમાં ધૂમ મચાવી રહી છે. ફિલ્મ જોઈ દર્શકો હરખઘેલા થઈને થિયેટરમાં જ ગરબા રમે છે. એક ગુજરાતી ફિલ્મને દર્શકો દ્વારા આટલો મોટો આવકાર મળ્યો હોય તેવી પ્રથમ ઐતિહાસિક ઘટના છે.

આ ગુજરાતી ફિલ્મનું આખુ નામ છે લાલો શ્રી કૃષ્ણ સદા સહાયતે પરંતુ ગુજરાતીઓ માત્ર લાલો ફિલ્મ બોલી આવકારી રહ્યા છે. આ ફિલ્મના લેખક અને ડાયરેક્ટર છે. અંકિત સખીયા લાલોના પાત્રના કલાકાર છે. કરણ જોષી તથા શ્રી કૃષ્ણ પાત્રને પ્રેક્ષણીય બનાવનાર કલાકાર છે. શ્રીધરભાઈ, તુલસીનું પાત્રના કલાકાર છે. રીબા રાજ ખુબ ઓછા બજેટમાં આ ફિલ્મ બની છે પરંતુ સફળતા એવી મળી રહી છે કે બોલીવુડ-ટોલીવુડને પણ વિમાસણમાં નાખી દીધું. માત્ર ગણતરીના દિવસોમાં લાલો ફિલ્મ રૂા.૩૫ કરોડ ઉપરાંતનો બિઝનેસ કરી દીધો છે. દર્શકોએ આ ગુજરાતી મુવી માટે ચમત્કાર સર્જી દીધો છે. દર્શક ફિલ્મ જોતાજ ભક્તિ અને આસ્થામાં ડૂબી જાય છે. કૃષ્ણની મિત્રાતા ફિલ્મમાં હૃદયને સ્પર્શી જાય છે. લોકપ્રિયતાના શિખરો સર કરી રહેલી આ ગુજરાતી ફિલ્મ લાલો જોઈને દર્શકો થિયેટરમાં જ ઝુમે છે, ગરબા ગાય છે. વાપી-વલસાડના દર્શકોએ થિયેટરમાં ગરબા ગાઈને ફિલ્મને અનુપમ રીતે સત્કારી છે.

# વલસાડના તરણકુંડ પાસે વિષ્ણુ કોમ્પલેક્ષમાં અજાણ્યા શખ્સની લાશ મળતા ચકચાર મચી



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૧૩**

વલસાડ શહેરમાં આવેલ તરણકુંડ પાસે આવેલ વિષ્ણુ કોમ્પલેક્ષમાં આજે ગુરૂવારે સવારે એક અજાણ્યા શખ્સની લાશ મળતા સ્થાનિક વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી.

વલસાડના તરણકુંડ પાસે હાલમાં વિષ્ણુ કોમ્પલેક્ષ નામનું નવું બિલ્ડીંગ નિર્માણાધિન છે. આ બિલ્ડીંગમાં એક મૃત હાલતમાં યુવાનની સંદિગ્ધ લાશ મળી આવી હતી. સવારે મજુરો કામ પર આવેલા ત્યારે લાશ જોઈ હતી. કોઈએ પોલીસને જાણ કરી હતી. પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. તપાસ હાથ ધરી છે. લાશ કોની છે, કેમ મૃત્યું થયું તેની તપાસ શરૂ કરી હતી. તપાસ બાદ સાચી વિગતો બહાર આવશે કે આ કોઈ કુદરતી મૃત્યુ છે કે અપમૃત્યું છે.

# ચીખલીના ફડવેલ ગામે રોડની સાઈડે સુતેલા શખ્સ ઉપર પિકઅપ ટેમ્પો ફરી વળતા સારવાર પૂર્વે નિપજેલું મોત

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) ચીખલી,(વંકાલ), તા.૧૩**

ચીખલીના ફડવેલ ગામે રોડની સાઈડે સુતેલા શખ્સ ઉપર પિકઅપ ટેમ્પો ફરી વળતા સારવાર પૂર્વે જ મોત નિપજ્યું હતું.

ચીખલી તાલુકાના ફડવેલ બેઢીયા ફળીયા ખાતે રહેતા રાજેશ નગીનભાઈ પટેલ (ઉ.વ.૪૯) જે બુધવારની રાત્રિના સમયે ફડવેલ બેઢીયા ફળીયા નહેર પાસે રોડની સાઈડે સુતા હતા. દરમિયાન બોલેરો પિકઅપ નં-જીજે-૨૧-ડબ્લ્યુ-૧૧૯૦નો ચાલક કલ્પેશ ગોપાળભાઈ આહીર (રહે.ગોડથલ ઝાડી ફળીયા તા.ચીખલી) પોતાના કબજાની પિકઅપ પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી રોડની સાઈડે સુતેલા રાજેશ પટેલ ઉપર ચઢાવી દેતા જેને શરીરે ગંભીર ઈજા પહોંચતા ૧૦૮ની મદદથી સારવાર અર્થે ચીખલીની રેફરલ હોસ્પિટલમાં ખસેડાતા જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો.

જોકે, અકસ્માત બાદ પિકઅપ ચાલક કલ્પેશ આહીર સ્થળ ઉપરથી વાહન લઈ ફરાર થઈ ગયો હતો. ઉપરોક્ત અંગેની ફરિયાદ મરનારના ભાઈ અશોકભાઈ નગીનભાઈ પટેલ (ઉ.વ.૫૧) (રહે. ફડવેલ બેઢીયા ફળીયા તા.ચીખલી)એ કરતા પોલીસે પિકઅપ ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ શ્રી બી.સી.ગઢવી કરી રહ્યા છે.

# ચીખલી તાલુકાના સાદકપોર ગોલવાડમાં ૨૦૧૬માં લેવાયેલ આઈસ કેન્ડીનો નમૂનો ફેઈલ થવાના ગુનામાં આઈસ કેન્ડીના માલિકને ત્રણ માસની કેદ અને રૂા. ૫૦ હજારનો દંડ ફટકારાયો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) ચીખલી,(વંકાલ), તા.૧૩**

ચીખલીના સાદકપોર ગોલવાડમાં ફૂડ સેફટી અધિકારી દ્વારા ૨૦૧૬માં લેવાયેલ આઈસ કેન્ડીનો નમૂનો ફેલ થવાના ગુનામાં ન્યાયધીશ દ્વારા આઈસ કેન્ડીના માલિકને ત્રણ માસની કેદની સજા અને પચાસ હજારનો દંડ ફટકારવાનો હુકમ કરવામાં આવ્યા છે.

મે ૨૦૧૬માં ખોરાક અને ઓસધ નિયમન તંત્ર નવસારીના સ્ટાફ દ્વારા સાદકપોરના ગોલવાડમાં આઈસ કેન્ડીનું ઉત્પાદન કરી સંગ્રહ કરી વેચાણ કરનાર ન્યૂ મહારાજા આઈસ કેન્ડી નામની પેઢીમાં તપાસ કરતા આશરે ૭૫૦ નંગ જેટલી કેન્ડીનો જથ્થો હતો. જેમાંથી જરૂરી નમૂનો લઈ રાજકોટ સ્થિત ફૂડ એનાલિસીસને પૃથક્કરણ માટે મોકલાવતા તેમાં આર્ટિફિશ્યલ સ્વીટ નરની હાજરી અને સિન્થેટિક કલરની માત્રા વધુ જણાઈ આવતા સ્વીટસ એન્ડ કન્ફેશનરીના ધોરણો મુજબ ન હોય ફૂડ સેફટી અધિકારી એ.જી.પટેલની ફરિયાદમાં પોલીસે ન્યૂ મહારાજા આઈસ કેન્ડીના માલિક વિરેન્દ્રકુમાર સિધ્ધરામ ગૌતમ (રહે.સાદકપોર,ગોલવાડ કાવેરી પૂલ પાસે, તા. ચીખલી) સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

ઉપરોક્ત ગુના અંગેનો કેસ ચીખલીની અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં ચાલી આવતા ફરિયાદ પક્ષમાં સરકારી વકીલ શ્રી શિરીષભાઈ પટેલે ધારદાર દલીલ કરી હતી. જેમાં ન્યાયધીશ શ્રી સુનિલકુમાર દવે દ્વારા ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટની જોગવાઈના ગુનામાં ન્યૂ મહારાજા આઈસ કેન્ડીના માલિક વિરેન્દ્રકુમાર સિધ્ધરામ ગૌતમને ત્રણ માસની સાદી કેદની સજા અને પચાસ હજાર રૂપિયાનો દંડ ફટકારવાનો હુકમ કરવામાં આવ્યો હતો.